सत्यमेव जयते
ગુજરાત સરકાર



# સરકારની કલ્યાણકારી યોજનાઓ

## લોકકલ્યાણના પંથે...

**માર્ગદર્શક પુસ્તિકા**

નોંધ : આ પુસ્તિકા ફક્ત જાણકારી માટે છે. કોઇ સહાય અન્વયે આ પુસ્તકને સંદર્ભ તરીકે લઇ શકાશે નહીં. સહાય જે તે સમયના સરકારી ઠરાવો/પરિપત્રો તેમજ નિયમોને આધિન રહેશે.

પ્રકાશક
**જિલ્લા વહીવટી તંત્ર, રાજકોટ**



# સરકારની કલ્યાણકારી યોજનાઓ

## લોકકલ્યાણના પંથે...

**સંપાદન સહયોગ**

**સુશ્રી રેમ્યા મોહન** IAS
કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, રાજકોટ

**શ્રી પી. બી. પંડ્યા**
નિવાસી અધિક કલેક્ટર, રાજકોટ

**શ્રી એચ. સી. તન્ના**
મામલતદાર, રાજકોટ


**શ્રી કે. જી. સખીયા**
નાયબ મામલતદાર, રાજકોટ

**શ્રી એચ. વી. જાડેજા**
કલાર્ક, રાજકોટ

પારદર્શક સરકાર... સંવેદનશીલ સરકાર...
નિર્ણાયક સરકાર... પ્રગતિશીલ સરકાર...



સત્યમેવ જયતે



## વિજય રૂપાણી

મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

# શુભેચ્છા સંદેશ

ધન્ય ભૂમિ ગુજરાત, ધન્ય હે ગિરા ગુજરાતી;
કૃષ્ણ ચરણજ પુનિત ધરા, આ ગાંધીગિરા ગુજરાતી!

આજે 'ગુજરાત' અને 'વિકાસ' એ બે શબ્દો એકમેકના પર્યાયરૂપી બનીને દેશ-વિદેશમાં સૌનાં આદર-સત્કારપાત્ર બન્યાં છે. કૃષ્ણથી ગાંધીની અને ત્યાર પછી ભારત દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પુનિત ધરા એવી આપણા ગુજરાતની ધરતીની ગરિમા વધારવા ગુજરાત રાજ્ય સરકારે અનવરત રીતે ઈપ્સિત પરિણામો સંપ્રાપ્ત કર્યા છે. આત્મનિર્ભર થવાનો તથા જીવધોરણ સુધારવાનો હક્ક પ્રત્યેક નાગરિકને છે. તેમાં સહાયરૂપ થવા માટે ગુજરાત રાજ્ય સરકારશ્રી તરફથી અત્યંત ખંતપૂર્વક ઘડાયેલી એકસોથી પણ વધુ કલ્યાણકારી યોજનાઓથી સર્વે જરૂરમંદ પરિવારજનો માહિતગાર થાય અને તેનો શીઘ્રતયા અધિકતમ લાભ સર્વે લઇ શકે, એ હેતુથી રાજકોટ જિલ્લા વહિવટીતંત્ર દ્વારા પ્રકાશિત આ સુંદરતમ્ પ્રકાશનનો પ્રચાર અને પ્રસાર ગુજરાતના લોકપ્રતિનિધિઓ પણ સમાજમાં અવશ્ય કરે તેવી અપેક્ષા રાખુ છું.

રાજકોટ જિલ્લા વહીવટીતંત્રના સરાહનીય શ્રમને વધાવું છું અને આ દરેક કલ્યાણકારી યોજનાઓના અમલ દ્વારા આપણું સમૃદ્ધ ગુજરાત સદાયે અનોખી ભાત પાડતું રહેશે.

આપનો,

(વિજય રૂપાણી)

सत्यमेव जयते



# અભિવાદન

સંત, શૂરા અને સાવજની ભૂમિ છે આ ગુજરાત;
મૈત્રીનું જૂઓ જ્યાં મોરપિચ્છ, ત્યાં ગુર્જરીની મહોલાત!

૨૧મી સદીના વીસમા વર્ષે વિકાસશીલ ગુજરાતના વરદાનરૂપ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની વરિષ્ઠ રાહબરી હેઠળ આપણું ગુજરાત રાજ્ય જ્યારે સ્વથી સર્વનું અનુસંધાન જાળવવા પ્રત્યેક નાગરિક માટે કલ્યાણનાં કલ્પતરુ રૂપે પ્રસ્થાપિત થઇ રહ્યું છે, રાજ્ય સરકારશ્રીની અનેકાનેક કલ્યાણકારી યોજનાઓએ વિશ્વફલક ઉપર પણ સૌનું ધ્યાન આકર્ષિત કર્યું છે, જેનું સૌને ગૌરવ છે.

સૌરાષ્ટ્રના પૅરીસ સમા રળિયામણાં રાજકોટ નગર તથા સમસ્ત જિલ્લામાં શિક્ષણ, આરોગ્ય, મહિલા તથા બાળવિકાસ, સામાજિક સુરક્ષા, બાળ સુરક્ષા, આવાસ, અન્નવિતરણ, રોજગારી, ખેતીવાડી, ગ્રામીણ કૌશલ્યવૃદ્ધિ, દિવ્યાંગ સાધનસહાય, વિધવા પેન્શન ઇત્યાદિને લગતા વિવિધ ક્ષેત્રે અન્વયે નગરજનોનાં ગૃહાંગણે જઇ રાજકોટ જિલ્લાનાં વહીવટી તંત્રે ઉપરોક્ત ઉપરાંત અન્ય અનેક કલ્યાણકારી યોજનાઓની વિશદ્ જાણકારી આપી તેનો મહત્તમ લાભ ત્વરિત મળી શકે તે અર્થે નિશ-દિન અવિરતપણે કાર્ય કરી પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

રાજ્ય સરકારના અગણ્ય જનહિતલક્ષી નિર્ણયો તથા પારદર્શક-સંવેદનાત્મક વલણની નોંધ પ્રત્યેક નગરજનો દ્વારા લેવાય, તે માટે માનવીય અભિગમ દર્શાવતાં રાજકોટ જિલ્લા વહીવટીતંત્રના દરેક કર્મયોગીઓની કટીબદ્ધતા પણ સૌ દ્વારા સરાહના પામી રહી છે, તે આનંદની વાત છે.

ડૉ. વિમલ કે. જોષી, પ્રાન્ત અધિકારીશ્રી, અંજાર, તરફથી પૂર્વ પ્રકાશિત માર્ગદર્શક પુસ્તિકામાંથી આ પ્રકાશન માટે પણ પ્રેરણા મળેલ છે, તેનો અહીં ઉલ્લેખ કરવો હું અસ્થાને નહીં લેખું. સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ દરેક જરૂરીયાતમંદ પરિવારોના મંગલમય જીવન માટે એક ખરા કલ્યાણમિત્રરૂપ બની રહે અને તેનો મહત્તમ લાભ લેવાય તેવા મંગલ મનોરથો સહ,

**રેમ્યા મોહન** I.A.S
કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, રાજકોટ

# અનુક્રમણિકા


| ક્રમ | સેવાનો પ્રકાર | પા.નં. |
|---|---|---|
| | **શિક્ષણ અંગેની યોજનાઓ** | |
| ૧. | મધ્યાહ્ન ભોજન યોજના | ૦૪ |
| ૨ | શાળા યુનિફોર્મની યોજના | ૦૫ |
| ૩ | આદિમ જૂથનાં (પ્રિમિટિવ ટ્રાયબલ ગ્રુપ - પીટીજી) ધો. ૧ થી ૧૦ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે શિષ્યવૃતિ | ૦૫ |
| ૪ | સરસ્વતી સાધના યોજના (વિદ્યાર્થીનીઓ માટે સાયકલ) | ૦૬ |
| ૫ | વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના | ૦૭ |
| ૬ | વિદ્યાદિપ વિમા યોજના | ૦૭ |
| ૭ | ટ્રાન્સપોર્ટેશન યોજના | ૦૮ |
| ૮ | કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય | ૦૯ |
| ૯ | નબળા અને વંચિત જુથના બાળકો માટે ખાનગી શાળામાં ૨૫% વિનામૂલ્યે ધો. ૧ માં પ્રવેશ | ૧૦ |
| ૧૦ | પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ યોજના | ૧૧ |
| ૧૧ | પોસ્ટ એસ.એસ.સી.શિષ્યવૃતિ (S.S.C.) | ૧૨ |
| ૧૨ | ભોજન બીલ સહાય | ૧૩ |
| ૧૩ | મહારાજ સયાજીરાવ ગાયકવાડ ફેલોશીપ યોજના | ૧૩ |
| ૧૪ | સાધન સહાય યોજના | ૧૩ |
| ૧૫ | આઇ.ટી.આઇ. શિષ્યવૃતિ | ૧૪ |
| ૧૬ | સુબેદાર રામજી આંબેડકર ગ્રા.ઇ.એ. છાત્રાલયો | ૧૪ |
| ૧૭ | શ્રી જુગતરામ દવે આશ્રમશાળા | ૧૪ |
| ૧૮ | ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ લોન સહાય | ૧૫ |
| ૧૯ | કોમર્શીયલ પાયલોટ તાલીમ લોન સહાય | ૧૫ |
| ૨૦ | સરકારી છાત્રાલયો | ૧૬ |
| ૨૧ | મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળાઓ | ૧૬ |
| ૨૨ | સ્વામી વિવેકાનંદ સમરસ છાત્રાલય | ૧૬ |
| | **જાહેર આરોગ્ય અંગેની યોજનાઓ** | |
| ૨૩ | રાષ્ટ્રીય પરિવાર નીયોજન યોજના | ૧૭ |
| ૨૪ | દિકરી યોજના | ૧૮ |
| ૨૫ | સ્વચ્છ ભારત મિશન ગ્રામિણ | ૧૯ |
| ૨૬ | ‘મા’ અને ‘મા વાત્સલ્ય’, આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના | ૨૧ |
| | **મહિલા અને બાળ વિકાસની યોજનાઓ** | |
| ૨૭ | પ્રધાનમંત્રી સુરક્ષીત માતૃત્વ અભિયાન | ૨૨ |

# અનુક્રમણિકા



| | | |
|---|---|---|
| ૨૮ | શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાલ સ્વાસ્થય કાર્યક્રમ | ૨૩ |
| ૨૯ | અટલ સ્નેહ યોજના | ૨૪ |
| ૩૦ | કુપોષણ મુક્ત ગુજરાત અભિયાન | ૨૫ |
| ૩૧ | સઘન મિશન ઇન્દ્રધનુષ | ૨૬ |
| ૩૨ | બાળ સંજીવની કેન્દ્ર | ૨૭ |
| ૩૩ | બાલસખા યોજના | ૨૮ |
| ૩૪ | ચિરંજીવી યોજના | ૨૯ |
| ૩૫ | જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ | ૩૦ |
| ૩૬ | બાલસખા યોજના-૩ | ૩૧ |
| ૩૭ | કસ્તુરબા પોષણ સહાય યોજના | ૩૨ |
| ૩૮ | જનની સુરક્ષા યોજના | ૩૩ |
| ૩૯ | વ્હાલી દીકરી યોજના | ૩૩ |
| ૪૦ | મહિલા શક્તિ કેન્દ્ર | ૩૫ |
| ૪૧ | બેટી બચાવો બેટી પઢાઓ | ૩૫ |
| ૪૨ | સુકન્યા સમૃધ્ધી યોજના | ૩૬ |
| ૪૩ | પાલક માતા-પિતા યોજના | ૩૭ |
| ૪૪ | સ્પોન્સરશિપ યોજના | ૩૯ |
| | **સંકલિત બાળ વિકાસને લગતી યોજના (આઇ.સી.ડી.એસ.)** | |
| ૪૫ | આંગણવાડી કેન્દ્ર | ૪૦ |
| ૪૬ | પ્રધાનમંત્રી માતૃત્વ વંદના યોજના (PMMVY) | ૪૩ |
| ૪૭ | SAG (Scheme for Adolescent Girls) | ૪૩ |
| ૪૮ | PURNA (Prevention of Under-Nutrition and Reduction of Nutrional Anemia among Adolescents) યોજના | ૪૪ |
| ૪૯ | નેશનલ ન્યુટ્રીશન મિશન (રાષ્ટ્રીય પોષણ અભિયાન) કાર્યક્રમ | ૪૫ |
| | **સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓ** | |
| ૫૦ | અટલ પેન્શન યોજના | ૪૬ |
| ૫૧ | પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના (જિંદગીનો વિમો) | ૪૭ |
| ૫૨ | પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના (અકસ્માત વિમો) | ૪૮ |
| ૫૩ | સફાઇ કામદારો અને તેમના આશ્રિતો માટેની વિવિધ યોજનાઓ | ૪૯ |
| ૫૪ | વિધવા સહાય યોજના | ૫૧ |
| ૫૫ | ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન (વય વંદના) યોજના | ૫૩ |
| ૫૬ | સંકટ મોચન યોજના | ૫૪ |
| ૫૭ | નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના | ૫૫ |

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૫૮ | કુંવરબાઈનું મામેરૂ યોજના | ૫૬ |
| ૫૯ | સાત ફેરા સમુહ લગ્ન યોજના | ૫૭ |
| ૬૦ | ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય | ૫૮ |
| ૬૧ | સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય | ૫૮ |
| ૬૨ | વ્યંઢળ/કિન્નર/તૃતિય જાતિના લોકો માટેની રાષ્ટ્રીય પેન્શન યોજના | ૫૯ |
| ૬૩ | વ્યંઢળ/કિન્નર/તૃતિય જાતિના વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃતિની રાષ્ટ્રીય યોજના (પ્રિમેટ્રિક-પોસ્ટમેટ્રિક) | ૫૯ |
| ૬૪ | વ્યંઢળ/કિન્નર/તૃતિય જાતિના બાળકોના માતા-પિતા માટેની રાષ્ટ્રીય પેન્શન યોજના | ૬૦ |
| ૬૫ | કેદી સહાય | ૬૦ |
| | **મહિલા સુરક્ષા અંગેની યોજનાઓ** | |
| ૬૬ | નારી સંરક્ષણ ગૃહો/કેન્દ્રો | ૬૧ |
| ૬૭ | વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર | ૬૩ |
| ૬૮ | 'સખી' વન સ્ટોપ સેન્ટર | ૬૪ |
| ૬૯ | ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈન | ૬૫ |
| ૭૦ | પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર (PBSC) | ૬૭ |
| | **આવાસ અંગેની યોજનાઓ** | |
| ૭૧ | ડૉ. આંબેડકર આવાસ યોજના | ૬૮ |
| ૭૨ | પ્રધાનમંત્રી આવાસ યોજના | ૬૯ |
| | **જાહેર વિતરણ અંગેની યોજનાઓ** | |
| ૭૩ | માં અન્નપૂર્ણા યોજના (રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩) | ૭૦ |
| ૭૪ | અન્નપૂર્ણા યોજના (રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩) | ૭૧ |
| ૭૫ | અન્નમબ્રહ્મ યોજના | ૭૨ |
| | **ઉદ્યોગ, રોજગાર અને કૌશલ્ય અંગેની યોજનાઓ** | |
| ૭૬ | પ્રધાનમંત્રી મુદ્રા યોજના | ૭૩ |
| ૭૭ | દત્તોપંત ઠંગડી કારીગર વ્યાજ સહાય યોજના | ૭૪ |
| ૭૮ | શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના | ૭૬ |
| ૭૯ | માનવ ગરીમા યોજના | ૭૮ |
| ૮૦ | માનવ કલ્યાણ યોજના | ૭૯ |
| ૮૧ | રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન) | ૮૧ |
| ૮૨ | મુખ્યમંત્રી ગ્રામોદ્ય યોજના | ૮૩ |
| ૮૩ | આરસેટી (રૂરલ સેલ્ફ એમ્પલોયમેન્ટ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યૂટ) | ૮૪ |
| ૮૪ | ડૉ. પી. જી. સોલંકી ડૉક્ટર અને વકીલ લોન/સહાય તથા સ્ટાઈપેન્ડ યોજના | ૮૫ |

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૮૫ | દીનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (ડીડીયુ-જીકેવાય) | ૮૬ |
| | **કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ** | |
| ૮૬ | ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મુત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજના | ૮૮ |
| ૮૭ | કિસાન ક્રેડીટ કાર્ડ | ૮૯ |
| ૮૮ | પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના | ૯૦ |
| ૮૯ | ખેતીવાડીના વિવિધ ઘટકની સહાય યોજના | ૯૧ |
| ૯૦.૧ | ઈલેકટ્રીક મોટર | ૯૧ |
| ૯૦.૨ | ઓઈલ એન્જીન | ૯૨ |
| ૯૦.૩ | સબમસિબલ પમ્પસેટ | ૯૨ |
| ૯૦.૪ | ખૂલ્લી પાઈપલાઈન | ૯૩ |
| ૯૦.૫ | અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઈન | ૯૩ |
| ૯૦.૬ | પાવર સંચાલિત સ્પ્રેયર | ૯૪ |
| ૯૦.૭ | ટ્રેકટર | ૯૪ |
| ૯૦.૮ | પાવર ટીલર | ૯૪ |
| ૯૦.૯ | પાવર થ્રેશર | ૯૫ |
| ૯૦.૧૦ | ઓટોમેટિક સીડ કમ ફર્ટીલાઈઝર ડ્રીલ | ૯૫ |
| ૯૦.૧૧ | રોટાવેટર | ૯૬ |
| ૯૦.૧૨ | તાડતત્રી | ૯૭ |
| ૯૦.૧૩ | કલ્ટીવેટર/પ્લાઉ/હેરો | ૯૭ |
| ૯૦.૧૪ | સ્ટોરેજ યુનિટ | ૯૭ |
| ૯૦.૧૫ | ઘાસચારા વિકાસ કાર્યક્રમ (પ્લાન) | ૯૭ |
| ૯૧ | વિદ્યુત સંચાલિત ચાફકટર | ૯૮ |
| ૯૨ | મિલ્કીંગ મશીન માટે સહાય | ૯૯ |
| ૯૩ | બલ્ક મિલ્ક કુલર માટે સહાય | ૧૦૦ |
| ૯૪ | ઓટોમેટિક મીલ્ક કલેક્શન માટે સહાય | ૧૦૧ |
| ૯૫ | દૂધઘર બાંધકામ માટે સહાય | ૧૦૨ |
| ૯૬ | બકરા એકમ(૧૦+૧)ની સ્થાપના માટે સહાય | ૧૦૩ |
| ૯૭ | વાછરડી ઉછેર પર સહાય | ૧૦૪ |
| ૯૮ | ૧ થી ૨૦ દેશી દૂધાળા પશુ (ગાય/ભેંસ)ના એકમની સ્થાપના માટે વ્યાજ સહાય | ૧૦૫ |
| ૯૯ | સ્વરોજગારી હેતુ ૧૨ દૂધાળા પશુના ફાર્મની સ્થાપના માટે સહાયની યોજના | ૧૦૬ |
| ૧૦૦ | કેટલ શેડ બાંધકામ, ગમાણ, પાણીની ટાંકી તથા ડોલ માટે સહાય | ૧૦૭ |

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | (બે પશુ માટે) (અનુસૂચિત જાતિ માટે) | |
| ૧૦૧ | મીની કીટ્સ | ૧૦૮ |
| ૧૦૨ | દૂધ ઉત્પાદન હરિફાઇ યોજના | ૧૦૮ |
| ૧૦૩ | પશુ પાલકોના ગાભણ પશુઓને ખાણદાણ સહાય | ૧૦૯ |
| ૧૦૪ | રાજ્યમાં શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ યોજના | ૧૧૦ |
| ૧૦૫ | ૧૦૦ બ્રોઈલર પક્ષી ફાર્મની સ્થાપના માટે સહાય | ૧૧૧ |
| ૧૦૬ | ૨૫ આર.આઇ.આર (RIR) પક્ષી એકમ સહાય | ૧૧૨ |
| ૧૦૭ | મરઘા પાલન તાલીમ સ્ટાઈપેન્ડ | ૧૧૩ |
| | **દિવ્યાંગ વ્યક્તિઓ માટેની યોજનાઓ** | |
| ૧૦૮ | દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી. બસમાં મફત મુસાફરી કરવાની યોજના | ૧૧૪ |
| ૧૦૯ | દિવ્યાંગ વ્યક્તિઓને સાધન સહાયની યોજના | ૧૧૫ |
| ૧૧૦ | દિવ્યાંગ વ્યક્તિઓને શિષ્યવૃતિ યોજના | ૧૧૬ |
| ૧૧૧ | ઈન્દિરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પેન્શન સ્કીમ અને સંત સુરદાસ યોજના | ૧૧૭ |
| ૧૧૨ | દિવ્યાંગ લગ્ન સહાય યોજના | ૧૧૮ |
| ૧૧૩ | SERO-POSITIVE ILLNESS માતા-પિતા/બાળકોને શિષ્યવૃતિ આપવાની યોજના | ૧૧૯ |
| ૧૧૪ | દિવ્યાંગોને ઈલેક્ટ્રીક સ્કૂટર સહાય યોજના | ૧૨૦ |
| ૧૧૫ | દિવ્યાંગ વ્યક્તિઓને સાધન સહાય આપવાની કેન્દ્ર સરકારની યોજના (એડીપ યોજના) | ૧૨૧ |
| ૧૧૬ | દિવ્યાંગ અકસ્માત વિમા યોજના | ૧૨૨ |
| ૧૧૭ | દિવ્યાંગ નિરામયા વિમા યોજના (દિવ્યાંગ વ્યક્તિઓ માટે વિમા સહાય) | ૧૨૪ |
| ૧૧૮ | રાષ્ટ્રીય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમની યોજનાઓ | ૧૨૫ |

# શિક્ષણ અંગેની યોજનાઓ

## ૧. મધ્યાહન ભોજન યોજના

### લાભ કોને મળે

- શાળામાં ધોરણ ૧ થી ૮ ભણતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને.

### કેટલો લાભ મળે

- શૈક્ષણિક વર્ષ દરમ્યાન કુલ ૨૨૦ દિવસ માટે પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને મધ્યાહન ભોજનમાં વાર પ્રમાણે નીચે મુજબ જુદી-જુદી વાનગીઓ આપવામાં આવે છે.

| ક્રમ | વાર | પ્રથમ ભોજન | નાસ્તો |
|---|---|---|---|
| ૧. | સોમવાર | વેજીટેબલ ખીચડી | સુખડી |
| ૨. | મંગળવાર | થેપલા, સૂકીભાજી | ચણા-ચાટ |
| ૩. | બુધવાર | વેજીટેબલ પુલાવ | મિક્ષદાળ/કઠોળ/ઉસળ |
| ૪. | ગુરુવાર | દાળ-ઢોકળી | ચણા-ચાટ |
| ૫. | શુક્રવાર | દાળ-ભાત | મુઠીયા |
| ૬. | શનિવાર | વેજીટેબલ પુલાવ | ચણા-ચાટ |

રાજ્ય સરકારશ્રી દ્વારા જિલ્લાના જે તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કરવામાં આવે તેવા તાલુકાઓમાં ઉનાળુ વેકેશન દરમ્યાન મધ્યાહન ભોજન તેમજ દૂધ સંજીવની યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને અઠવાડિયામાં પાંચ દિવસ (સોમવારથી શુક્રવાર) ૨૦૦ML ફ્લેવર્ડ દૂધ આપવામાં આવે છે.

### લાભ ક્યાથી મળે

- દરેક પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને લાભ મળે છે.

### ક્યા ક્યા પુરાવા જોઈએ

- વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હોવા જોઈએ.



# શિક્ષણ અંગેની યોજનાઓ

## શાળા યુનિફોર્મની યોજના

### લાભ કોને મળે

- અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાં, સરકારી શાળામાં ભણતાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે.
- આ યોજના અંતર્ગત આવક મર્યાદા રૂા. ૧,૨૦,૦૦૦/- છે.

### કેટલો લાભ મળે

- ગણવેશની બે જોડીના રૂા. ૬૦૦/- સીધા બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

### લાભ ક્યાથી મળે

- સંબંધકર્તા પ્રાથમિક શાળામાંથી, સમાજ કલ્યાણ કચેરી



### ક્યા ક્યા પુરાવા જોઈએ

- જાતિનો દાખલો
- શાળામાં ભણતાં હોય તેનો પુરાવો
- આવકનો દાખલો

## આદિમ જૂથનાં (પ્રિમિટિવ ટ્રાયબલ ગૃપ-પીટીજી) ધોરણ ૧ થી ૧૦ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે શિષ્યવૃતિ

### લાભ કોને મળે

- ધો. ૧ થી ૧૦માં, આદિમ જૂથમાં આવતાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને

### કેટલો લાભ મળે

| ક્રમ | ધોરણ | મળવાપાત્ર શિષ્યવૃત્તિની રકમ |
|---|---|---|
| ૧ | ધો.૧ થી ૮ | રૂા. ૧૩૫૦/- |
| ૨ | ધો.૯ થી ૧૦ | રૂા. ૨૨૫૦/- |

### લાભ ક્યાંથી મળે

- સંબંધિત શાળામાંથી
- મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, રાજકોટ

### ક્યા ક્યા પુરાવા જોઈએ

- જન્મનો દાખલો, જાતિનો દાખલો, આવકનો દાખલો (ધો. ૯-૧૦ માટે આવક મર્યાદા રૂા. ૨ લાખ છે.)

નોંધ : આ યોજના અંતર્ગત ડીજીટલ ગુજરાત પોર્ટલમાં શાળાએ વિદ્યાર્થીની ડેટા એન્ટ્રી કરી અરજી કરવાની રહે છે.

# શિક્ષણ અંગેની યોજનાઓ

## સરસ્વતી સાધના સાયકલ યોજના

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિની ધો.૯માં અભ્યાસ કરતી કન્યાઓને કન્યા કેળવણીને ઉત્તેજન આપવાના હેતુથી કન્યાઓને અંતરની મર્યાદા વગર શાળાએ આવ-જા કરતી કન્યાને સાયકલ સહાય આપવામાં આવે છે.
- - આ યોજના અંતર્ગત શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા રૂા.૧,૫૦,૦૦૦/- તથા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૧,૨૦,૦૦૦/- છે.

### લાભ ક્યાંથી મળે

- નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, રાજકોટ (શહેરી વિસ્તાર માટે).
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત (ગ્રામ્ય વિસ્તાર માટે).
- સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી (સંબંધિત તાલુકામાં) સહાય માટે અરજી કરી શકે છે.

### કેટલો લાભ મળે

- આ યોજનામાં ભેટ સ્વરૂપે સાયકલ સહાય આપવામાં આવે છે.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

- આવકનો દાખલો.
- જાતિનો દાખલો.

**નોંધ :**
આ યોજના અંતર્ગત
ડીજીટલ ગુજરાત પોર્ટલમાં
શાળાએ વિદ્યાર્થીનીઓની
ડેટા એન્ટ્રી કરી અરજી કરવાની રહે છે.



# શિક્ષણ અંગેની યોજનાઓ

## વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના

### લાભ કોને મળે

- બી.પી.એલ. કાર્ડ ધરાવતા કુટુંબની કન્યાને, ૦ થી ૫૦% સુધીનો સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા ગામની પહેલા ધોરણમાં દાખલ થતી સરકારી પ્રાથમિક શાળાની કન્યાને મળવાપાત્ર છે.

### કેટલો લાભ મળે

- ઉપર મુજબ જણાવ્યાનુસાર વર્ગમાં સમાવિષ્ટ થતી તમામ કન્યાઓને રૂા.૨૦૦૦/-નો બોન્ડ મળવાપાત્ર થાય છે. જે બોન્ડની રકમ ધોરણ-૮ સળંગ પાસ કર્યા બાદ વ્યાજ સાથે પરત આપવામાં આવે છે.

### લાભ ક્યાથી મળે

- જે તે શાળા માંથી

## વિદ્યાદીપ વિમા યોજના

### લાભ કોને મળે

- ધોરણ-૧ થી ૮ માં અભ્યાસ કરતા આકસ્મિક અવસાન પામનાર કોઈપણ વિદ્યાર્થીને લાભ મળવાપાત્ર

### કટેલો લાભ મળે

- વાહન અકસ્માત, સાપ-વિંછી કરડવાથી, વીજ શોક લાગવાથી કે ડૂબી જવાથી થતા મૃત્યુના કિસ્સામાં રૂા.૫૦,૦૦૦/- ની સહાય ચૂકવવામાં આવે છે.

### લાભ ક્યાથી મળેલ

- સબંધિત સ્કૂલમાંથી

### ક્યા ક્યા પુરાવા જોઈએ

- પોસ્ટમોર્ટમ રીપોર્ટ
- એફ.આઈ.આર. (F.I.R.)ની નકલ
- પંચનામું
- મરણનું પ્રમાણપત્ર
- પેઢીનામું
- ઈમ્ડેન્ડીટી બોન્ડ નમુનો રૂા.૧૦૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર

# શિક્ષણ અંગેની યોજનાઓ

## ટ્રાન્સપોર્ટેશન યોજના

### લાભ કોને મળે

- ધોરણ-૧ થી ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ૧ કિ.મી. કરતા વધુ અંતરે ચાલીને જવું પડતું હોય.
- ધોરણ-૬ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ ૩ કિ.મી. કરતા વધુ અંતરે ચાલીને જવું પડતું હોય.

### કેટલો લાભ મળે

- ધોરણ-૧ થી ૫ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી માટે રૂા.૪૦૦/-
- ધોરણ-૬ થી ૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થી માટે રૂા.૪૦૦/-
- ઉક્ત સહાય બાળકને લઈ જનાર રિક્ષા માલિકને આપવામાં આવે છે.

### લાભ ક્યાથી મળે

- સબંધિત સ્કૂલમાંથી



# શિક્ષણ અંગેની યોજનાઓ

## કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV)

### લાભ કોને મળે

- અનાથ અથવા સિંગલ પેરેન્ટસ વિદ્યાર્થીની પછાત વર્ગની કન્યા કે જે ક્યારેય શાળાએ ગયેલ ન હોય તેવી કન્યાને આ લાભ મળે છે.

### કેટલો લાભ મળે

- વિદ્યાર્થીઓને મફત રહેવા - જમવા સાથેની સુવિધા આપવામાં આવે છે.

### લાભ ક્યાંથી મળે

- રાજકોટ જિલ્લામાં જસદણ તાલુકામાં ૨(બે) તથા વિંછીયા તાલુકામાં ૧(એક) એમ કુલ ૩(ત્રણ) કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય આવેલ છે.



# શિક્ષણ અંગેની યોજનાઓ

## નબળા અને વંચિત જૂથના બાળકો માટે ખાનગી શાળામાં ૨૫% વિનામૂલ્યે ધો.૧માં પ્રવેશ

### લાભ કોને મળે

- અનાથ, સંભાળ અને સંરક્ષણની જરૂરિયાતવાળું બાળક, બાલગૃહના બાળકો, બાળમજુર/સ્થળાંતરિત મજુરનું બાળક, મંદબુદ્ધિ/સેરેબલ પાલ્સી, એચઆઇવી અસરગ્રસ્ત બાળક, ફરજ દરમ્યાન શહીદ થયેલ લશ્કરી/અર્ધ લશ્કરી જવાનના બાળક, ૮.૦ થી ૨૦.૦ સ્કોર ધરાવતા બીપીએલ વાલીનાં બાળક, એસ.સી. અને એસ.ટી. કેટેગરીના બાળકો, બક્ષીપંચ અને વિચરતી વિમુક્ત જાતિનાં બાળકો, જનરલ-બિન અનામત બાળકો આમ અગ્રતાક્રમ પ્રમાણે પ્રાથમિકતા આપવામાં આવે છે.
- આવક મર્યાદા : ગ્રામ્ય વિસ્તાર : રૂા.૧,૨૦,૦૦૦/-, શહેરી વિસ્તાર : રૂા.૧,૫૦,૦૦૦/-

### કેટલો લાભ મળે

- ઉક્ત યોજના તળે ૫ થી ૭ વર્ષ સુધીના બાળકોને ધોરણ-૧માં ૨૫% મુજબ ખાનગી શાળામાં એડમીશન લઇ શકે છે. તથા ધો.૮ સુધીનું શિક્ષણ વિનામૂલ્યે આપવામાં આવે છે.
- ઉપરાંત પ્રવેશ લેનાર દરેક બાળકને રૂા.૩૦૦૦/- લેખે ડ્રેસ બુટ પરિવહન માટે સહાય ચૂકવવામાં આવે છે.

### લાભ ક્યાથી મળે

- ઓનલાઇન અરજી કરવાની રહે છે. દર વર્ષે ઓનલાઇન પ્રવેશની જાહેરાત માર્ચ-એપ્રિલ માસમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. જેમાં ઓનલાઇન અરજી કરી નજીકના સ્વીકાર કેન્દ્રમાં જમા કરાવવાની રહે છે. અને ત્યારબાદ ઉપરોક્ત અગ્રતા મુજબ ૬ કિ.મી. સુધીના વિસ્તારમાં પ્રવેશ આપવામાં આવે છે.



# શિક્ષણ અંગેની યોજનાઓ

## પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના

### કોને લાભ મળે

- સરકારી/ગ્રા.ઇ.એ. પ્રાથમિક/માધ્યમિક શાળાઓમાં ભણતા ધો-૧ થી ૧૦ ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને જુદા-જુદા હેડે શિષ્યવૃત્તિ સહાય આપવામાં આવે છે. આ યોજનામાં કોઇ આવક મર્યાદા નથી.
- અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ પિતા/વાલીના બાળકોને સરકારી/ખાનગી સંસ્થાઓમાં ભણતા ધો.૧ થી ૧૦માં ભારત સરકારશ્રીની યોજના અંતર્ગત વાર્ષિક રૂા.૩૦૦૦/- શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે. આ યોજનામાં આવક મર્યાદા નથી.
- વધુમાં ભારત સરકારશ્રી તરફથી મળતી શિષ્યવૃત્તિમાં ધો.૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓને રૂા.૩૦૦૦/- શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જેમાં આવક મર્યાદા રૂા.૨.૫૦ લાખ છે. તેમજ આ યોજનાઓ ખાનગી શાળામાં પણ મળવાપાત્ર છે.
- ધો.૧ થી ૮ ના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય વાર્ષિક રૂા.૬૦૦/- મળવાપાત્ર છે. આવક મર્યાદા નથી.

### લાભ ક્યાથી મળે

- નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, રાજકોટ (શહેરી વિસ્તાર માટે)
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત (ગ્રામ્ય વિસ્તાર માટે)

### કેટલો લાભ મળે

- આ યોજનામાં ધો.૧ થી ૫ ના વિદ્યાર્થીઓને રૂા.૫૦૦/-
- ધો. ૬ થી ૮ ના કુમારને રૂા.૫૦૦/- તથા કન્યાને રૂા.૭૫૦/-
- ધો.૯ થી ૧૦ ના વિદ્યાર્થીઓને રૂા.૭૫૦/- સહાય આપવામાં આવે છે.

નોંધ : આ યોજના ડીજીટલ ગુજરાત પોર્ટલમાં શાળાએ વિદ્યાર્થીઓની ડેટા એન્ટ્રી કરી દરખાસ્ત તૈયાર કરી અરજી કરવાની રહે છે.



# શિક્ષણ અંગેની યોજનાઓ

## પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિ

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમો માટે વાર્ષિક રૂ.૨૩૦૦/- થી રૂ.૧૨૦૦૦/- સુધીની શિષ્યવૃત્તિ જુદા-જુદા ગ્રુપ A, B, C અને D મુજબ ટ્યુશન ફી તથા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- જેમાં કુમાર માટે વાર્ષિક આવક મર્યાદા રૂ.૨,૫૦,૦૦૦/- છે તેમજ કન્યાઓ માટે વાર્ષિક આવક મર્યાદા રૂ.૬,૦૦,૦૦૦/- સુધીની છે. જ્યારે રૂ. ૬.૦૦ લાખથી વધારે આવક ધરાવતી કન્યાઓને માત્ર શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- ડીજીટલ ગુજરાત પોર્ટલ મારફત શિષ્યવૃત્તિની અરજી કરવાની રહે છે તેમજ તે અંતર્ગત સીધા જ વિદ્યાર્થીના ખાતામાં ઇ-પેમેન્ટ કરી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ સહાય ચૂકવવામાં આવે છે.

### કેટલો લાભ મળે

| ગ્રુપ | હોસ્ટેલર (વાર્ષિક) | ડેસ્કોલર (વાર્ષિક) |
|---|---|---|
| એ | રૂ. ૧૨,૦૦૦ | રૂ. ૫,૫૦૦ |
| બી | રૂ. ૮,૨૦૦ | રૂ. ૫,૩૦૦ |
| સી | રૂ. ૫,૭૦૦ | રૂ. ૩,૦૦૦ |
| ડી | રૂ. ૩,૮૦૦ | રૂ. ૨,૩૦૦ |

### લાભ ક્યાંથી મળે

- નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, રાજકોટ.
- સરકારશ્રી દ્વારા વિના ફી એ પ્રવેશ માટે 'ફી માફી કાર્ડ' આપવાની યોજના અમલમાં છે.
- સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા પૂરેપૂરી શિક્ષણ ફી ચૂકવવાપાત્ર છે.

### ક્યા ક્યા પુરાવાઓ જોઇએ

- જાતિનો દાખલો
- ફી ની પહોંચ
- આવકનો દાખલો
- બેંક પાસબુકની નકલ
- તમામ માર્કશીટ
- આધારકાર્ડ

નોંધ : આ યોજના અંતર્ગત ડીજીટલ ગુજરાત પોર્ટલમાં શાળાએ વિદ્યાર્થીની ડેટા એન્ટ્રી કરી અરજી કરવાની રહે છે.

# શિક્ષણ અંગેની યોજનાઓ

## ભોજન બીલ સહાય

### કોને લાભ મળે

- કોલેજ સાથે સંકળાયેલા છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓને ભોજન બીલ સહાય તરીકે દર મહિને રૂા.૧૨૦૦/- (૧૦ દસ માસ સુધી) આપવામાં આવે છે. જેમાં આવક મર્યાદા રૂા. ૪.૫૦ લાખ છે.

### લાભ ક્યાંથી મળે

- નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, રાજકોટ.

## મહારાજા સયાજીરાવ ગાયકવાડ ફેલોશીપ યોજના

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિના એમ.ફીલ તથા પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસના થીસિસ તૈયાર કરી રજૂ કર્યેથી ફેલોશીપ સહાય ચૂકવવામાં આવે છે જેમાં આવક મર્યાદા રૂા.૪.૫૦ લાખ છે.

### કેટલો લાભ મળે

- એમ.ફીલના વિદ્યાર્થીને માસિક રૂા.૨૫૦૦/- (૧૦ માસ સુધી).
- પીએચ.ડી.ના વિદ્યાર્થીને માસિક રૂા.૩૦૦૦/- (૧૦ માસ સુધી).

## સાધન સહાય યોજના

### કોને લાભ મળે

- મેડીકલ, એન્જીનિયરીંગ તથા ડીપ્લોમાના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને અભ્યાસક્રમના સાધનો ખરીદવાની સહાય આપવામાં આવે છે. જેમાં આવક મર્યાદા રૂા.૪.૫૦ લાખ છે. તેમજ આ સહાય માત્ર પ્રથમ વર્ષમાં જ આપવામાં આવે છે.

### કેટલો લાભ મળે

- મેડીકલના વિદ્યાર્થીને રૂા.૧૦,૦૦૦/-
- ડિગ્રી એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓને રૂા.૫,૦૦૦/-
- ડીપ્લોમાના વિદ્યાર્થીઓ માટે રૂા.૩,૦૦૦/- સહાય મળવાપાત્ર છે.
- નોંધ : આ તમામ પોસ્ટ એસ.એસ.સી. યોજના ડીજીટલ ગુજરાત પોર્ટલ મારફત અરજી કરવાની રહે છે.

# શિક્ષણ અંગેની યોજનાઓ

## આઈ.ટી.આઈ. શિષ્યવૃત્તિ

### કોને લાભ મળે

- આઇ.ટી.આઇ. અને ધંધાકીય તેમજ તાંત્રિક અભ્યાસક્રમોમાં દાખલ થનાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને માસિક રૂા.૪૦૦/- લેખે ૧૨ માસ માટે સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા રૂા.૧,૫૦,૦૦૦/- તથા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૧,૨૦,૦૦૦/- છે.

### લાભ ક્યાથી મળે

- નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, રાજકોટ.

નોંધ : આ યોજના અંતર્ગત ડીજીટલ ગુજરાત પોર્ટલ મારફત અરજી કરવાની રહે છે.

## સુબેદાર રામજી આંબેડકર ગ્રા.ઈ.એ. છાત્રાલયો

### કોને લાભ મળે

- સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે છાત્રાલયો કાર્યરત છે જેમાં સરકારશ્રી તરફથી અનુદાન ચૂકવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થી દીઠ નિભાવ ખર્ચ માસિક રૂા.૧૫૦૦/- લેખે આપવામાં આવે છે. છાત્રાલયની માન્ય સંખ્યા મુજબ અનુદાન ચૂકવવાપાત્ર છે. છાત્રોને રહેવા જમવાની સુવિધા વિનામૂલ્યે મળે છે.
- છાત્રાલયમાં પ્રવેશ મેળવવા કુમાર માટે વાર્ષિક આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૧,૨૦,૦૦૦/- તથા શહેરી વિસ્તાર માટે રૂા.૧,૫૦,૦૦૦/- છે. જ્યારે કન્યા માટે કોઈ આવક મર્યાદા નથી.
- રાજકોટ શહેર વિસ્તારમાં ૧૦ ગ્રા.ઇ.એ. છાત્રાલયો અને ગ્રામ્ય વિસ્તારમાં ૦૫ ગ્રા.ઇ.એ. છાત્રાલયો કાર્યરત છે.

## શ્રી જુગતરામ દવે આશ્રમશાળા

### કોને લાભ મળે

- ધો.૧ થી ૮ના વિદ્યાર્થીઓને રહેવા-જમવા અને ભણવાની સગવડો એક જ કેમ્પસમાં મળી રહે તે સારું સ્વૈચ્છિક સંસ્થા મારફત ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે. જેમાં અનુદાન ચૂકવવામાં આવે છે.
- આશ્રમશાળાઓમાં છાત્રોને રહેવા-જમવા અને અભ્યાસની સુવિધા વિનામૂલ્યે મળે છે.
- હાલ રાજકોટ જિલ્લામાં ૩ (ત્રણ) આશ્રમશાળાઓ આવેલી છે.

# શિક્ષણ અંગેની યોજનાઓ

## ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ લોન સહાય

### લાભ કોને મળે

- અનુસૂચિત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક મદદરૂપ થવા રૂ.૧૫.૦૦ લાખની લોન ૪%ના વ્યાજદરે આપવામાં આવે છે. આ યોજના માટે કોઈ આવકમર્યાદા નથી.
- ધોરણ-૧૨ પછીના અભ્યાસક્રમમાં જવા માટે ૫૦% કે તેથી વધુ ગુણ મેળવેલા હોવા જોઈએ.

### કેટલો લાભ મળે

- રૂ.૧૫ લાખની લોન ૪% ના વાર્ષિક વ્યાજદરે.

### લાભ ક્યાથી મળે

- નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, રાજકોટ.




## કોમર્શીયલ પાયલોટ તાલીમ લોન સહાય

### લાભ કોને મળે

- અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે આર્થિક મદદ કરવા માટે રૂ.૨૫.૦૦ લાખ લોન ૪% ના વ્યાજદરે આપવામાં આવે છે. આ યોજના માટે કોઈ આવક મર્યાદા નથી.

### કેટલો લાભ મળે

- રૂ.૨૫ લાખની લોન ૪% ના વાર્ષિક વ્યાજદરે.

### લાભ ક્યાથી મળે

- નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, રાજકોટ.

# શિક્ષણ અંગેની યોજનાઓ

## સરકારી છાત્રાલયો

### કોને લાભ મળે

- ધોરણ ૧૧-૧૨ થી અનુસ્નાતક કક્ષા સુધીના અભ્યાસક્રમો માટે રહેવા જમવાની વિનામૂલ્યે સગવડો અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.
- રાજકોટ જિલ્લામાં ૩ કન્યા છાત્રાલય તેમજ ૪ કુમાર છાત્રાલય મળી કુલ ૭ સરકારી છાત્રાલયો હાલ કાર્યરત છે.
- કુમાર માટે વાર્ષિક આવક મર્યાદા રૂા.૧.૦૦ લાખ તેમજ કન્યા માટે આવક મર્યાદા નથી.

### લાભ ક્યાંથી મળે

- નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, રાજકોટ હસ્તકની સરકારી છાત્રાલયોમાં લાભ મળવાપાત્ર છે.

## મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળાઓ

### કોને લાભ મળે

- ધોરણ-૦૯ થી ધોરણ-૧૨ સુધીના અભ્યાસ માટે રહેવા - જમવા તેમજ ભણવાની સુવિધા સાથેની સવલતો વિનામૂલ્યે મેરીટના ધોરણે પૂરી પાડવામાં આવે છે. રેસીડેન્સીયલ શાળા છે.
- રાજકોટ જિલ્લામાં ૧(એક) કુમાર તથા ૧ કન્યા આદર્શ નિવાસી શાળા હાલ કાર્યરત છે.

### લાભ ક્યાંથી મળે

- નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, રાજકોટ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં.

## સ્વામી વિવેકાનંદ સમરસ છાત્રાલય

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિકસતી જાતિના રાજ્યના કુલ ૧૨૦૦૦ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને રહેવા જમવાની અતિ આધુનિક સુવિધા અને સગવડ ધરાવતા છાત્રાલયોમાં પ્રવેશ આપવામાં આવે છે.
- રાજકોટ ખાતે સમરસ કુમાર છાત્રાલયમાં ૧૦૦૦ છાત્રોને અને સમરસ કન્યા છાત્રાલયમાં ૧૦૦૦ છાત્રાઓને લાભ મળે તેવી સંપૂર્ણ સુવિધાયુક્ત બિલ્ડીંગ વ્યવસ્થા છે.
- વિદ્યાર્થીઓને ઓનલાઇન અરજીથી મેરીટના ધોરણે પ્રવેશ મળવાપાત્ર છે.

# જાહેર આરોગ્ય અંગેની યોજનાઓ

## રાષ્ટ્રીય પરિવાર નિયોજન યોજના

### લાભ કોને મળે

- મહિલા લાભાર્થી માટે લગ્ન કરેલ હોય તેની ઉંમર ૨૨ વર્ષથી ૪૯ વર્ષની વચ્ચેની હોવી જોઈએ તથા તેને એક બાળક હોવું જોઈએ અને તેની ઉંમર ૧ વર્ષથી વધારે હોવી જોઈએ. પતિનું નસબંધી ઓપરેશન ન થયેલ હોવું જોઈએ (બેમાંથી એક આ પદ્ધતિ ન અપનાવેલ હોવી જોઈએ. તેની માનસિક અવસ્થા સારી હોવી જોઈએ).
- પુરુષ લાભાર્થી માટે લગ્ન કરેલ હોય, તેની ઉંમર ૬૦ વર્ષથી નીચે હોવી જોઈએ તેને એક બાળક હોવું જોઈએ. તેની ઉંમર ૧ વર્ષથી વધારે હોવી જોઈએ, લાભાર્થીની પત્નીનું ઓપરેશન ન થયેલ હોવું જોઈએ (બેમાંથી એક પદ્ધતિ ન અપનાવેલ હોવી જોઈએ, તેની માનસિક અવસ્થા સારી હોવી જોઈએ).

### લાભ ક્યાથી મળે

- કુટુંબ કલ્યાણ પદ્ધતિનું ઓપરેશન જે તે ફેસેલીટી સેન્ટરમાં કરો ત્યારે આપને ત્યાંથી ઓપરેશન કરાવતા લાભાર્થીને તેમના બેંક ખાતામાં સહાય આપવામાં આવશે.

### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

આ યોજનાનો લાભ લેવા માટે ઓપરેશન વખતે નિયત ફોર્મ ભરવાનું હોય છે.

### યોજના અંતર્ગત સહાય/લાભ :

| વિગત | લાભાર્થીને સહાય | મોટીવેટર |
|---|---|---|
| પુરુષ નસબંધી | ૨૦૦૦/- | ૩૦૦/- |
| ટ્યુબેક્ટોમી (સ્ત્રી વ્યંધીકરણ) | ૧૪૦૦/- | ૨૦૦/- |
| ટ્યુબેક્ટોમી (સ્ત્રી વ્યંધીકરણ) (સરકારી દવાખાનામાં પ્રસૂતિ બાદ ૭ દિવસમાં કરાવે તો) | ૨૨૦૦/- | ૩૦૦/- |



# જાહેર આરોગ્ય અંગેની યોજનાઓ

## દીકરી યોજના

### લાભ કોને મળે

દીકરો ન હોય અને ફક્ત એક કે બે દીકરીઓ હોય તેવા દંપતિ પૈકી કોઇ એક નસબંધી ઓપરેશન કરાવે તે સમયની લાભાર્થીની ઉંમર ૩૨ વર્ષથી ઓછી હોય તો તેઓને રાષ્ટ્રીય બચતપત્રો આપવાની રાજ્ય સરકારની ખાસ પુરસ્કાર યોજના છે.

### લાભ ક્યાંથી મળે

- નજીકના સરકારી દવાખાનામાં.

### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

- જે જગ્યાએ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવેલ હોય તે કેન્દ્ર ખાતે અરજી કરવાની.

### યોજના અંતર્ગત સહાય/લાભ

(૧) દીકરો ન હોય અને ફક્ત એક દીકરી હોય તેવા દંપતિને રૂ.૬૦૦૦/- (NSC) બચતપત્રો.

(૨) દીકરો ન હોય અને ફક્ત બે દીકરીઓ હોય તેવા દંપતિને રૂ.૫૦૦૦/- (NSC) બચતપત્રો.



# જાહેર આરોગ્ય અંગેની યોજનાઓ

## સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) યોજના

### લાભ કોને મળે

- વ્યક્તિગત શૌચાલય માટે બી.પી.એલ. લાભાર્થી.
- વ્યક્તિગત શૌચાલય માટે એ.પી.એલ. લાભાર્થીમાં પાંચ કેટેગરીના :

  (૧) એસ.સી./એસ.ટી. (૨) નાના સીમાંત ખેડૂત (૩) જમીન વિહોણા ખેતમજૂર (૪) શારીરિક વિકલાંગ (૫) કુટુંબ મહિલા વડા.
- વ્યક્તિગત શૌચાલય માટે એ.પી.એલ. (જનરલ) લાભાર્થી.
- સામૂહિક શૌચાલય જમીનની સગવડતા ન ધરાવતાં શૌચાલય વિહોણાંની સંયુક્ત ભાગીદારી ધરાવતા કુટુંબોને.
- ઘન કચરાના નિકાલ માટે સાધનો પૂરા પાડવા તથા ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા ન ધરાવતાં ગામો માટે લોકભાગીદારીથી કામો કરવામાં આવે છે.

### કેટલો લાભ મળે :

- વ્યક્તિગત શૌચાલય માટે બી.પી.એલ. તથા એ.પી.એલ. (પાંચ કેટેગરી) રૂા.૧૨,૦૦૦/- ની સહાય, તેમજ એ.પી.એલ. (જનરલ) રૂા.૮૦૦૦/-
- સામૂહિક શૌચાલય માટે કુલ રૂા.૨,૦૦,૦૦૦/- (લોકફાળો રૂા.૨૦,૦૦૦/- તથા યોજનાકીય રૂા.૧,૮૦,૦૦૦/- સહાય).
- ઘન કચરા નિકાલ માટે સાધનો પૂરા પાડવા તથા ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા ન ધરાવતાં ગામો માટે-

  (૧) ૧૫૦ કુટુંબ સુધી રૂા.૭.૦૦ લાખ

  (૨) ૩૦૦ કુટુંબ સુધી રૂા.૧૨.૦૦ લાખ

  (૩) ૫૦૦ કુટુંબ સુધી રૂા.૧૫.૦૦ લાખ

  (૪) ૫૦૦ થી વધુ કુટુંબ રૂા.૨૦.૦૦ લાખ



# જાહેર આરોગ્ય અંગેની યોજનાઓ

## લાભ ક્યાંથી મળે

- તલાટી-કમ-મંત્રીશ્રી, ક્લસ્ટર કો-ઓર્ડીનેટર, બ્લોક કો-ઓર્ડીનેટર, સિવિલ એન્જીનિયર તથા નિર્મળ દૂત દ્વારા અરજી ફોર્મ ભરી ગ્રામ પંચાયત દ્વારા તાલુકા કક્ષાએ અરજી પહોંચાડવી.
- તાલુકા પંચાયત કચેરી, સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) યોજના શાખા.

## ક્યા ક્યા પુરાવા જોઇએ

- આધાર કાર્ડ/ચૂંટણી કાર્ડ/વાહન લાયસન્સ/પાન કાર્ડ/MGNREGA જોબ કાર્ડ/રેશન કાર્ડ/બી.પી.એલ. કાર્ડ (કોઇપણ એક)
- ઘરવેરાની રસીદ
- બેંક પાસબુકની નકલ
- શૌચાલયનો ચાલુ તથા પૂર્ણ કામનો લાભાર્થી સાથેનો ફોટો



# જાહેર આરોગ્ય અંગેની યોજનાઓ

## 'મા' અને 'મા વાત્સલ્ય'
## 'આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય' યોજના

### લાભ કોને મળે

- મા યોજના રાજયના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના (નગરપાલિકા વિસ્તાર, મહાનગરપાલિકા વિસ્તાર અને નોટીફાઇડ એરિયા) ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબ (મહત્તમ ૫ વ્યક્તિ સુધી) ને લાગુ પાડવામાં આવી છે.
- મા વાત્સલ્ય યોજના અંતર્ગત વાર્ષિક રૂા. ૪ લાખથી ઓછી આવક અને સિનીયર સિટીઝન માટે રૂા.૬ લાખથી ઓછી આવક ધરાવતા પરિવારના મહત્તમ ૫ સભ્યોને લાભ મળી શકે.
- આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સામાજિક, આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ ૨૦૧૧ અંતર્ગત નોંધાયેલ ગ્રામ્ય અને શહેરી વિભાગનાનો સમાવેશ. કુટુંબની વ્યાખ્યામાં કોઈપણ મર્યાદા વગર તમામ સભ્યોને લાભ મળશે.

### લાભ ક્યાંથી મળે

- આ યોજના હેઠળ સરકારી તેમજ નોંધાયેલ ખાનગી હોસ્પિટલોમાં સંબંધિત સેવાઓ ઉપલબ્ધ હોય તેવી સંસ્થાઓ.

### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

- સૌ પ્રથમ લાભાર્થીનું નામ અને તેમના કુટુંબના સભ્યોના નામ નિયત માપદંડો ધરાવતા સામાજિક, આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ ૨૦૧૧ ની યાદીમાં હોવું જરૂરી છે.
- લાભાર્થીએ પોતાના આધાર કાર્ડ, ઈ-કાર્ડ, 'મા' અથવા 'મા વાત્સલ્ય' કાર્ડમાંથી કોઈપણ એક કાર્ડ અને પોતાનું રાશન કાર્ડ સી.એચ.સી. તેમજ યોજના સાથે સંકળાયેલ હોસ્પિટલે લઈ જવાનું રહેશે.
- હોસ્પિટલ કક્ષાએ પ્રધાનમંત્રી આરોગ્યમિત્રને ઉક્ત દસ્તાવેજ બતાવવાના રહેશે.
- લાભાર્થી દ્વારા રજૂ કરેલ દસ્તાવેજોના આધારે પ્રધાનમંત્રી આરોગ્યમિત્ર સંપૂર્ણ ઓળખની ઓનલાઈન ખરાઈ મેળવશે અને ત્યારબાદ ઈ-કાર્ડ આપશે.
- ખરાઈ થયા પછી લાભાર્થી યોજના સાથે જોડાયેલ હોસ્પિટલોમાં વિનામૂલ્યે સારવાર મેળવી શકશે.

### યોજના અંતર્ગત સહાય/લાભ

- વાર્ષિક રૂા.૫ લાખ સુધીની સારવાર યોજના હેઠળ નોંધાયેલ સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં મફત સારવાર આરોગ્ય વીમા કવચ.
- યોજના હેઠળ પ્રાથમિક, સેકન્ડરી અને ગંભીર બિમારીઓ જેમ કે આંખના રોગો, કાન, નાક અને ગળાના રોગો, સ્ત્રી રોગ, માનસિક રોગો, હૃદયના રોગો, કીડનીના રોગો, મગજના રોગો, ગંભીર ઈજાઓ, નવજાત શિશુઓને લગતા ગંભીર રોગો, કેન્સર, ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટ, કિડની અને લિવરના ટ્રાન્સપ્લાન્ટેશન વગેરે માટે રૂા.૫ લાખ સુધીની વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે.

# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન

### લાભ કોને મળે

- તમામ સગર્ભા માતાઓ

### લાભ ક્યાથી મળે

- આ યોજનાનો લાભ તમામ સરકારી તથા જિલ્લા/કોર્પોરેશન સંચાલિત આરોગ્ય સંસ્થાઓમાં, ખાનગી હોસ્પિટલોમાં ઉપલબ્ધ છે.

### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

- તમામ સગર્ભા માતાઓ માટે કોઈપણ સરકારી/ખાનગી દવાખાને જવાનું રહેશે.

### યોજના અંતર્ગત સહાય/લાભ

(૧) દર માસની ૯ (નવમી) તારીખે સરકારી/ખાનગી દવાખાનામાં મફત તપાસણી

(૨) જોખમી સગર્ભા માતાઓની ઓળખ

(૩) પૂર્વપ્રસૂતિ તપાસ નિદાન સેવાઓ મફત

(૪) સંપરામર્શ



# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## શાળા આરોગ્ય – રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ

### લાભ કોને મળે

- નવજાત શિશુથી ૧૮ વર્ષના તમામ બાળકો.

### લાભ ક્યાંથી મળે

- નજીકના સરકારી દવાખાના, પ્રા.આ.કેન્દ્ર, સા.આ.કેન્દ્ર, અર્બન હેલ્થ સેન્ટર અને જનરલ હોસ્પિટલ.

### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય તપાસ અને સારવાર આરોગ્ય ટીમ દ્વારા કરવામાં આવે છે. વધુ સારવારની જરૂર જણાય તો સી.એચ.સી./હોસ્પિટલમાં સંદર્ભ સેવા આપવામાં આવે છે. જેનું સંદર્ભ કાર્ડ તબીબી અધિકારી દ્વારા ભરી આપવામાં આવે છે. હૃદય, કિડની જેવી ગંભીર બિમારીવાળા બાળકોને રાજ્યની માન્ય હોસ્પિટલમાં વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે.

### યોજના અંતર્ગત સહાય/લાભ



- આરોગ્ય તપાસ અને સારવાર
- સંદર્ભ સેવા
- વિનામૂલ્યે ચશ્મા વિતરણ
- હૃદય, કિડની તેમજ કેન્સર જેવા ગંભીર રોગની કિડની પ્રત્યારોપણ સહિતની સારવાર.
- કિડની, લીવર ટ્રાન્સપ્લાન્ટ, કોકલીયર ઇમ્પ્લાન્ટ અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ અને કબલફૂટની સારવાર.
- કપાયેલા હોઠ, તાળવું (ક્લેફ્ટ લીપ/પેલેટ), ક્લબફૂટ, જન્મજાત બધીરતા જેવી જન્મજાત ખામીઓની સારવાર.
- જુવેનાઇલ ડાયાબિટીસ અને વાઇની બિમારીઓનો પણ સમાવેશ.
- માનસિક આરોગ્ય (મેન્ટલ હેલ્થ)નો સમાવેશ.

# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## અટલ સ્નેહ યોજના

### લાભ કોને મળે

- નવજાત શિશુથી લઇને ૧૮ વર્ષની વયજૂથના તમામ બાળકો.

### લાભ ક્યાથી મળે

- સરકારી અથવા ખાનગી પ્રસૂતિ ગૃહ અને અન્ય પરિસ્થિતિમાં એટલે કે ઘરે અથવા અન્ય જગ્યાએ પ્રસૂતિ થઇ હોય તેવા કિસ્સાઓમાં આ લાભ સ્થાનિક સ્ત્રી આરોગ્ય કાર્યકર/આર.બી.એસ.કે. ટીમ/આશા કર્મચારી મારફતે.

### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

- જિલ્લાની તમામ આરોગ્ય સંસ્થાઓ કે જ્યાં પ્રસૂતિ થતી હોય (સરકારી અથવા ખાનગી) ત્યાં દરેક શિશુનું જન્મજાત ખામી માટે સ્ક્રીનીંગ કરવાનું રહેશે.

### યોજના અંતર્ગત સહાય/લાભ

- જન્મજાત ખામીઓનું સ્ક્રીનીંગ.
- ન્યુરલ ટ્યુબ ડીફેક્ટસ
- ક્લેફ્ટલીપ અને પેલેટ
- ક્લબ ફૂટ
- ડેવલપમેન્ટલ ડીસલેઝીયા ઓફ હીપ
- કન્જનાઇટલ કેટેરેક્ટ
- કન્જનાઇટલ ડેફનેસ
- કન્જનાઇટલ હાર્ટ ડીસીઝ
- રેટીનોપેથી ઓફ પ્રીમેચ્યોરીટી
- ડાઉન સિન્ડ્રોમ
- અન્ય કોઇ નોંધપાત્ર ખોટ



# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## કુપોષણ મુક્ત ગુજરાત અભિયાન

### લાભ કોને મળે

- નવજાત શિશુથી લઈને ૬ વર્ષ સુધીના
- તમામ અતિગંભીર કુપોષિત બાળકો (SAM)

### લાભ ક્યાંથી મળે

- આ યોજનાનો લાભ ગ્રામ્ય કક્ષાએ આંગણવાડી કેન્દ્ર તાલુકા કક્ષાએ પ્રા.આ.કેન્દ્ર/સા.આ.કેન્દ્ર અને જિલ્લા કક્ષાએ જિલ્લા હોસ્પિટલ/મેડીકલ કોલેજ હોસ્પિટલમાં મળશે. જ્યારે શહેરી વિસ્તારમાં પણ આ યોજનાનો લાભ મળી શકશે.

### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

- આંગણવાડી કાર્યકર અને આશા ગામના તમામ બાળકોની નોંધણી કરી યાદી બનાવશે ત્યારબાદ સ્ત્રી આરોગ્ય કાર્યકર આ બાળકોનું સ્ક્રીનીંગ કરશે. જેમાં તબીબી સારવાર જરૂરિયાત સિવાયના બાળકોને સામૂદાયિક સ્તરે આંગણવાડી ખાતે થેરાપ્યુટીક કોમ્પ્લીમેન્ટ્રી ફૂડ મારફત સારવાર કરવામાં આવે છે. જ્યારે સામાન્ય તથા સાધન તબીબી સારવારની જરૂરિયાત વાળા બાળકોને ક્રમશઃ પ્રા.આ.કેન્દ્ર/સા.આ.કેન્દ્ર ખાતે કાર્યરત બાલ સેવા કેન્દ્ર (CMTC) પર અને જિલ્લા હોસ્પિટલ/મેડીકલ કોલેજ હોસ્પિટલ ખાતે કાર્યરત બાલ સંજીવની કેન્દ્ર (NRC) પર સારવાર અર્થે મોકલવામાં આવે છે. ઉપરાંત મમતા દિવસે અને હોસ્પિટલમાં ઓ.પી.ડી. દરમ્યાન કુપોષિત બાળકોનું સ્ક્રીનીંગ કરી તેઓને બાળ સેવા કેન્દ્ર (CMTC)/બાળ સંજીવની કેન્દ્ર (NRC) પર રીફર કરવામાં આવે છે.

### યોજના અંતર્ગત સહાય/લાભ

- આ યોજના અંતર્ગત ૬ વર્ષ સુધીના અતિગંભીર કુપોષિત બાળકોને ક્ષેત્રીય તથા સંસ્થા ખાતે સારવાર આપવામાં આવે છે. આ કામગીરી આંતર વિભાગીય સંકલન દ્વારા થાય છે. બિમારી ન હોય તેવા અતિગંભીર કુપોષિત બાળકોની આંગણવાડી ખાતે સામૂદાયિક સ્તરે સારવાર (CMAM) કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવશે તથા બિમાર અતિગંભીર કુપોષિત બાળકોને આરોગ્ય સંસ્થા ખાતે કાર્યરત બાલ સેવા કેન્દ્ર (CMTC) અને બાલ સંજીવની કેન્દ્ર (NRC) ખાતે તબીબી સારવાર અને પોષણ પુર્વસન અર્થે મોકલવામાં આવે છે.



# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## સઘન મિશન ઈન્દ્રધનુષ

### લાભ કોને મળે

- રસીકરણ થી વંચિત રહી ગયેલ સગર્ભા માતાઓ અને નવજાત શિશુથી બે વર્ષ સુધીના બાળકો.

### લાભ ક્યાથી મળે

- મિશન ઈન્દ્રધનુષના રાઉન્ડ દરમ્યાન નિયત કરેલ મમતા સેશન પર.

### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

- મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત ભૌગોલિક અને અંતરિયાળ વિસ્તારો જેવા કે શહેરી ઝૂંપડપટ્ટીઓ, સીમ વિસ્તાર, વાડી વિસ્તાર, ઇંટ ભઠ્ઠા, નવા બાંધકામ વિસ્તાર, નદી કાંઠાના ગામો, જંગલ વિસ્તારો તથા અન્ય દુર્ગમ વિસ્તારો જ્યાં ઓછું રસીકરણ જોવા મળે છે તેવા વિસ્તારો આવરી લેવાના હોય છે.
- સગર્ભા માતાઓ અને નવજાત શિશુથી બે વર્ષ સુધીના બાળકોની માથાદીઠ મોજણી દ્વારા આશાબેન, આંગણવાડી કાર્યકર દ્વારા નામજોગ યાદી તૈયાર કરવામાં આવે છે.
- ત્યારબાદ મિશન ઈન્દ્રધનુષના રાઉન્ડ મુજબ માઇક્રોપ્લાનીંગ તૈયાર કરી આ લાભાર્થીઓને વધારાના મમતા સેશનનું આયોજન કરી રસીકરણની સેવાઓ નિઃશુલ્ક પૂરી પાડવામાં આવે છે.

### યોજના અંતર્ગત સહાય/લાભ

- સગર્ભા માતાઓ અને બાળકોને નિઃશુલ્ક રસીકરણ સેવાઓ.
- સગર્ભા માતાઓને ધનુરથી તેમજ બાળકોને આઠ ઘાતક રોગો જેવા કે ટી.બી., પોલીયો, ડીપ્થેરીયા, ઉટાટીયું, ધનુર, ઝેરી કમળો, હીબ વાયરસથી થતા રોગો અને ઓરી જેવા જીવલેણ રોગો સામે રક્ષણ પૂરું પાડવા રસીકરણ સેવાઓ.



# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## બાળ સંજીવની કેન્દ્ર (NRC) – જિલ્લા કક્ષાએ

### લાભ કોને મળે

- ૫ વર્ષ સુધીના ગામના અતિ કુપોષિત બાળકો માટે

### લાભ ક્યાંથી મળે

- આ યોજનાનો લાભ બાળવિકાસ અને પોષણ કેન્દ્ર રાજકોટ, સિવિલ હોસ્પિટલ, કે.ટી.ચિલ્ડ્રન વિભાગમાંથી મળશે.

### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

- માઇક્રોપ્લાનીંગ દ્વારા ગ્રામ્ય મિટીંગ અને મમતા દિવસે વજન કરેલા ૬ થી ૫ વર્ષના બાળકોમાં ઓછું વજન ધરાવતા અને લાલ ઝોનમાં આવતા અતિ કુપોષિત બાળકોને બાળ સંજીવની કેન્દ્ર (NRC) પર રીફર કરવામાં આવે છે.

### યોજના અંતર્ગત સહાય/લાભ

- ગામના અતિ કુપોષિત બાળકોને આ કેન્દ્રમાં દાખલ કરી ૨૧ દિવસ સુધી તબીબી સારવાર તેમજ પોષણયુક્ત સંભાળ આપવામાં આવે છે.
- નવજાત શિશુ અને બાળ પોષણ પદ્ધતિઓ તથા ઓછા ખર્ચે બાળકો માટે પોષણયુક્ત આહાર કેવી રીતે બનાવવો તેના વિશે માતાને શિક્ષણ આપવામાં આવે છે.



- માતાને Hygiene અને Hand Wash બાબતે જાણકારી આપવામાં આવે છે.
- બાળકનું NRC માંથી રજા આપ્યા બાદ ૧૫માં, ૩૦માં અને ૬૦ દિવસે ફોલોઅપ માટે બોલાવવામાં આવે છે. જ્યાં તેઓનું ગ્રોથ મોનીટરીંગ કરવામાં આવે છે.
- બાળકને કેન્દ્ર પર રીફર કરવા માટે આંગણવાડી કાર્યકર અથવા આશા બહેનને મોટીવેશન ચાર્જ તરીકે રૂ.૧૦૦/- આપવામાં આવે છે. તેમજ બાળકો જો NRC પર રજા આપ્યાના ૧૫ માં, ૩૦ માં, ૪૫ માં અને ૬૦ માં દિવસે ફોલોઅપ વિઝીટ પૂરી કરે ત્યારે બાળક દીઠ રૂ.૧૦૦/- આપવામાં આવે છે. બાળકની માતાને Wage Loss તરીકે રૂ.૧૦૦/- પ્રતિ દિન ૨૧ દિવસ સુધી ચૂકવવામાં આવે છે.

# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## બાલસખા યોજના

### લાભ કોને મળે

- આ યોજનામાં ગરીબી રેખા હેઠળના (બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કુટુંબના ૩૦ દિવસ સુધીના નવજાત શિશુઓ તથા આવક વેરો ન ભરતા હોય તેવા અનુસૂચિત જનજાતિના તમામ નવજાત શિશુઓને લાભ આપવામાં આવે છે.

### લાભ ક્યાથી મળે

- જિલ્લામાં જોડાયેલ ખાનગી બાળરોગ નિષ્ણાંત તબીબો પાસે.

### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

- જે બાળકોનો જન્મ સરકારી સંસ્થાઓ અથવા ચિરંજીવી યોજના હેઠળ થાય, તેમજ ઘરે જન્મ થયેલ હોય અથવા ઘરે ગયા પછી ૩૦ દિવસની ઉંમર સુધી આ યોજનાનો લાભ મળવા પાત્ર છે. કોઈપણ આરોગ્ય કર્મચારી/આશા દ્વારા તે રીફર થયેલ હોવા જોઈએ.

### યોજના અંતર્ગત સહાય/લાભ

- આ યોજના હેઠળ લાભાર્થી નવજાત શિશુઓને આ યોજનામાં જોડાયેલ ખાનગી બાળરોગ નિષ્ણાંતો દ્વારા તેઓની હોસ્પિટલમાં નવજાત શિશુઓને લગતી કોઈપણ બિમારી માટે નિઃશુલ્ક સેવાઓ આપવામાં આવે છે. બાળરોગ નિષ્ણાંત નવજાત શિશુના સગાને વાહનવ્યવહાર પેટે રૂા.૨૦૦/- લેખે વાઉચર ઉપર સહી લઈને તુરંત જ ચુકવી આપશે.



# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## ચિરંજીવી યોજના, સંસ્થાકીય સુવાવડ

### લાભ કોને મળે

- આ યોજનામાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસૂતા બહેનો તથા ગરીબી રેખા ઉપરની (એ.પી.એલ. કાર્ડ ધરાવતી) પરંતુ આવક વેરો ન ભરતી હોય તેવા અનુસૂચિત જનજાતિ કુટુંબોની પ્રસૂતા બહેનોને લાભ આપવામાં આવે છે.
- જે લાભાર્થી પાસે બી.પી.એલ. કાર્ડ ઉપલબ્ધ ન હોય તેમણે તેઓના વિસ્તારના તલાટી-કમ-મંત્રી, સરપંચ, મામલતદાર, મુખ્ય અધિકારી પાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

### લાભ ક્યાંથી મળે

- જિલ્લામાં ચિરંજીવી યોજનામાં જોડાયેલ ખાનગી સ્ત્રીરોગ નિષ્ણાંત તબીબો પાસે.

### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

- યોજનાનો લાભ લેવા માટે ફોર્મ ભરવાનું થાય છે અને તેની સાથે જરૂરી દસ્તાવેજ જેવા કે બી.પી.એલ. કાર્ડની નકલ અથવા આવકનો દાખલો મુકવાનો થાય છે.

### યોજના અંતર્ગત સહાય/લાભ

- આ યોજના હેઠળ પ્રસૂતા બહેનોને સરકાર દ્વારા નક્કી કરાયેલા ખાનગી દવાખાનામાં વિનામૂલ્યે પ્રસૂતા કરાવી શકે છે. દવાખાનામાં કોઈપણ રકમ ચૂકવવાની હોતી નથી.
- એટલું જ નહીં પણ સારવાર માટેની જરૂરી દવાઓ પણ ડૉક્ટરો જ આપશે અને તે પણ વિનામૂલ્યે.
- ઉપરાંત પ્રસૂતાને દવાખાને આવવા ભાડા પેટે રૂા.૨૦૦/- ડૉક્ટર દ્વારા રોકડા આપવામાં આવશે.



# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ

### લાભ કોને મળે

- તમામ સગર્ભા માતાને પ્રસૂતિ બાદ ૪૨ દિવસ સુધી અને નવજાત શિશુને ૧ વર્ષ સુધી સરકારી સંસ્થાઓમાં નિઃશુલ્ક આરોગ્ય સારવાર.

### લાભ ક્યાથી મળે

- નજીકના આરોગ્ય કર્મચારી/આરોગ્ય કેન્દ્ર, સરકારી દવાખાનેથી.



### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

- પ્રસૂતિ સેવાઓ માટે કોઈપણ સરકારી દવાખાને જવાનું રહેશે.

### યોજના અંતર્ગત સહાય/લાભ

- સગર્ભા માતાઓને મળવાપાત્ર સેવાઓ

(૧) મફત સંસ્થાકીય પ્રસૂતિ સેવા
(૨) નિઃશુલ્ક સીઝેરિયન સેવા
(૩) મફત દવા, સર્જીકલ અને અન્ય સામગ્રી
(૪) મફત લેબોરેટરી સેવાઓ, લોહીની તપાસ, પેશાબની તપાસ, સોનોગ્રાફી વગેરે
(૫) હોસ્પિટલમાં રહે તે દરમ્યાન નિઃશુલ્ક ભોજન
(૬) જરૂર પડે ત્યારે નિઃશુલ્ક રક્ત
(૭) મફત એમ્બ્યુલન્સ સેવા - ઘરેથી હોસ્પિટલ, હોસ્પિટલથી મોટી હોસ્પિટલ તથા ઘરે પરત
(૮) હોસ્પિટલની કોઇ પ્રકારની ફી માંથી મુક્તિ.

### નવજાત શિશુને ૧ વર્ષ સુધી મળવા પાત્ર સેવાઓ

(૧) ફ્રી અને નિઃશુલ્ક સારવાર
(૨) મફત દવા, સર્જીકલ અને અન્ય સામગ્રી
(૩) મફત લેબોરેટરી સેવાઓ
(૪) જરૂર પડે ત્યારે નિઃશુલ્ક રક્ત
(૫) મફત એમ્બ્યુલન્સ સેવા - ઘરેથી હોસ્પિટલ, હોસ્પિટલથી મોટી હોસ્પિટલ તથા ઘરે પરત
(૬) હોસ્પિટલમાંથી કોઈપણ પ્રકારની ફી માંથી મુક્તિ.

# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## બાલસખા યોજના-૩

### લાભ કોને મળે

- હાઇ પ્રાયોરીટી તાલુકામાં જન્મ સમયે ઓછા વજન સાથે જન્મેલ (૧.૫ કિ.ગ્રા. અને તેના કરતાં ઓછા) તમામ નવજાત શિશુઓ (૦ થી ૨૮ દિવસ સુધીના) કે જેની પાસે વતન, સ્થળનો આધાર પુરાવો હોય અથવા હાઇ પ્રાયોરીટી તાલુકાના તાલુકા હેલ્થ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત થઇ આવેલ હોય તેવો પુરાવો હોય.

### લાભ ક્યાંથી મળે

- જિલ્લામાં જોડાયેલ ખાનગી બાળરોગ નિષ્ણાંત તબીબી ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ/અનુદાન મેળવતી તબીબી સંસ્થાઓ કે જેમની પાસેથી NICU Level-2 અથવા Level-3 NICU સંબંધિત સેવાઓ ઉપલબ્ધ હોય તેવી સંસ્થાઓ બાળરોગ નિષ્ણાંત તબીબો પાસે.

### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

- નક્કી કરેલ હાઇ પ્રાયોરીટી તાલુકામાં જન્મ સમયે ઓછા વજન સાથે જન્મેલ (૧.૫ કિ.ગ્રા. અને તેના કરતાં ઓછા) તમામ નવજાત શિશુઓ (૦ થી ૨૮ દિવસ સુધીના) કે જેની પાસે વતન, સ્થળનો આધાર પુરાવો હોય અથવા હાઇ પ્રાયોરીટી તાલુકાના તાલુકા હેલ્થ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત થઇ આવેલ હોય તેવો પુરાવો હોય.



### યોજના અંતર્ગત સહાય/લાભ

- બર્થ એસ્ફેક્સીયા
- મેકોનીયમ એસ્પીરેશન સીન્ડ્રોમ
- રેસ્પીરેટરી ડીસ્ટ્રેસ સીન્ડ્રોમ
- સેપ્સીસ/મેનીન્જાઇટીસ લેબ ટેસ્ટ દ્વારા કન્ફોર્મ થયેલ નવજાત શિશુ
- મેટાબોલીક કોમ્પ્લીકેશન જેવા કે હાઇપોગ્લાયસેમીયા, હાઇપોકેલ્શેમીયા, હાઇપરનેટ્રેમીયા વગેરે (તમામ સેવાઓ નિઃશુલ્ક આપવાની રહેશે)

કુલ ૧૦ નવજાત શિશુની સારવાર દીઠ (૧ બાળક દીઠ રૂા.૪૯,૦૦૦/- પ્રમાણે) કુલ રૂા.૪,૯૦,૦૦૦/- મુજબ બાળરોગ નિષ્ણાંતને મળવાપાત્ર રહેશે અને ૧૦ કેસના ગુણાંકમાં તેઓને જે તે જિલ્લાની મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી/કોર્પોરેશનની મેડીકલ ઓફીસર ઓફ હેલ્થની કચેરીમાંથી બીલ મંજૂર કરાવવાનું રહેશે.

# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## કસ્તુરબા પોષણ સહાય યોજના

### લાભ કોને મળે

- શહેરી અને ગ્રામ્ય વિસ્તારની ગરીબી રેખા હેઠળની સગર્ભા માતાઓ (ત્રણ બાળકો સુધીની પ્રસૂતિ માટે)
- જે જિલ્લાઓમાં ઈન્દિરા ગાંધી માતૃત્વ સહયોગ યોજના લાગુ પાડતી હોય ત્યાં તેના લાભાર્થી ન હોય તેને જ આ યોજનાનો લાભ મળશે.

### લાભ ક્યાંથી મળે

- નજીકના સ્ત્રી આરોગ્ય કાર્યકર પાસે. નાણાં સીધા લાભાર્થીના બેંક ખાતામાં/પોસ્ટ ઓફિસ ખાતામાં જમા થશે.

### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

- લાભાર્થીએ મમતા દિવસે સગર્ભાવસ્થાના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એફ.એચ.ડબલ્યુ પાસે નોંધણી કરાવવાથી પ્રથમ હપ્તો મળવાપાત્ર થશે.
- ગરીબી રેખા હેઠળની સગર્ભા માતાઓ સુવાવડ સરકારી દવાખાના અથવા ચિરંજીવી યોજના હેઠળના દવાખાનામાં કરાવવાથી બીજો હપ્તો મળવા પાત્ર થશે.
- ગરીબી રેખા હેઠળની માતાના બાળકને બાળકના જન્મ બાદના ૯ માસ પછી અને ૧૨ મહિના પહેલા મમતા દિવસે ઓરીની રસી સાથે વિટામીન-એ આપ્યા બાદ અને સંપૂર્ણ રસીકરણ પૂર્ણ કરાવ્યા બાદ ત્રીજો હપ્તો મળવા પાત્ર થશે.

### યોજના અંતર્ગત સહાય/લાભ

- સગર્ભાવસ્થામાં, પ્રથમ ત્રિમાસિક ગાળામાં મમતા દિવસે નોંધણી કરાવવાથી રૂા.૨૦૦૦/- ની સહાય.
- સરકારી દવાખાનામાં અથવા ચિરંજીવી યોજના અંતર્ગત સુવાવડના પ્રથમ અઠવાડિયામાં રૂા.૨૦૦૦/- ની સહાય.
- બાળકની માતાને પોષણ સહાયરૂપે બાળકના જન્મ બાદના ૯ મહિના પછી અને ૧૨ મહિના પહેલા મમતા દિવસે ઓરીની રસી સાથે વિટામીન-એ આપ્યા બાદ અને સંપૂર્ણ રસીકરણ પૂર્ણ થયા બાદ રૂા.૨૦૦૦/-ની સહાય.
- આમ, કુલ મળી રૂા.૬૦૦૦/- ની સહાય દરેક લાભાર્થી માતાને મળશે.

# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## જનની સુરક્ષા યોજના

### લાભ કોને મળે

- આ યોજનામાં ગરીબી રેખા હેઠળની (બી.પી.એલ. કાર્ડ ધરાવતી) કુટુંબની પ્રસૂતા બહેનો અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ કુટુંબોની તમામ પ્રસૂતા બહેનોને લાભ આપવામાં આવે છે. જે લાભાર્થી પાસે બી.પી.એલ. કાર્ડ ઉપલબ્ધ ન હોય તેઓના વિસ્તારના તલાટી-કમ-મંત્રી, સરપંચ, મામલતદાર, મુખ્ય અધિકારી પાસેથી આવકનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

### લાભ ક્યાથી મળે

- સ્ત્રી આરોગ્ય કાર્યકર (સબંધિત વિસ્તાર) દ્વારા આ લાભ આપવામાં આવશે.

### યોજનાનો લાભ મેળવવા માટેની પદ્ધતિ

- આ યોજના અંતર્ગત સહાય માટે સ્ત્રી આરોગ્ય કાર્યકર પાસે ફોર્મ ભરાવવાનું રહેશે અને સાથે બી.પી.એલ. કાર્ડ હોવાનો પુરાવો અથવા આવકનો પુરાવો જોડવાનો રહેશે.

### યોજના અંતર્ગત સહાય/લાભ

- આ યોજના હેઠળ લાભાર્થીને રૂા.૭૦૦/- ગ્રામ્ય વિસ્તારમાં તેમજ રૂા.૬૦૦/- શહેરી વિસ્તારમાં પોષણયુક્ત ખોરાક, પ્રસૂતિ સમયે થતો દવાનો ખર્ચ કે અન્ય કોઇ ખર્ચ કે અન્ય કોઇ ખર્ચને પહોંચી વળવા માટે સગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ મહીનાના સમયગાળામાં બેંક ખાતામાં ચૂકવવામાં આવશે.

## વ્હાલી દીકરી યોજના

### લાભ કોને મળે

- આ યોજના હેઠળ જે પરિવારમાં તા.૦૨-૦૮-૨૦૧૯ પછી પ્રથમ સંતાનમાં અને બીજા અને ત્રીજા (જોડીયા) સંતાનમાં દીકરીનો જન્મ થાય તથા પરિવારની વાર્ષિક આવક રૂા.૨,૦૦,૦૦૦/- થી ઓછી હોય તેવા પરિવારને આ યોજનાનો લાભ મળે છે.

### કેટલો લાભ મળે ?

(૧) પ્રથમ હપ્તો :

- દીકરીના પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂા.૪૦૦૦/- ની સહાય મળવાપાત્ર થશે.

# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

### કેટલો લાભ મળે ?

- (૨) બીજો હપ્તો :
- દીકરીના નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂા.૬૦૦૦/- ની સહાય મળવાપાત્ર થશે.

(૩) ત્રીજો હપ્તો :

- દીકરીની ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ તથા લગ્ન સહાય તરીકે રૂા.૧,૦૦,૦૦૦/- ની સહાય મળવાપાત્ર થશે.

### લાભ ક્યાથી મળેલ




- આંગણવાડી કેન્દ્રો
- સીડીપીઓ કચેરી
- ગ્રામ પંચાયત
- મહિલા અને બાળ અધિકારીની કચેરીથી વિનામૂલ્યે મળશે.

### ક્યા ક્યા પુરાવા જોઈએ ?

- લાભાર્થી દીકરીના માતા-પિતાની સંયુક્ત આવક અંગેનો ચીફ ઓફિસર/મામલતદાર/તાલુકા વિકાસ અધિકારી પૈકી કોઈપણ એકનો દાખલો.
- લાભાર્થી દીકરીના માતા-પિતાની ઉંમર અંગે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર/જન્મનો દાખલો (અન્ય કોઈપણ આધાર-પુરાવાઓ હોય તો PHC/CHC સિવિલ સર્જન પૈકીનો કોઈપણ એક સરકારી ડૉક્ટરી/પ્રમાણપત્ર/સર્ટીફિકેટ)




- દીકરીનુંજન્મનુંપ્રમાણપત્ર
- લાભાર્થી દીકરીના આધારકાર્ડની નકલ
- લાભાર્થી દીકરીના પિતાના આધારકાર્ડની નકલ
- લાભાર્થી દીકરીના માતાના આધારકાર્ડની નકલ
- દંપતિ પોતાના હયાત તમામ બાળકોના જન્મના દાખલા
- અરજદારના રેશનકાર્ડની નકલ
- નિયત નમૂનામાં દંપતિનું સોગંદનામું

# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## મહિલા શક્તિ કેન્દ્ર

### લાભ કોને મળે

- કોઈપણ મહિલા/યુવતીને લાભ મળે.
- કોઈપણ આવક મર્યાદા બાધ નથી.

### યોજના વિશે

- મહિલા શક્તિ કેન્દ્ર એક એવું એકમ છે જેના સરકારની વિવિધ સેવાઓ, કાર્યક્રમો, કૌશલ્ય વિકાસ રોજગારી, ડીજીટલ સાક્ષરતા, આરોગ્ય અને પોષણ માટેની તકો અંગેની માહિતી અને કાર્યક્રમો ગ્રામ્ય સ્તરની છેવાડાની મહિલાઓ સુધી પહોંચાડવામાં આવશે. જેથી મહિલાને સશક્ત બનાવી શકાય.
- મહિલા સશક્તિકરણ માટે અમલી કાર્યક્રમો અને યોજના જેવા કે BBBP (બેટી બચાઓ, બેટી પઢાઓ), વન સ્ટોપ સેન્ટર, ૧૮૧ મહિલા હેલ્પલાઈન, મહિલા પોલીસ સ્વયં સેવકો, સ્વધાર, ઉજ્જવલા વગેરે યોજનાની માહિતી પૂરી પાડવી તથા લાભ અપાવવા.

### લાભ ક્યાથી મળે ?

- જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી, રાજકોટ

### ક્યા ક્યા પુરાવા જોઈએ ?

- મહિલાને સરકારની જે યોજનાનો લાભ મેળવવા માટે અરજી કરેલ તેને અનુરૂપ આધાર-પુરાવા રજૂ કરવાના રહે છે.

## 'બેટી બચાઓ બેટી પઢાઓ'

### લાભ કોને મળે

- સમગ્ર સમૂદાયને લાભ મળે છે.

### કેટલો લાભ મળે ?

- ઘટતા જતા કન્યાના જન્મદરને વધારવો અને કન્યા શિક્ષણ પૂરું પાડવું.
- જાતિ આધારિત લિંગ પરીક્ષણ અટકાવવું.
- દીકરીઓના અસ્તિત્વને સુરક્ષાને સુનિશ્ચિત કરવી.

### લાભ ક્યાથી મળેલ

- જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, રાજકોટ

# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## સુકન્યા સમૃદ્ધિ યોજના

### લાભ કોને મળે

- ઝીરો થી દશ વર્ષ સુધીની દીકરી/કન્યા આ યોજનામાં જોડાઇ શકે છે.
- માતા-પિતા અથવા કાયદેસરના વાલી દીકરી-કન્યાનું ખાતું ખોલાવી શકે છે. (કન્યાની ઉંમર મર્યાદા ૧૦ વર્ષ).
- દીકરી-કન્યાનું એક જ ખાતું ખૂલી શકે પરંતુ જો એક કરતા વધારે દીકરીઓ કુટુંબમાં હોય તો વધુમાં વધુ બે દીકરીનું ખાતું ખોલી શકાય.
- પ્રથમ દીકરીના જન્મ બાદ બીજી ડીલીવરીમાં ટ્વીન્સ બેબી-દીકરીનો જન્મ થાય તો ત્રણે દીકરીના સુકન્યા સમૃદ્ધિમાં ખાતું ખોલાવી શકાય.

### શરતો

- ખાતું ખોલાવ્યા બાદ એક નાણાંકીય વર્ષમાં ઓછામાં ઓછા રૂા.૨૫૦/- ભરવા જરૂરી છે. અને વધુમાં વધુ રૂા.૧,૫૦,૦૦૦/- (એક લાખ પચાસ હજાર પુરા) ભરી શકાય અને આ ભરેલ રકમ ઇન્કમટેક્ષની કલમ ૮૦(સી) હેઠળ બાદ મળી શકે છે.

### કેટલો લાભ મળે :


- બેંક ડીપોઝીટના વ્યાજ દરની સરખામણીએ વધારે વ્યાજ મળે છે.
- આ ખાતામાં ભરવામાં આવતી રકમ ઇન્કમટેક્ષની કલમ ૮૦(સી) હેઠળ વધુમાં વધુ રૂા.૧,૫૦,૦૦૦/- સુધી બાદ મળે છે.
- દીકરી/કન્યાના લગ્ન સમયે ઉપયોગમાં લઇ શકાય તેમજ કન્યાના/દીકરીના ઉચ્ચ અભ્યાસ માટે જમા રહેલ રકમમાંથી ૫૦% રકમ ઉપાડી શકાય.

### લાભ ક્યાંથી મળે

- જાહેર ક્ષેત્રની બેંકો, ખાનગી બેંકો તેમજ પોસ્ટ ઓફિસમાં સુકન્યા સમૃદ્ધિ ખાતું ખોલાવી શકાય છે.

### ખાતું ખોલાવવા ક્યા ડોક્યુમેન્ટ જોઇએ :

- કન્યા/દીકરીનું જન્મ પ્રમાણપત્ર.
- વાલીનું ફોટાવાળું ઓળખપત્ર.
- વાલીનું રહેઠાણના સરનામાવાળો પુરાવો.



# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## પાલક માતા-પિતા યોજના

### લાભ કોને મળે

- આ યોજનાનો લાભ જે બાળકના માતા-પિતા મૃત્યુ પામ્યા હોય તેમજ પિતાનું અવસાન થયેલ હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય તેવા ૦ થી ૧૮ વર્ષની વય જૂથના અનાથ બાળકોનાં પાલક માતા-પિતાને મળવાપાત્ર છે.
- આ સહાયનો વપરાશ બાળકના શિક્ષણ, આરોગ્ય, પોષણ વગેરે હેતુ માટે કરવામાં આવે છે.
- ધોરણ-૧૦ માં નાપાસ થયા હોય તેવા શાળાએ ન જતાં ઘરેથી આપ મેળે તૈયારી કરી ધોરણ-૧૦ની બોર્ડ પરીક્ષા આપતા રીપીટર વિદ્યાર્થી દ્વારા જો બોર્ડની પરીક્ષાનું ફોર્મ ભરેલ હોય તેવા ૧૮ વર્ષ સુધીના રીપીટર વિદ્યાર્થીઓને લાભ મળશે.

### લાભ ક્યાંથી મળે

- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી - જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી

### કેટલો લાભ મળે

- બાળકના માતા-પિતાને માસીક રૂા.૩૦૦૦/-ની સહાય

### કયા કયા પુરાવા જોઈએ

- ઉંમરનો પુરાવો. (બાળકના જન્મ તારીખનો દાખલો/શાળા છોડ્યાનું પ્રમાણપત્ર)ની પ્રમાણિત નકલ.
- બાળકના માતા-પિતાના મરણના દાખલાની પ્રમાણિત નકલ
- જે કિસ્સામાં બાળકના પિતા મરણ પામેલા હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય તે કિસ્સામાં અરજદારશ્રી દ્વારા બાળકના પિતાના મૃત્યુ બાદ માતાએ પુનઃલગ્ન કરેલ તે અંગેનું સોગંદનામું. તેમજ શક્ય હોય તો આ અંગે લગ્ન નોંધણી અંગેનું પ્રમાણપત્ર કે તલાટી-કમ-મંત્રી દ્વારા આપેલ દાખલો માતાના પુનઃલગ્ન અંગેના પુરાવા તરીકે
- મામલતદારશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રીના ચાલુ વર્ષના આવકના દાખલાની પ્રમાણિત નકલ (ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૨૭૦૦૦/- થી વધુ શહેરી વિસ્તાર માટે રૂા.૩૬૦૦૦/- થી વધુ આવક હોવી જરૂરી).
- ૩ થી ૬ વર્ષની ઉંમરના અનાથ બાળકને આંગણવાડીમાં મૂકવાના રહેશે. આંગણવાડીમાં જતાં બાળકો માટે પ્રોગ્રામ ઓફિસરનું પ્રમાણપત્ર દર વર્ષે રજૂ કરવાનું રહેશે. ૬ વર્ષથી ઉપરની ૬ વર્ષની ઉંમરના બાળકોને ફરજીયાત શાળાનું શિક્ષણ અપાવવાનું રહેશે અને દર વર્ષે નવીન શૈક્ષણિક સત્ર શરૂ થતાં બાળકનો અભ્યાસ

# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

ચાલુ હોવા અંગે શાળાના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર

- બાળક અને પાલક માતા-પિતાના સંયુક્ત બેંક ખાતું હોય તો પાસબુકની નકલ અરજી કરતાં સમયે સાથે જોડવી અને ન હોય તો અરજી મંજૂર કર્યા બાદ સંયુક્ત બેંક ખાતુ ખોલાવી રજૂ કરવું.
- બાળક અને પાલક માતા-પિતાના આધારકાર્ડની નકલ.
- અરજદાર પાલક માતા-પિતાના રેશનકાર્ડ અને ચૂંટણીકાર્ડની પ્રમાણિત નકલ.
- સાક્ષીઓના ઓળખના પુરાવા
- પાલક માતા-પિતા સાથે બાળકનો સંબંધ દર્શાવતું પ્રમાણપત્ર (ગ્રામ્ય વિસ્તાર હોય તો સરપંચશ્રી કે તલાટીશ્રીની/શહેરી વિસ્તાર હોય તો વોર્ડ મેમ્બરનું)
- બાળક હાલમાં જે ધોરણમાં અભ્યાસ કરતો હોય તેના ગત વર્ષના ધોરણની માર્કશીટની નકલ શક્ય હોય તો
- બાળક અને પાલક માતા-પિતાનો સંયુક્ત ફોટો તથા બાળકનો એક ફોટો અરજી ઉપર ચોંટાડવો.



# મહિલા અને બાળ વિકાસની યોજનાઓ

## સ્પોન્સરશીપ યોજના

### લાભ કોને મળે

- ફરજિયાત શિક્ષણ મેળવતા બાળકને આ યોજનાનો લાભ મળશે, અભ્યાસ બંધ થતા સહાય બંધ કરવામાં આવશે.
- બાળકના માતા વિધવા હોય, છુટાછેડા લીધેલ હોય અથવા બાળક/માતાને કુટુંબ દ્વારા ત્યજી દેવામાં આવેલ હોય ઉપરાંત કોઈપણ કારણોસર માતા-પિતા બાળકની સારસંભાળ લેવા સક્ષમ ન હોવાનાં કારણે બાળકને બાળ સંભાળ ગૃહમાં  રાખેલ હોય તેવા કિસ્સામાં આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
- બાળકનાં માતા-પિતા બન્ને અથવા માતા અથવા પિતા અવસાન પામેલ હોય અથવા ગંભીર અકસ્માતનાં કારણે અશક્ત બનેલ હોય અથવા ૫૦% માનસિક/ ૮૦% શારીરિક દિવ્યાંગતા ધરાવતા હોય તેવા અને આર્થિક ઉપાર્જન ન કરી શકવાના કારણે બાળકોની સંભાળ લેવા માટે સક્ષમ ન હોય તેઓના બાળકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
- માતા-પિતા બન્ને જેલમાં હોય અથવા બન્ને માંથી કોઈ એક જેલમાં હોય અને બીજાનું અવસાન થયેલ હોય તેઓના બાળકોને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
- બાળસંભાળ ગૃહમાં રહેતા હોય તેવા બાળકના માતા-પિતા બન્ને, માતા અથવા પિતા SERO POSITIVE ILLNESS, કેન્સર, સીકલસેલ, રક્તપીત, થેલેસેમીયા તેમજ અન્ય જીવલેણ બીમારીઓથી પીડાતા હોય તેવા માતા-પિતાના બાળકને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

### કેટલો લાભ મળે

- બાળકોને શૈક્ષણિક કુટુંબમાં પુનઃ સ્થાપન કરવા અર્થે માસિક રૂ.૩,૦૦૦/- લેખે કમિટીએ મંજૂર કર્યેથી ત્રણ વર્ષ માટે યોજનાનો લાભ.

### લાભ ક્યાંથી મળે

- આ યોજનાના ફોર્મ જે તે જિલ્લાના બાળ સુરક્ષા અધિકારીની કચેરીએથી.
- બાળકને ઓછામાં ઓછું ૧ મહિના ચિલ્ડ્રન હોમમાં રહેવું જરૂરી છે.
- અરજદારે બેંકમાં બાળકના નામ સાથેનું સંયુક્ત એકાઉન્ટ ખોલાવવાનું રહેશે.

### ક્યા ક્યા પુરાવા જોઈએ

- બાળકના ઉંમરના દાખલા માટે જન્મનો દાખલો / શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ.
- અરજદારના બાળક સાથેનો પાસપોર્ટ સાઇઝનો ફોટો.
- બાળકના માતા અથવા પિતાના મરણના દાખલાની પ્રમાણિત નકલ.
- અરજદારની વાર્ષિક આવક ગ્રામ્ય સ્તરે રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦/-થી વધુ ના હોય તેવું આવકનું પ્રમાણપત્ર.
- ૩ થી ૬ વર્ષની ઉંમરના બાળકો માટે - આંગણવાડીમાં જતા હોય તેનું સીડીપીઓનું પ્રમાણપત્ર.
- ૬ વર્ષથી વધુ ઉંમરના બાળકો માટે - બાળક શાળામાં ભણે છે તે અંગેનું આચાર્ય પાસેથી પ્રમાણપત્ર દર વર્ષે રજૂ કરવાનું રહેશે.

# સંકલિત બાળ વિકાસને લગતી યોજના

## સંકલિત બાળ વિકાસ યોજના (આઈ.સી.ડી.એસ.), આંગણવાડી કેન્દ્ર

### આંગણવાડીના લાભાર્થીઓ :

- ૦ થી ૬ માસના બાળકોને
- ૬ માસથી ૩ વર્ષના બાળકોને
- ૩ વર્ષથી ૬ વર્ષના બાળકોને
- ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓને તથા ૧૫ થી ૧૮ વર્ષની તમામ કિશોરીઓને.
- સગર્ભા અને ધાત્રી માતાઓને.

### મળવાપાત્ર લાભ :

- ૦ થી ૬ માસના બાળકોની આરોગ્ય તપાસ અને રસીકરણ.
- ૬ માસથી ૩ વર્ષના બાળકો, ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓ તથા ૧૫ થી ૧૮ વર્ષના તમામ કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓને ઘરે લઇ જવા માટે ટી.એચ.આર. (ટિક હોમ રેશન - ઘરે લઈ જવા માટે પેકેટ, બાળકો માટે બાળ શક્તિના અમુલ ટી.એચ.આર.ના પેકેટ, કિશોરીઓ માટે પૂર્ણ શક્તિના અમુલ ટી.એચ.આર.ના પેકેટ અને સગર્ભા અને ધાત્રી માતાઓ માટે માતૃ શક્તિના અમુલ ટી.એચ.આર.ના પેકેટ) આપવામાં આવે છે.



- ૩ વર્ષથી ૬ વર્ષના બાળકોને આંગણવાડી કેન્દ્ર પર અઠવાડિયામાં બે દિવસ સોમવાર અને ગુરુવારે સીઝનેબલ ફળ આપવામાં આવે છે.
- ૦ થી ૫ વર્ષના બાળકોનું ઉંમર પ્રમાણે વજન કરી વૃદ્ધિ આલેખ પર વજન કરી પોષણ સ્તર તપાસવાની કામગીરી.
- ૩ વર્ષથી ૫ વર્ષના કુપોષિત બાળકોને ત્રીજા ભોજન તરીકે લાડું (ઘરે લઈ જવા માટે) આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડી કેન્દ્ર પર અપાતા સવારના ગરમ નાસ્તા માટેનું દરરોજનું મેનુ દિવસ પ્રમાણે નીચે મુજબ છે. (વાનગી માટે કાચી સામગ્રી ૫૦-૬૦ ગ્રામ)

# સંકલિત બાળ વિકાસને લગતી યોજના

## સંકલિત બાળ વિકાસ યોજના (આઈ.સી.ડી.એસ.), આંગણવાડી કેન્દ્ર

| ક્રમ | દિવસ/ વાર | સવારનો ગરમ નાસ્તો | પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ ખાદ્ય સામગ્રીનું પ્રમાણ(ગ્રામમા) | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ઘઉં | ચોખા | તુવેર દાળ | તેલ | ગોળ | સીંગદાણા/ તલ |
| ૧ | સોમવાર | સુખડી | ૩૦ | ૦ | ૦ | ૫ | ૧૦ | ૫ |
| ૨ | મંગળવાર | શાકભાજી ઉમેરેલી વઘારેલી ખીચડી | ૦ | ૩૦ | ૨૦ | ૫ | ૦ | ૫ |
| ૩ | બુધવાર | શીરો | ૩૦ | ૦ | ૦ | ૫ | ૧૦ | ૫ |
| ૪ | ગુરૂવાર | લીલી ભાજીના વઘારેલા મુઠીયા | ૩૦ | ૦ | ૦ | ૫ | ૧૦ | ૫ |
| ૫ | શુક્રવાર | શીરો/સુખડી | ૩૦ | ૦ | ૦ | ૫ | ૧૦ | ૫ |
| ૬ | શનિવાર | ગળ્યા પુડલા/ ગળી ભાખરી | ૩૦ | ૦ | ૦ | ૫ | ૧૦ | ૫ |



# સંકલિત બાળ વિકાસને લગતી યોજના

- ૩ થી ૬ વર્ષના બાળકોને આંગણવાડી કેન્દ્ર પર અપાતા બપોરના ગરમ ભોજન માટેનું દરરોજનું મેનુ દિવસ પ્રમાણે નીચે મુજબ છે. (વાનગી માટે કાચી સામગ્રી ૮૦-૯૦ ગ્રામ)

| ક્રમ | દિવસ/વાર | બપોરનું ગરમ ભોજન | પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ ખાદ્ય સામગ્રીનું પ્રમાણ (ગ્રામમાં) |
|---|---|---|---|
| ૧. | સોમવાર | શાકભાજી/દૂધી ઉમેરીને મસાલાવાળી ભાખરી/થેપલા અને તુવેરદાળ લચકો (૧૦ ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરી) | ઘઉંનો લોટ ૫૦ ગ્રામ, લીલી ભાજી/દૂધી ૧૦ ગ્રામ, તેલ ૮ ગ્રામ, તુવેરદાળ ૨૦ ગ્રામની માત્રા મુજબ |
| ૨. | મંગળવાર | લીલી ભાજીના વઘારેલા મુઠીયા (૧૦ ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરી) | ઘઉંનો લોટ ૫૦ ગ્રામ, લીલી ભાજી ૧૦ ગ્રામ, તેલ ૮ ગ્રામ, ગોળ ૧૦ ગ્રામની માત્રા મુજબ |
| ૩. | બુધવાર | ભાત, તુવેરદાળ લચકો અને શાક (૧૦ ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરી) | ચોખા ૫૦ ગ્રામ, તુવેરદાળ ૨૦ ગ્રામ, શાક ૧૦ ગ્રામ, તેલ ૮ ગ્રામની માત્રા મુજબ |
| ૪. | ગુરુવાર | શાકભાજી ઉમેરેલો પુલાવ અને વઘારેલા ચણા (૧૦ ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરી) | ચોખા ૫૦ ગ્રામ, ચણા ૨૦ ગ્રામ, શાક ૧૦ ગ્રામ, તેલ ૮ ગ્રામની માત્રા મુજબ |
| ૫. | શુક્રવાર | દૂધીના ઢેબરા અને વઘારેલા ચણા (૧૦ ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરી) | ઘઉંનો લોટ ૫૦ ગ્રામ, ચણા ૨૦ ગ્રામ, તેલ ૮ ગ્રામ, દૂધી ૧૦ ગ્રામની માત્રા મુજબ |
| ૬. | શનિવાર | વઘારેલા ઢોકળા અથવા ઈડલી (૧૦ ગ્રામ પ્રતિ બાળક સરગવાના પાન ઉમેરી) | ચોખા ૫૦ ગ્રામ, ચણાની દાળ ૨૦ ગ્રામ, શાક ૧૦ ગ્રામ, તેલ ૮ ગ્રામની માત્રા મુજબ |

### લાભ ક્યાથી મળે :

- જે તે આંગણવાડી માંથી.

### ક્યા ક્યા પુરાવા જોઈએ :

- બાળકો, કિશોરીઓ, સગર્ભા માતા અને ધાત્રી માતાઓ આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલા હોવા જોઈએ.

# સંકલિત બાળ વિકાસને લગતી યોજના

## પ્રધાનમંત્રી માતૃત્વ વંદના યોજના (PMMVY)

### કોને લાભ મળે

- સગર્ભા/ધાત્રી માતાને તેના પ્રથમ જીવિત બાળક માટે.

### મળવાપાત્ર લાભ

આ સહાય લાભાર્થીઓને ૩ (ત્રણ) હપ્તામાં ચૂકવવામાં આવે છે.

- પ્રથમ હપ્તો રૂા.૧૦૦૦/- : લાભાર્થીએ સગર્ભાવસ્થાના ૧૫૦ દિવસમાં આંગણવાડી કેન્દ્ર પર નોંધણી કરાવ્યા બાદ.
- બીજો હપ્તો : રૂા.૨૦૦૦/- : ઓછામાં ઓછી એક પૂર્વ પ્રસૂતિ તપાસ અને સગર્ભાવસ્થાના ૬ મહિના બાદ મળવાપાત્ર.
- ત્રીજો હપ્તો : રૂા.૨૦૦૦/- : બાળકના જન્મની નોંધણી, બાળકને ૧૪ અઠવાડિયા સુધીની રસી અપાવ્યા બાદ.

### લાભ ક્યાંથી મળે

- જે તે આંગણવાડી કેન્દ્રમાંથી - PMMVYનું ફોર્મ ભર્યા બાદ (મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા લાભાર્થીના એકાઉન્ટમાં DBT મારફત ઓનલાઇન પૈસા જમા કરાવવામાં આવે છે.

### ક્યા ક્યા પુરાવાઓ જોઇએ

- પ્રથમ હપ્તા માટે : સગર્ભા/ધાત્રી માતાના મમતા કાર્ડની નકલ, તેમના બેંક એકાઉન્ટની પાસબુકની નકલ, સગર્ભા/ધાત્રી માતા અને તેમના પતિના આધારકાર્ડની નકલ.
- બીજા હપ્તા માટે : ઓછામાં ઓછી એક પ્રસૂતિ તપાસ કરાવ્યા અંગેના પુરાવા.
- ત્રીજા હપ્તા માટે : બાળકનો જન્મ તારીખનો દાખલો અને ૧૪ અઠવાડિયા સુધીની રસી અપાવ્યા અંગેના પુરાવા.

## SAG (Scheme for Adolescent Girls) યોજના

### લાભ કોને મળે

- ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરીઓને.

### મળવા પાત્ર લાભ

- કિશોરીઓને પુરક પોષણ ટી.એચ.આર. તરીકે ઘરે લઈ જવા માટે પૂર્ણા શક્તિના પેકેટ.
- કિશોરીઓની આરોગ્ય તપાસ, BMI ની તપાસ અને સંદર્ભ સેવા.
- કિશોરીઓને મમતા દિવસે આંગણવાડી પર દર મહિને ૪ IFA ગોળી (દર અઠવાડિયે એક IFA ગોળી ગળવા માટે).
- કિશોરીઓને આરોગ્ય પોષણ શિક્ષણ, કૌશલ્ય વર્ધન તાલીમ વગેરે જાહેર સેવાઓનો લાભ.

### ક્યા ક્યા પુરાવા જોઇએ

- કિશોરી આંગણવાડી કેન્દ્ર પર નોંધાયેલી હોવી જોઇએ.

# સંકલિત બાળ વિકાસને લગતી યોજના

## PURNA (Prevention of Under-Nutrition and Reduction of Nutritional Anemia among Adolescents) યોજના

### કોને લાભ મળે

- ૧૪ થી ૧૫ વર્ષની તમામ કિશોરીઓને (શાળાએ જતી અને ન જતી કિશોરીઓ).

### મળવાપાત્ર લાભ

- કિશોરીઓને પુરક પોષણ ટી.એચ.આર. તરીકે ઘરે લઇ જવા માટે પૂર્ણા શક્તિના પેકેટ.
- કિશોરીઓની આરોગ્ય તપાસ, BMI ની તપાસ અને સંદર્ભ સેવા.
- કિશોરીઓને મમતા દિવસે આંગણવાડી પર દર મહિને ૪ IFA ગોળી (દર અઠવાડિયે એક IFA ગોળી ગળવા માટે).
- કિશોરીઓને આરોગ્ય પોષણ શિક્ષણ, કૌશલ્ય વર્ધન તાલીમ, વોકેશનલ તાલીમ, કાયદાકીય માહિતી આપેલ કિશોરીઓ અને જાહેર સેવાઓનો લાભ.

### લાભ ક્યાંથી મળે

- જે તે આંગણવાડી કેન્દ્રમાંથી.

### ક્યા ક્યા પુરાવા જોઇએ :

- કિશોરી આંગણવાડી કેન્દ્ર પર નોંધાયેલી હોવી જોઇએ.



# સંકલિત બાળ વિકાસને લગતી યોજના

## નેશનલ ન્યુટ્રીશન મિશન (રાષ્ટ્રીય પોષણ અભિયાન) કાર્યક્રમ :

### ઉદ્દેશ

- સમગ્ર દેશમાં ૦ થી ૬ વર્ષના બાળકોમાં વર્ષ-૨૦૨૨ સુધીમાં કુપોષણનો દર ૩૮.૪% થી ઘટાડીને ૨૫% સુધી લઈ જવા માટેનું લક્ષ્ય.

### સમુદાય આધારિત પ્રસંગો

- માસ દરમ્યાન ચાર મંગળ દિવસની ઉજવણી :

૧. સુપોષણ સંવાદ - પ્રથમ મંગળવાર

૨. બાળતુલા દિવસ - બીજો મંગળવાર

૩. અન્નપ્રાશન અને બાલ દિવસ - ત્રીજો મંગળવાર

૪. અન્ન વિતરણ અને પૂર્ણા દિવસ - ચોથો મંગળવાર

POSHAN Abhiyaan
PM's Overarching Scheme for Holistic Nourishment
सही पोषण - देश रोशन

### પોષણ અભિયાન અંતર્ગત કરવામાં આવતી પ્રવૃત્તિઓ

- ચાર મંગળ દિવસની ઉજવણી : દરેક આંગણવાડી પર કરવામાં આવે છે.
- ILA (ઇન્ક્રીમેન્ટલ લર્નિંગ એપ્રોચ) ટ્રેનીંગ : CDPO, સુપરવાઈઝર, આંગણવાડી વર્કર ક્ષમતાવર્ધન પ્રોગ્રામ.
- ઈ-ગવર્નસ પોષણ અભિયાન એન્ટ્રી.
- ILA ટ્રેનીંગની ઓનલાઇન એન્ટ્રી.
- આઇ.ઈ.સી. લગતી પ્રવૃત્તિઓ.
- BCC (બિહેવીયર ચેન્જ કમ્યુનિકેશન) માસ વાઈઝ પ્રવૃત્તિઓ.
- ઈનોવેશન પ્રોજેક્ટ.
- ડીસ્ટ્રીક્ટ અને બ્લોક કન્વર્ઝશન એક્શન પ્લાન.
- જિલ્લા કક્ષાએ માસિક, ત્રિમાસિક અને ઘટક કક્ષાએ માસિક બેઠકમાં પોષણ અભિયાનની કામગીરીની સમીક્ષા.
- જિલ્લા તથા ઘટક કક્ષાએ NMM સ્ટાફ દ્વારા માસિક સપોર્ટીવ સુપરવિઝન વિઝીટ.
- ICDS CAS દ્વારા દરેક આંગણવાડી વર્કરને સ્માર્ટ ફોન રાજ્ય કક્ષાએથી આપવામાં આવેલ છે. જેમાં આંગણવાડીની પ્રવૃત્તિઓની દરરોજ ઓનલાઇન એન્ટ્રી કરવામાં આવે છે.

# સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓ

## અટલ પેન્શન યોજના

### લાભ કોને મળે

- ૧૮ થી ૪૦ વર્ષના બધા જ ભારતીય નાગરિકોને લાભ મળે.
- બચત ખાતું હોવું જરૂરી.

### કેટલો લાભ મળે

- લાભાર્થીનિ નિયત કરેલ એટલે કે તેમણે પસંદ કરેલ પેન્શન પ્લાન પ્રમાણે ૬૦ વર્ષની ઉંમર બાદ રૂ.૧૦૦૦, રૂ.૨૦૦૦, રૂ.૩૦૦૦, રૂ.૪૦૦૦ અથવા રૂ.૫૦૦૦ જે પસંદ કરેલ હોય તે રકમ દર માસે આજીવન મળે.
- લાભાર્થીના મૃત્યુ બાદ તેમના જીવનસાથીને તેટલી જ રકમનું પેન્શન દર માસે આજીવન મળશે.
- બન્નેના અવસાન બાદ તેમાં જમા રહેલ રકમ વ્યાજ સહિત બધી રકમ તેમના વારસદારને મળી જશે.
- કુટુંબને વધારે લાભ થાય તે માટે પતિ-પત્ની બન્ને અલગ-અલગ પેન્શન પ્લાન લઈ શકે છે.

### શરતો :

- લાભાર્થીએ દર મહિને નક્કી કરેલ યોગદાન અવશ્ય આપવું પડે. ટૂંકમાં દર માસે નિયમિત રીતે નિયમ કરેલ રકમ ભરવી પડે. આ માટે સ્ટેન્ડીંગ ઈન્સ્ટ્રકશન દ્વારા લાભાર્થીના બચત ખાતામાંથી ઓટોમેટીક રકમ કપાવી શકાય છે જે સરળ રહે છે.
- આ યોજના હેઠળ ફક્ત એ વ્યક્તિનું એક જ ખાતું ખુલી શકે.
- ૬૦ વર્ષ પહેલા જો લાભાર્થીનું અવસાન થાય તો આ ખાતું બંધ કરી શકાય છે. અથવા તેમના જીવનસાથી ખાતું ચાલુ રાખી શકાય છે.

### લાભ ક્યાંથી મળે

- જાહેર ક્ષેત્રની બેંક તેમજ પોસ્ટ ઓફિસમાં રજિસ્ટ્રેશન થઇ શકે છે.

### ક્યા ક્યા પુરાવા જોઈએ :

- બચત ખાતાની પાસબુક.
- રજિસ્ટ્રેશન ફોર્મ.

# સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓ

## પ્રધાનમંત્રી જીવન જયોતિ બીમા યોજના (જિંદગીનો વિમો)

### લાભ કોને મળે

- દરેક બચત ખાતું ધરાવનારાઓને કે જેમની ઉંમર ૧૮ વર્ષથી ૫૦ વર્ષ સુધીની હોય.
- વાર્ષિક પ્રીમિયમ રૂા.૩૩૦/- ઓટો ડેબીટ સુવિધા દ્વારા.
- એક વખત એન્ટ્રી થઇ જાય પછી ૫૫ વર્ષ સુધી રીન્યૂ થઇ શકે છે.

### કેટલો લાભ મળે

- આકસ્મિક અથવા કુદરતી મોતના સંજોગોમાં વારસદારને રૂા.૨.૦૦ લાખ (રૂપિયા બે લાખ) વિમો રકમ મળે.

### લાભ ક્યાંથી મળે

- જાહેર ક્ષેત્રની બેંકો, ખાનગી બેંકો, ગ્રામિણ બેંક અને સહકારી બેંક.

### શરતો :

- આ યોજનામાં એક જ વખત ફોર્મ ભરી ઓટો ડેબીટ સીસ્ટમ હોવાથી ઓટો ડેબીટ સમયે (સામાન્ય રીતે મે માસના છેલ્લા વીકમાં) બચત ખાતામાં પૂરતું બેલેન્સ હોવું જરૂરી છે.
- યોજનાની મુદત ૧ જૂનથી ૩૧ મે.

### ક્યા ક્યા પુરાવા જોઈએ :

- બેંકની બચત ખાતાની પાસબુક.

### ક્લેઈમ માટે જરૂરી પુરાવા :

- મરણનોંધનું પ્રમાણપત્ર, વારસદારનું ફોટો ઓળખકાર્ડ અને રહેઠાણનો પુરાવો.

Pradhan Mantri
Jeevan Jyoti Bima Yojana

# સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓ

## પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના (અકસ્માત વિમો)

### લાભ કોને મળે

- દરેક બચત ખાતા ધારકો કે જેમની ઉંમર ૧૮ વર્ષથી ૭૦ વર્ષ સુધીની હોય તે વ્યક્તિ આ યોજનામાં જોડાઈ શકે છે.
- વાર્ષિક પ્રીમિયમ રૂા.૧૨ (રૂપિયા બાર) ઓટો ડેબીટ સીસ્ટમથી પ્રીમિયમની ભરપાઈ થાય.
- એક જ વખત ફોર્મ ભરવાનું.

### લાભ ક્યાંથી મળે

- જાહેર ક્ષેત્રની બેંકો, ખાનગી બેંકો, સહકારી બેંકો તેમજ ગ્રામિણ બેંકોમાંથી મળે.

### કેટલો લાભ મળે :

- અકસ્માતે મૃત્યુના સંજોગોમાં વારસદારને રૂા.૨.૦૦ લાખ (રૂપિયા બે લાખ)નું વળતર મળે.
- શરીરના અગત્યના અંગો પૈકી કોઈ એક અંગને કાયમી ધોરણે નુકશાન થાય તો ૫૦% રકમ એટલે કે રૂા.૧.૦૦ લાખ (એક લાખ)નું વળતર મળે. એટલે કે અકસ્માતના કારણે એક હાથ અથવા એક પગ અથવા એક આંખ કાયમી જતી રહે તેવા કેસમાં રૂપિયા એક લાખનું વળતર મળે.

### શરતો

- આ યોજનામાં ઓટો ડેબીટ સીસ્ટમ હોવાથી ડેબીટના સમયે ખાતામાં બેલેન્સ હોવું જરૂરી છે. (સામાન્ય રીતે મે માસના છેલ્લા વીકમાં ઓટો ડેબીટ થાય છે).
- યોજનાની મુદત ૧ જૂનથી ૩૧ મે.

### ક્યા ક્યા પુરાવા જોઈએ

- ફક્ત બેંક ખાતાની (બચત ખાતાની) પાસબુક.

### ક્લેઈમ કરવા માટે શું જોઈએ ?

- આકસ્મિક મોતની સામે જ રક્ષણ મળતું હોવાથી પોલીસ એફ.આઈ.આર.(F.I.R.) ની નકલ.
- પંચનામાની નકલ.
- પોસ્ટમોર્ટમ રીપોર્ટની નકલ.
- મરણનોંધનો દાખલો.
- વારસદારનું ફોટો ઓળખકાર્ડ તેમજ રહેઠાણનો પુરાવો.




- આંશિક નુકશાન અર્થાત એક પગ, એક હાથ અથવા એક આંખનું સંપૂર્ણ નુકશાનના કેસમાં સિવિલ સર્જનનું પ્રમાણપત્ર જરૂરી છે.

# સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓ

## સફાઈ કામદારો અને તેમના આશ્રિતો માટેની વિવિધ યોજનાઓ

### કોને લાભ મળે

- ગુજરાત સરકારશ્રીનું જાહેર સાહસ ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા સફાઇ કામદારો અને તેમના આશ્રિતોનું પુનઃસ્થાપન માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓની અમલવારી થાય છે. તેમજ નિગમની યોજનાઓનો લાભ લેવા આવક મર્યાદા લાગુ પડતી નથી.
- વધુમાં મેન્યુઅલ સ્કેવેન્જર્સ-૨૦૧૩ અંતર્ગત ભૂગર્ભ ગટર કે ખાળકૂવામાં સફાઇ માટે કોઇપણ સફાઇ કામદારને ઉતારવા પર પ્રતિબંધ મૂકેલ છે તેમજ તેઓની સલામતી અને સુરક્ષાના જરૂરી સાધનો આપવા તેમજ આ બાબતે ચૂક થાય તો દંડ અને સજાની જોગવાઇ કરેલ છે.

### લાભ ક્યાંથી મળે

- ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, રાજકોટ.



# સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓ

### સફાઈ કામદાર વિકાસ નિગમની વિવિધ યોજનાઓ
### નિગમ દ્વારા અમલી સીધા ધિરાણ અને સહાયની વિવિધ યોજનાઓ

| ક્રમ | યોજનાનું નામ | મહત્તમ ધિરાણની રકમ રૂ. | વ્યાજનો દર | લોન ભરપાઈ કરવાની મુદત |
|---|---|---|---|---|
| ૧. | મહિલા સમૃદ્ધિ યોજના (MSY) | રૂ.૫૦,૦૦૦/- | ૪% | ૩૬ હપ્તા (૩ વર્ષ) |
| ૨. | માઈક્રો ક્રેડીટ ફાઈનાન્સ યોજના (MCF) | રૂ.૫૦,૦૦૦/- | ૫% | ૩૬ હપ્તા (૩ વર્ષ) |
| ૩. | મહિલા અધિકારિતા યોજના (MAY) | રૂ.૭૫,૦૦૦/- | ૫% | ૬૦ હપ્તા (૫ વર્ષ) |
| ૪. | સીધા ધિરાણ યોજના (DF) | રૂ.૫૦,૦૦૦ થી રૂ.૧૫ લાખ | ૬% | ૬૦ હપ્તા (૫ વર્ષ) |
| ૫. | શૈક્ષણિક લોન | રૂ.૧૦ લાખ ભારતમાં રૂ.૨૦ લાખ વિદેશમાં અથવા ખરેખર થયેલ ખર્ચની મર્યાદામાં | ૩.૫% વિદ્યાર્થીનીઓ માટે ૪% વિદ્યાર્થીઓ માટે | લોન પૂરી થયા બાદ ૧ વર્ષ પછી અથવા નોકરી મળ્યા પૈકી જે વહેલું હોય ત્યારથી |
| ૬. | તાલીમ યોજના | આ યોજના હેઠળ નિગમ દ્વારા બેઝિક કોમ્પ્યુટર, મોટર વાઈડીંગ, ટેલરીંગ, એમ્બ્રોઈડરી વગેરે જેવા વ્યવસાયો માટે MPCON, ATDC, HARDICON, CIPET જેવી ભારત સરકાર માન્ય સંસ્થાઓ દ્વારા તાલીમ આપવામાં આવે છે.તાલીમાર્થીઓને માસિક રૂ.૫૦૦/- સ્ટાઈપેન્ડ અને કીટ્સ આપવામાં આવે છે. | | |
| ૭. | ડૉ.આંબેડકર સફાઈ કામદાર આવાસ યોજના | સહાય રૂ.૧,૨૦,૦૦૦/- વ્યક્તિગત ધોરણે આવાસ સહાય | | |
| ૮. | વીમા કવચ યોજના | સફાઈ કામદારના આકસ્મિક મૃત્યુ પ્રસંગે રૂ.૨.૦૦ લાખની સહાય | | |

# સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓ

## વિધવા સહાય યોજના

### લાભ કોને મળે

- ઉંમર ૧૮ વર્ષની ઉપરની વયની વિધવા મહિલાને.
- કુટુંબની વાર્ષિક આવક મર્યાદા રૂા.૧,૨૦,૦૦૦/- ગ્રામ્ય વિસ્તાર માટે અને રૂા.૧,૫૦,૦૦૦/- શહેરી વિસ્તાર માટે.

### કેટલો લાભ મળે

- વિધવા મહિલાને રૂા.૧૨૫૦/-

### લાભ ક્યાથી મળે

- સબંધિત મામલતદાર કચેરીએ અરજી રજૂ કરવાની રહે. (અરજી મંજૂર થયેથી લાભાર્થીના WFA એકાઉન્ટમાં DBT દ્વારા જમા કરવામાં આવે છે)

### ક્યા ક્યા પુરાવા જોઈએ

- રેશનકાર્ડની નકલ.
- પતિના મરણનો દાખલો
- પતિના મરણની નોંધણી કરાવેલ ન હોય યોગ્ય રકમના સ્ટેમ્પ પેપર પર નોંધાવેલ સોગંદનામું
- વિધવા હોવા અંગેનું પ્રમાણપત્ર
- બાળકોના જન્મ દાખલા
- બે પાસપોર્ટ સાઈઝના ફોટા
- આધાર કાર્ડની નકલ
- આવકનો દાખલો
- ઉંમરનો દાખલો (કોઈપણ એક દાખલાની પ્રમાણિત નકલ). શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જન્મનો દાખલો, ફક્ત સિવિલ હોસ્પિટલ અથવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા નગરપાલિકા સંચાલિત દવાખાના સુપ્રિન્ટેન્ડેન્ટનો ઉંમરનો દાખલો.
- લાભાર્થીએ પુનઃ લગ્ન કર્યા નથી તે અંગેનું પ્રમાણપત્ર તથા આવકનું પ્રમાણપત્ર ૩ (ત્રણ) વર્ષે મામલતદાર

# સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓ

- કચેરીમાં ફરી રજૂ કરવાનું રહેશે.
- ૧૦ વર્ષથી વધુ સમયથી ગુજરાતમાં વસવાટ કરતાં હોય તેના પ્રમાણપત્રની નકલ.
- પેઢીનામું (તલાટી-કમ-મંત્રી). આ માહિતી સોગંદનામામાં પણ ઉમેરવી પડશે.
- લાભ મેળવનાર લાભાર્થીઓ (ઉંમર ૧૮ થી ૪૦ વર્ષ) કૌશલ્યવર્ધક તાલીમ બે વર્ષની અંદર મેળવી લેવી અને તેનું પ્રમાણપત્ર મામલતદાર કચેરીએ જમા કરાવવાનું રહેશે.
- પેન્શન મંજૂર થયે નજીકના વિસ્તારની પોસ્ટ ઓફિસમાં ખાતું ખોલાવી, પાસબુકની નકલ અરજી સાથે મામલતદાર કચેરીએ લેખિતમાં આપવી.



# સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓ

## ઈંદિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન (વય વંદના) યોજના

### લાભ કોને મળે

- બી.પી.એલ (૦ થી ૨૦ સ્કોર) લાભાર્થી ૬૦ વર્ષ કે તેથી વધુ

### કેટલો લાભ મળે

- માસિક રૂા.૭૫૦/-, ૬૦ વર્ષથી ૭૯ વર્ષની ઉંમરની વ્યક્તિઓને
- માસિક રૂા.૧૦૦૦/-, ૮૦ વર્ષ કે તેથી વધુ ઉંમરની વ્યક્તિઓને

### લાભ ક્યાથી મળે

- સમાજ સુરક્ષા કચેરી, સંબંધિત વિસ્તારના મામલતદારશ્રીને અરજી કરવી.

### ક્યા ક્યા પુરાવા જોઈએ

- ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા
- બી.પી.એલ.નો દાખલો (નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ બહાર પાડેલ બી.પી.એલ. યાદી/નગરપાલિકા અથવા મહાનગરપાલિકાનું પ્રમાણપત્ર)
- રેશનકાર્ડની નકલ
- આધાર કાર્ડની નકલ
- જન્મનો દાખલો (પંચાયતમાં નોંધણી કરાવેલ હોય તો પંચાયતમાંથી/શાળા છોડ્યાના પ્રમાણપત્રની નકલ) / સરકારી ડોક્ટરની પેનલે આપેલું વયનું સર્ટીફિકેટ (સરકારી દવાખાનામાંથી નિઃશુલ્ક મળવાપાત્ર)



- ચૂંટણી કાર્ડની નકલ
- પેન્શન મંજૂર થયા પછી બેંકમાં ખાતું ખોલાવી, પાસબુક (ચોપડી)ની નકલ સમાજ સુરક્ષા ખાતામાં અને મામલતદારશ્રીની કચેરીએ લેખિતમાં આપવી.
- દર વર્ષે હયાતીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

# સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓ

## સંકટ મોચન યોજના

### લાભ કોને મળે

- બી.પી.એલ (૦ થી ૨૦ સ્કોર) પરિવારના મુખ્ય કમાનાર સભ્યનું તા.૧૫-૦૮-૧૯૯૫ પછી કુદરતી રીતે કે અકસ્માતથી અવસાન થયેલું હોય.
- અકસ્માતથી થયેલ અવસાન પછીના બે વર્ષની અંદર અરજી થયેલી હોવી જોઈએ.
- અરજી નામંજૂર થઇ હોય તેવા સંજોગોમાં નામંજૂરીના હુકમની તારીખથી ૬૦ દિવસની સમયમર્યાદામાં સંબંધિત પ્રાંત અધિકારીશ્રીને (એપેલેટ ઓથોરીટી) ફરી અરજી કરી શકાય.

### કેટલો લાભ મળે

- રૂા.૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. (ઉચ્ચક સહાય ૧ (એક) જ વાર)

### લાભ ક્યાંથી મળે

- સંબંધિત વિસ્તારની મામલતદાર કચેરી.

### ક્યા ક્યા પુરાવા જોઈએ

- અરજદારની ઉંમરનો પુરાવો
- પતિના મરણનો દાખલો
- મરણ પામનાર વ્યક્તિની ઉંમરનો દાખલો
- રેશનકાર્ડની નકલ
- બીપીએલનો દાખલો
- મામલતદાર સમક્ષ સોગંદનામું
- વિધવા હોવા અંગેનું પ્રમાણપત્ર (સ્ત્રી અરજદાર હોય તો)
- બેંક પાસબુકની નકલ
- આધાર કાર્ડની નકલ



# સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓ

## નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના

### લાભ કોને મળે

સ્ત્રી કે પુરુષ ૬૦ વર્ષ કે તે કરતાં વધુ ઉંમરના નિરાધાર વૃદ્ધ વ્યક્તિને

- ૨૧ વર્ષનો પુત્ર ન હોય.
- પુત્ર માનસિક અસ્થિર હોય કે કેન્સર, ટીબી જેવી ગંભીર માંદગીથી પીડાતા હોય તેવા વૃદ્ધ પણ અરજી કરી શકશે.
- ઓછામાં ઓછા ૧૦ વર્ષથી ગુજરાત રાજ્યમાં કાયમી વસવાટ કરતાં હોય.
- કુટુંબની વાર્ષિક આવક મર્યાદા - ગ્રામીણ વિસ્તાર માટે રૂા.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂા.૧,૫૦,૦૦૦/-

### કેટલો લાભ મળે

- રાજ્ય સરકારની વૃદ્ધ પેન્શન સહાય યોજના હેઠળ રૂા.૭૫૦/- માસિક સહાય મળે છે. (ડી.બી.ટી. દ્વારા)

### લાભ ક્યાથી મળે

- સંબંધિત વિસ્તારના મામલતદારશ્રીને અરજી કરવી

### ક્યા ક્યા પુરાવા જોઈએ

- ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા
- રેશનકાર્ડની નકલ
- આવકનો દાખલો
- આધાર કાર્ડની નકલ
- ઉંમરનો દાખલો (કોઈ પણ એક દાખલાની નકલ) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જન્મનો દાખલો (તલાટી/નગર પંચાયત રેકર્ડ ઉપરનો), ફક્ત સિવિલ હોસ્પિટલ અથવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા નગરપાલિકા સંચાલિત દવાખાના સુપ્રિન્ટેન્ડન્ટનો ઉંમરનો દાખલો.
- ૨૧ વર્ષનો પુત્ર નથી તે અંગેનું પ્રમાણપત્ર (તલાટી-કમ-મંત્રી)
- ગુજરાત રાજ્યના વતની હોવાનો દાખલો (તલાટી-કમ-મંત્રી)
- ૧૦ વર્ષથી વધુ સમયથી ગુજરાતમાં વસવાટ કરતાં હોય તેના પ્રમાણપત્રની નકલ (તલાટી-કમ-મંત્રી)
- પેન્શન મંજૂર થયા પછી બેંકમાં ખાતુ ખોલાવી પાસબુક (ચોપડી)ની નકલ સમાજ સુરક્ષા ખાતામાં અને મામલતદારશ્રીની કચેરીએ લેખિતમાં આપવી.
- ચૂંટણી કાર્ડની નકલ, બેંક પાસબુકની નકલ
- દર વર્ષે હયાતીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

# સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓ

## કુંવરબાઈનું મામેરુ યોજના

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિની કન્યાના લગ્ન પ્રસંગે
- જેમાં વધુમાં વધુ ૨ (બે) કન્યાને લાભ મળી શકે.
- આ યોજના અંતર્ગત શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા રૂા.૧,૫૦,૦૦૦/- તથા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૧,૨૦,૦૦૦/- છે.

### લાભ ક્યાંથી મળે

- નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, રાજકોટ. (શહેરી વિસ્તાર માટે).
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત (ગ્રામ્ય વિસ્તાર માટે).
- સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી, (સંબંધિત તાલુકા)માં સહાય માટે અરજી કરી શકે છે.

### કેટલો લાભ મળે

- આ યોજનામાં ૧૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

### ક્યા ક્યા પુરાવા જોઈએ

- કન્યાના પિતાનો આવકનો દાખલો.
- કન્યાનો જાતિનો દાખલો.
- બન્નેના રેશનકાર્ડની નકલ.
- બન્નેના આધારકાર્ડ.
- બન્નેના સ્કૂલ લિવીંગ સર્ટીફિકેટ/ઉંમર પુરાવા.
- બેંક પાસબુકની નકલ.
- લગ્ન નોંધણી પ્રમાણપત્ર.
- લગ્ન વિધિ સાથે ફોટોગ્રાફ.



# સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓ

## સાત ફેરા સમૂહ લગ્ન યોજના

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિના કુટુંબો સામાજિક સુધારાના ભાગ રૂપે સમૂહ લગ્નમાં જોડાય તે હેતુસર આ યોજના અમલમાં છે.
- - આ યોજના અંતર્ગત શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા રૂા.૧,૫૦,૦૦૦/- તથા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૧,૨૦,૦૦૦/- છે.

### લાભ ક્યાંથી મળે

- નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, રાજકોટ (શહેરી વિસ્તાર માટે).
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત (ગ્રામ્ય વિસ્તાર માટે).
- સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી, (સંબંધિત તાલુકામાં) સહાય માટે અરજી કરી શકે છે.

### કેટલો લાભ મળે

- આ યોજનામાં યુગલને રૂા.૧૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.
- તથા સમૂહ લગ્ન આયોજન કરનાર સંસ્થાને યુગલ દીઠ રૂા.૨૦૦૦ /- ની સહાય તથા વધુમાં વધુ રૂા.૫૦,૦૦૦/- આપવાનું ઠરાવેલ છે.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

- સંસ્થા તરફથી મળેલ અરજી.
- કન્યાના પિતાનો આવકનો દાખલો.
- કન્યાનો જાતિનો દાખલો.
- બન્નેના રેશનકાર્ડની નકલ.
- બન્નેના આધારકાર્ડ.
- બન્નેના સ્કૂલ લિવીંગ સર્ટીફિકેટ/ઉંમર પુરાવા.
- બેંક પાસબુકની નકલ.
- લગ્ન નોંધણી પ્રમાણપત્ર.
- લગ્ન વિધિ સાથે ફોટોગ્રાફ.



# સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓ

## ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિ અન્ય હિન્દુ ધર્મ પાળતી જ્ઞાતિ વચ્ચે આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન આપવા આંતરજ્ઞાતિય લગ્ન સહાય આપવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત કોઈ આવક મર્યાદા નથી.

### લાભ ક્યાંથી મળે

- નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, રાજકોટ.

### કેટલો લાભ મળે

- આ યોજનામાં કુલ રૂ.૧,૦૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. જેમાં રૂ.૫૦,૦૦૦/- રાષ્ટ્રીય બચતપત્રો તથા રૂ.૫૦,૦૦૦/- ઘરવખરીની ખરીદી માટે ઇ-પેમેન્ટથી સહાય આપવામાં આવે છે.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

બન્નેના જાતિના દાખલો, સંયુક્ત બેંક પાસબુકની નકલ, બન્નેના રેશનકાર્ડ, બન્નેના આધારકાર્ડ, લગ્ન નોંધણી પ્રમાણપત્ર, બન્નેના સ્કૂલ એલ.સી., બન્નેનો સંયુક્ત ફોટોગ્રાફ,બન્નેના એકરારનામું (એફીડેવીટ), બન્નેના પાનકાર્ડ.

## સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિના અરજદારોને સ્વજનના મરણ સમયે કફન કાઠી સહાય પેટે આ યોજનાનો લાભ મેળવી શકાય છે.
- આ યોજના અંતર્ગત શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા રૂ.૧,૫૦,૦૦૦/- તથા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- છે.
- તેમજ આ યોજના અંતર્ગત લાભાર્થી છ માસની અંદર અરજી કરવાની રહે છે.

### લાભ ક્યાંથી મળે

- નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, રાજકોટ (શહેરી વિસ્તાર માટે).
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત (ગ્રામ્ય વિસ્તાર માટે).
- સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી, (સંબંધિત તાલુકામાં) સહાય માટે અરજી કરી શકે છે.

### કેટલો લાભ મળે

- સીધા વારસદારને રૂ.૫૦૦૦/- ઇ-પેમેન્ટ સ્વરૂપે સહાય ચૂકવવામાં આવે છે.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

- જાતિનો દાખલો, આવકનો દાખલો, બેંક પાસબુકની નકલ,રેશનકાર્ડ, મરણનો દાખલો, આધારકાર્ડ

# સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓ

## વ્યંઢળ/કિન્નર/તૃતિય જાતિના લોકો માટેની રાષ્ટ્રીય પેન્શન યોજના

### લાભાર્થીઓ માટે પાત્રતાના માપદંડ

- અરજદાર ભારત સરકારે સૂચિત કર્યા મુજબના માપદંડ અનુસાર વ્યંઢળ/કિન્નર/તૃતિય જાતિના હોવા જોઇએ.
- વ્યંઢળ/કિન્નર/તૃતિય જાતિની વ્યક્તિની ઉંમર ૪૦ થી ૬૦ વર્ષ રહેશે.
- આ યોજનાનો લાભ ઉક્ત તમામ વર્ગના લોકોને મળવાપાત્ર થશે.

### સહાયની રકમ :

- વ્યંઢળ/કિન્નર/તૃતિય જાતિની વ્યક્તિને દર માસે રૂા.૧,૦૦૦/- પેન્શન.

### સહાય કોણ ચૂકવશે અને કેવી રીતે ચૂકવશે ?

- પેન્શન લાભાર્થીના પોસ્ટ ઓફિસ કે બેન્કના ખાતામાં જમા કરવામાં આવશે.

### યોજનાનું અમલીકરણ :

- અરજી પત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાંથી મેળવી, ફોર્મ ભરી રજૂ કરવાનું રહેશે.

## વ્યંઢળ/કિન્નર/તૃતિય જાતિના વિદ્યાર્થીઓ માટેની શિષ્યવૃત્તિની રાષ્ટ્રીય યોજના :વ્યંઢળ/કિન્નર/તૃતિય જાતિના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ (પ્રિમેટ્રીક અને પોસ્ટ-મેટ્રીક)

### લાભ કોને મળે

- અરજદાર ભારત સરકારે સૂચિત કર્યા મુજબના માપદંડ અનુસાર વ્યંઢળ/કિન્નર/તૃતિય જાતિના હોવા જોઇએ.
- ધોરણ ૭ થી ૧૦ (પ્રિ-મેટ્રીક).
- ધોરણ ૧૧ અને ૧૨ (પોસ્ટ-મેટ્રીક).
- માતા-પિતાની કુલ આવક મર્યાદા બધા સ્ત્રોતોમાંથી રૂા.૨,૫૦,૦૦૦/- થી વધુ ન હોવી જોઇએ.

### શિષ્યવૃતિનો દર

- પ્રિ-મેટ્રીકમાં માસિક રૂા.૧૫૦/- (૧૦ માસ માટે) ડે-કેર અને માસિક રૂા. ૩૫૦/- (૧૦ માસ માટે) હોસ્ટેલર માટે
- પોસ્ટ-મેટ્રીકમાં માસિક રૂા.૫૫૦/- (૧૦ માસ માટે) ડે-કેર અને માસિક રૂા. ૧૨૦૦/- (૧૦ માસ માટે) હોસ્ટેલર માટે

### ચુકવણીની પદ્ધતિ

- શિષ્યવૃતિના લાભાર્થીના પોસ્ટ ઓફિસ કે બેન્કખાતામાં જમા કરાવામાં આવશે.

### યોજનાનું અમલીકરણ :

- અરજી પત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાંથી મેળવી, ફોર્મ ભરી રજૂ કરવાનું રહેશે.

# સામાજિક સુરક્ષા અંગેની યોજનાઓ

## વ્યંઢળ/કિન્નર/તૃતિય જાતિના બાળકોના માતા-પિતા માટેની રાષ્ટ્રીય પેન્શન યોજના

### લાભાર્થીઓ માટે પાત્રતાના માપદંડ

- અરજદાર ભારત સરકારે સૂચિત કર્યા મુજબના માપદંડ અનુસાર વ્યંઢળ/કિન્નર/તૃતિય જાતિના હોવા જોઇએ.
- માતા-પિતાએ સોગંદનામું કરીને પ્રમાણિત કરવું પડશે કે તેમને એવું બાળક છે જે જાતિ સંબંધિત સમાજમાં સ્વીકાર્ય એવું વર્તન ધરાવતું નથી (જેનું વર્તન જાતિ બાબતમાં સમાજને અસ્વીકાર્ય હોય એવા પ્રકારનું છે).
- બાળકની ઉંમર ૧૮ વર્ષ કરતાં ઓછી હોવી જોઇએ.
- માતા-પિતાનું મૃત્યુ થાય તેવા કિસ્સામાં સહાયરૂપ રકમ વાલીને ઉપલબ્ધ કરાશે. જેના માટે સક્ષમ સત્તાતંત્ર પાસેથી વાલીપણા અંગેનું સંબંધિત પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

### સહાયની રકમ :

- તૃતિય જાતિના બાળકના માતા-પિતાને દર માસે રૂા.૧૦૦૦ પેન્શન ચૂકવવાનું રહેશે.

### સહાય કોણ ચૂકવશે કેવી રીતે ચૂકવશે ?

- પેન્શન લાભાર્થીના પોસ્ટ ઓફિસ કે બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.

### યોજનાનું અમલીકરણ :

- અરજીપત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાંથી મેળવી, નિયત ફોર્મ ભરી રજૂ કરવાનું રહેશે.

## કેદી સહાય

### પાત્રતા :

- પાંચ વર્ષથી વધુની સજા ભોગવતા પાકા કામના કેદીના પરિવારના મુખ્ય વ્યક્તિને રૂા.૨૫૦૦૦/- સહાય મળવાપાત્ર છે. લારી, સિલાઇ મશીન, ગાય, ભેંસ વગેરે ખરીદવા માટે.

### અરજી ક્યાથી કરવી ?

- બંદીવાન ભાઇ-બહેને જેલ મારફત અરજી કરવાની રહેશે.

### અરજી સાથે જોડવાના પુરાવા :

- સહાય મેળવનારનું આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ.
- અનુભવનો દાખલો (લાગુ પડે તેમાં), બી.પી.એલ./આવકનો દાખલો.
- સહાય મેળવનારની બેંક પાસબુકની ઝેરોક્ષ.

# મહિલા સુરક્ષા અંગેની યોજનાઓ

## નારી સંરક્ષણ ગૃહો/કેન્દ્રો

### લાભ કોને મળે

- નારી સંરક્ષણ ગૃહ ખાતે કોઈપણ હિંસાનો ભોગ બનનાર મહિલાને તેના સંતાનો સાથે આશ્રય આપવામાં આવે છે. આ સાથે માનસિક રીતે અસ્વસ્થ અને HIV ગ્રસ્ત બહેન માટે અમદાવાદ ખાતેના નારી સંરક્ષણ ગૃહ અલગથી કાર્યરત છે.

### કેટલો લાભ મળે ?

- વય મર્યાદા : ૧૮ થી ૫૯ વર્ષની ઉંમરની મહિલાઓ
- ૦ થી ૧૪ વર્ષની ઉંમર સુધી દીકરીને તથા ૦ થી ૬ વર્ષ સુધીના પુત્ર સાથે આશ્રય આપવામાં આવે છે.
- ૬ થી ૧૪ વર્ષનો પુત્ર ધરાવતા હોય તેમને ગૃહ ખાતેથી બાળ કલ્યાણ સમિતિ (ચાઇલ્ડ વેલ્ફર કમિટી) સમક્ષ રજૂ કરીને બાળ સુરક્ષા સંસ્થામાં મૂકવામાં આવે છે.
- આ યોજના હેઠળ કોઈપણ આવક મર્યાદા લાગુ પડતું નથી. આ યોજનાનો લાભ મહિલાઓ એકથી વધુ વખત લઈ શકે છે. તદ્દન નિઃશુલ્ક આશ્રય સ્થાન તરીકે મહિલાઓ માટે કાર્યરત છે.
- કોઈપણ આવક મર્યાદા લાગુ પડતી નથી.
- ગૃહ ખાતે આશ્રિત બહેનો સુરક્ષા અને સલામતી માટે સીસીટીવી કેમેરા સાથે નિવાસ સ્થાને તથા સમગ્ર બિલ્ડીંગ સુરક્ષિત ઉંચી દિવાલો.
- પોષણયુક્ત આહાર, સ્વચ્છ આરઓ યુક્ત પાણી, વ્યવસાયિક તથા આજીવિકા તાલીમ, બાળકો ઇનડોર તથા આઉટડોર રમતના સાધનો, લાયબ્રેરી આ ઉપરાંત આનંદ-પ્રમોદ માટે LCD TV, મ્યુઝીક સીસ્ટમના સાધનો પણ ઉપલબ્ધ છે.
- આ ઉપરાંત આશ્રિત બહેનો દ્વારા ઉત્પાદિત થયેલ ચીજ-વસ્તુઓનું પ્રદર્શન-સહ-વેચાણ કરીને મહિલાઓને પ્રોત્સાહન પૂરું પાડવું.

### લાભ ક્યાંથી મળે

- નારી સંરક્ષણ ગૃહ ખાતે આશ્રય મેળવવા માટે કોઈપણ મહિલા તેના બાળકો સાથે જરૂરિયાતના સમયે સ્વેચ્છાએ ગૃહ પર જઈને આશ્રય મેળવી શકે છે.
- આ ઉપરાંત નામદાર કોર્ટના હુકમ, પોલીસ સ્ટેશનના ઓર્ડર તથા ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઇન મારફતે, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર મારફતે આશ્રય આપવામાં આવે છે.

# મહિલા સુરક્ષા અંગેની યોજનાઓ

- સમગ્ર જિલ્લામાં કુલ ૧૦ નારી સંરક્ષણ ગૃહ કેન્દ્રો કાર્યરત છે.
- આશ્રિત બહેનને આશ્રય, પોષણયુક્ત આહાર, વ્યવસાયિક તાલીમ, યોગ્ય કાઉન્સેલીંગ (પરામર્શક), કાયદાકીય સલાહ, આરોગ્યની તપાસણીની સેવા ગૃહ ખાતે પૂરી પાડવામાં આવે છે.
- સંપર્ક કચેરી : અધિક કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ/જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી

### ક્યા ક્યા પુરાવા જોઈએ ?

- નારી સંરક્ષણ ગૃહ ખાતે આશ્રય માટે મહિલા કાયદાકીય તકરારમાં આવેલ હોય તો કોર્ટનો હુકમ મેળવવામાં આવે છે.



# મહિલા સુરક્ષા અંગેની યોજનાઓ

## વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર

### લાભ કોને મળે

આ કેન્દ્રનો લાભ કોઈપણ મહિલા-યુવતી લઈ શકે છે. કોઈપણ આવક મર્યાદા લાગુ નથી.

### કેટલો લાભ મળે ?

- આ યોજના હેઠળ ઘરેલું હિંસા કેસમાં DIR રીપોર્ટ ભરી જરૂરી કાર્યવાહી માટે દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી સાથે સંકલન કરી આપવામાં આવે છે.
- કાનૂની સહાય માર્ગદર્શન.
- રોજગાર તથા વ્યવસાયિક તાલીમ.
- સરકારની અલગ-અલગ યોજનાકીય માહિતી પૂરી પાડવી.




- આ ઉપરાંત મહિલાઓના સામાજિક, આર્થિક, શૈક્ષણિક તેમજ કાનૂની માર્ગદર્શન પૂરું પાડવું.

### લાભ ક્યાથી મળે

- જિલ્લા કક્ષા : મહિલા અને બાળ અધિકારી કચેરી, રાજકોટ
- તાલુકા કક્ષા : વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર નામે ઓળખાય છે.

### ક્યા ક્યા પુરાવા જોઈએ

- કોઈપણ યુવતી/મહિલાને કાયદાકીય સંબંધે લેખિત અરજી સાથે જરૂરી આધાર-પુરાવા રજૂ કરવાના રહે છે.

# મહિલા સુરક્ષા અંગેની યોજનાઓ

## 'સખી' વન સ્ટોપ સેન્ટર

### લાભ કોને મળે

- કોઈપણ પ્રકારની હિંસાનો ભોગ બનનાર મહિલાને તાત્કાલિક તબીબી, કાયદાકીય મનોવૈજ્ઞાનિક અને પરામર્શનની સેવા એકછત્ર હેઠળ પૂરી પાડવી.
- જાહેર અને ખાનગી સ્થળે હિંસાનો ભોગ બનેલ મહિલાઓને એક જ છત્ર હેઠળ મદદ અને આધાર પૂરો પાડવા.
- કોઈપણ આવક મર્યાદા લાગુ પડતી નથી.

### કેટલો લાભ મળે

- 'સખી' વન સ્ટોપ સેન્ટરનો લાભ જાહેર સ્થળ, ખાનગી સ્થળ, કુટુંબ, કાર્ય સ્થળ અને સમૂદાયમાં હિંસાનો ભોગ બનેલ મહિલા/યુવતી લાભ લઈ શકે.
- કોઈપણ જાતિ, જ્ઞાતિ, ધર્મ, ક્ષેત્ર, વૈવાહિક, દરજ્જો, શૈક્ષણિક લાયકાત તમામ પીડિત મહિલાઓ યુવતીને લાભ મળે છે.
- આ સેન્ટરમાં શારીરિક હિંસા, માનસિક હિંસા, ઘરેલું હિંસા, મહિલાઓનો અનૈતિક વેપાર, એસીડ એટેક, ભાવનાત્મક હિંસાનો ભોગ બનેલ મહિલાઓ/યુવતી સેન્ટર પર આશ્રય મેળવી શકે છે.

### લાભ ક્યાથી મળે

- અધિક કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ
- જિલ્લા કક્ષા : મહિલા અને બાળ અધિકારીની કચેરી (દરેક જિલ્લામાં કાર્યરત રહેલ છે)
- 'સખી' વન સ્ટોપ સેન્ટર
- (ગુજરાત રાજ્યમાં કુલ-૩૩ સેન્ટર કાર્યરત છે)
- (દરેક સેન્ટર જિલ્લાની સિવિલ હોસ્પિટલ ખાતે કાર્યરત છે)

### ક્યા ક્યા પુરાવા જોઈએ

- કોઈપણ પીડિતાના આશ્રય બસ તેમાં કાયદાકીય અરજી નામદાર કોર્ટ ખાતે કરવા માટે આધાર-પુરાવાની જરૂરિયાત રહેલ હોય છે.
- આ ઉપરાંત પોલીસ સહાય તેમજ અન્ય મેડીકલ સહાય મેળવવા માટે આધાર પુરાવા જરૂરી છે.

# મહિલા સુરક્ષા અંગેની યોજનાઓ

## ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈન

### લાભ કોને મળે

- કોઈપણ હિંસાનો ભોગ બનનાર કન્યા, યુવતી કે મહિલા આ સેવાનો ઉપયોગ કરી શકે છે.
- મહિલાને મદદરૂપ થવા માટે કોઈપણ પુરુષ પણ આ સેવાનો ઉપયોગ કરી શકે છે.
- રાજ્યમાં હિંસાનો ભોગ બનેલી અન્ય રાજ્યની મહિલા આ સેવાનો લાભ મેળવી શકે છે.
- મહિલાઓ સાથે થતી હિંસા (શારીરિક, માનસિક, આર્થિક તેમજ કાર્યના સ્થળે જાતીય સતામણી)
- લગ્નજીવન તેમજ અન્ય સંબંધના વિખવાદ ધરાવતા પાત્રો.
- જાતીય સતામણી, છેડતી અને બાળજન્મને લગતી બાબતો.
- સાયબર ગુનાઓ (ઇન્ટરનેટ, ટેલિફોનીક, ટોકીંગ, ચેટીંગ MMS)
- સરકારી કાર્યક્રમ યોજનાઓ સેવાઓ અને સહાયક માળખાઓ અંગેની માહિતી.

### કેટલો લાભ મળે

- કોઈપણ પ્રકારના મુશ્કેલ સંજોગોમાં મૂકાયેલી મહિલાએ ૧૮૧ હેલ્પલાઇન પર ફોન કરી પોતાની તકલીફોનો ઉકેલ લાવવા બાબતે તાલીમબદ્ધ કાઉન્સેલરો અને નિષ્ણાતો પાસેથી ટેલિફોનીક માર્ગદર્શન મેળવવું.
- હિંસાના સંજોગોમાં તાત્કાલિક બચાવ કરીને સલામત સ્થળ સુધી પહોંચાડવા.
- મહિલાઓને તેમની સમસ્યા સંદર્ભે તાલીમબદ્ધ કાઉન્સેલરો દ્વારા ટૂંકા ગાળાનું કાઉન્સેલીંગ તથા મહિલાઓની સમસ્યાના સંદર્ભે સ્થાનિક સ્તરે જાહેર કરેલ સંસ્થા દ્વારા તેમજ વિશેષ સંજોગોમાં નિષ્ણાતો દ્વારા લાંબાગાળાનું કાઉન્સેલીંગ.
- અભયમ હેલ્પલાઇન ૧૮૧ ઉપર ૨૪ x ૭ કલાક નિઃશુલ્ક (ટોલ ફ્રી) સંપર્ક કરી શકાય છે.
- આ હેલ્પલાઇનનો સંપર્ક કરનાર વ્યક્તિની ઓળખ ગુપ્ત રાખવામાં આવે છે.
- આ હેલ્પલાઇનને રાજ્યની અન્ય પોલીસ લાઇન ૧૦૯૧, ચાઇલ્ડ હેલ્પલાઇન ૧૦૯૮, મહિલા આયોગની હેલ્પલાઇન ૧૮૦૦-૨૩-૧૧૧ સાથે કાર્યરત છે.

### લાભ ક્યાથી મળેલ

- આ યોજના હેઠળ ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઇનનો સંપર્ક ગમે તે વ્યક્તિ મહિલા/પુરુષ પોતાના મોબાઇલમાંથી ૧૮૧ ડાયલ કરીને સંપર્ક સાધી શકે છે.
- આ ઉપરાંત નજીકના પોલીસ સ્ટેશન ખાતે ૧૮૧ મહિલા હેલ્પલાઇન ડેસ્ક આવી ગયેલ છે.

# મહિલા સુરક્ષા અંગેની યોજનાઓ

- ૧૮૧ મહિલા હેલ્પલાઈન મોબાઈલ એપ્લીકેશન સેવા કરીને પણ મદદ લઈ શકાય છે.
- જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી.
- સમગ્ર ગુજરાતમાં ૪૭ રેસ્ક્યુ વાન કાર્યરત છે.

### ક્યા ક્યા પુરાવા જોઈએ ?

- આ યોજનાનો લાભ લેવા માટે કોઈપણ આધાર પુરાવાની જરૂરિયાત રહેલ નથી.








# મહિલા સુરક્ષા અંગેની યોજનાઓ

## પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર (PBSC)

### લાભ કોને મળે

- આ યોજના હેઠળ વિવિધ પ્રકારની હિંસાથી પીડિત મહિલાને ટૂંકા તથા લાંબા ગાળાનું માર્ગદર્શન આપવામાં આવે છે.
- આવક મર્યાદા લાગુ પડતી નથી.
- કોઈપણ મહિલા તથા યુવતી લાભ લઈ શકે.

### કેટલો લાભ મળે ?

- મહિલા તરફી (નારીવાદી) અભિગમ.
- પારિવારિક હિંસા અને અન્ય પારિવારિક સમસ્યાઓથી પીડિત મહિલાની જરૂરિયાત અને તેની ઈચ્છાને પ્રાધાન્ય.
- કાઉન્સેલીંગ અને માર્ગદર્શન/દરમિયાનગીરી.
- કાનૂની સહાય આપતી સેવાઓ અને સંકલન.
- જે તે કેસની જરૂરિયાત મુજબ કૌટુંબિક સેવા આપતી સહાયક સંસ્થાઓ જેવી કે, તબીબ સેવા, નારી કેન્દ્ર, મનોચિકિત્સક કેન્દ્ર તથા વ્યવસાયલક્ષી સેવા સહાય પૂરી પાડવી.
- નિઃશુલ્ક સેવા.
- પીડિત મહિલાની સાથે સહાનુભૂતિપૂર્વક વર્તન.
- કેસની સંપૂર્ણ માહિતી ગોપનીય.
- પીડિત મહિલાને ભયમુક્ત કરવી અને આત્મસન્માન જાળવવામાં મદદ કરવી.
- કાયદાની મર્યાદાઓમાં રહીને મહિલાઓને પોતે નિર્ણય લેવા સક્ષમ કરવી.

### લાભ ક્યાથી મળે

- અધિક કમિશનરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ (ગાંધીનગર)
- જિલ્લા કક્ષાએ : જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી
- સ્થળ : પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર (જિલ્લામાં નિયત થયેલ પોલીસ સ્ટેશન)

### ક્યા ક્યા પુરાવા જોઈએ ?

- કેસ સંબંધિત જરૂરી દસ્તાવેજો રજૂ કરવા.

# આવાસ અંગેની યોજનાઓ

## ડૉ. આંબેડકર આવાસ યોજના

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિના કુટુંબોને કે જેઓ પાસે રહેવા લાયક મકાન નથી તેઓને નિયમોનુસાર આ યોજનામાં લાભ મળી શકે. તેઓનું મકાન જર્જરિત હોય અથવા તેઓ પાસે પોતાનો ખૂલ્લો પ્લોટ ધરાવતા કુટુંબોને સહાય મળી શકે.
- આ યોજના અંતર્ગત શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા રૂ.૧,૫૦,૦૦૦/- તથા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- છે.

### લાભ ક્યાંથી મળે

- નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, રાજકોટ (શહેરી વિસ્તાર માટે).
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત (ગ્રામ્ય વિસ્તાર માટે).
- સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી, (સંબંધિત તાલુકામાં) સહાય માટે અરજી કરી શકે છે.

### કેટલો લાભ મળે

- આ યોજનામાં કુલ રૂ.૧,૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.
- જેમાં પ્રથમ હપ્તો રૂ.૪૦,૦૦૦/-.
- બીજો હપ્તો રૂ.૬૦,૦૦૦/-.
- અને ત્રીજો હપ્તો રૂ.૨૦,૦૦૦/-.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

આવકનો દાખલો, જાતિનો દાખલો, રેશનકાર્ડની નકલ, આધારકાર્ડ, બાંધકામની રજા ચિઠ્ઠી, બેંક પાસબુકની નકલ, અરજદારનો અરજી સાથે ફોટોગ્રાફ, બાંધકામ એસ્ટીમેન્ટ, પ્લાન, પ્લોટનો દસ્તાવેજ, ૨-નંબરનો ઉતારો, જર્જરિત મકાન હોય તો માલિકીની વિગતો.



# આવાસ અંગેની યોજનાઓ

## પ્રધાનમંત્રી આવાસ યોજના :

### લાભ કોને મળે

- એસઈસીસી-૨૦૧૧ માં સમાવેશ થયેલ ગ્રામીણ વિસ્તારના લાભાર્થીને રૂા.૧,૨૦,૦૦૦/- ની આવાસ બાંધકામની સહાય આપવામાં આવે છે.

### કેટલો લાભ મળે

- કુલ સહાય રૂા.૧,૨૦,૦૦૦/-
- પ્રથમ હપ્તો રૂા.૩૦,૦૦૦/- (આવાસ મંજૂરીના હુકમ સાથે)
- બીજો હપ્તો રૂા.૫૦,૦૦૦/- (આવાસનું બાંધકામ વિન્ડોસીલ)
- ત્રીજો હપ્તો રૂા.૪૦,૦૦૦/- (શૌચાલય સહિત આવાસનું બાંધકામ પૂર્ણ થયેથી)
- ઉપરાંત ૬ માસની અંદર આવાસ પૂર્ણ થાય તો રાજ્ય સરકાર તરફથી વધારાની રૂા.૨૦,૦૦૦/- ની અતિરિક્ત સહાય આપવામાં આવે છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મનરેગા યોજનાના લાભાર્થીઓને ૯૦ દિવસ સુધીની રોજગારી આપવામાં આવે છે, જે વધુમાં વધુ ૯૦ દિવસ પ્રતિદિન રૂા.૧૯૯/- મુજબ કુલ રૂા.૧૭,૯૧૦/- કામના પ્રમાણમાં મળવાપાત્ર થાય છે.

### લાભ ક્યાંથી મળે

- આઇ.આર.ડી.શાખા, જે તે તાલુકાની તાલુકા પંચાયત કચેરીમાં અરજી કરવી.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ :

- આવકનો દાખલો, જાતિનો દાખલો, બેંક ખાતાની નકલ, આધારકાર્ડની નકલ, રેશનકાર્ડની નકલ, જોબકાર્ડ, જમીનની ૭-૧૨ ની નકલ જો હોય તો, ગ્રામસભાનો ઠરાવ, પાસપોર્ટ સાઈઝના ૨ ફોટા, ઘરથાળનો પ્લોટ આકારણી, બાંધકામ રજાચિઠ્ઠી.



# જાહેર વિતરણ અંગેની યોજનાઓ

## માં અન્નપૂર્ણા યોજના (રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – 2013)

### લાભ કોને મળે

- રાજ્ય સરકારશ્રી દ્વારા અમલી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ (NFSA-૨૦૧૩) માં અન્નપૂર્ણા યોજના હેઠળ, વાજબી ભાવની દુકાનો પરથી રાશનકાર્ડની કેટેગરી પ્રમાણે રાશનકાર્ડ ધારકોને અનાજ એટલે કે ઘઉં, ચોખાનો લાભ મળે.

**૧ : માં અન્નપૂર્ણા યોજના હેઠળના અંત્યોદય કાર્ડધારક કુટુંબોને મળવાપાત્ર જથ્થો/કિંમત :**

| વસ્તુ | મળવાપાત્ર જથ્થો કાર્ડ દીઠ મહત્તમ (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂા.પૈસા) |
|---|---|---|
| ઘઉં | ૨૫.૦૦ | ૨.૦૦ |
| ચોખા | ૧૦.૦૦ | ૩.૦૦ |
| કુલ | ૩૫.૦૦ | |

**૨ : માં અન્નપૂર્ણા યોજના હેઠળના અગ્રતા ધરાવતા કુટુંબોને મળવાપાત્ર જથ્થો/કિંમત :**

| વસ્તુ | મળવાપાત્ર જથ્થો કાર્ડ દીઠ મહત્તમ (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિ.ગ્રા. (રૂા.પૈસા) |
|---|---|---|
| ઘઉં | ૩.૫૦ | ૨.૦૦ |
| ચોખા | ૧.૫૦ | ૩.૦૦ |
| કુલ | ૫.૦૦ | |

### લાભ ક્યાંથી મળે

- સસ્તા અનાજની દુકાનમાંથી

### કયા કયા પુરાવા જોઈએ

- અગ્રતા ધરાવતા પરિવાર અથવા અંત્યોદય કેટેગરીનું રેશનકાર્ડ (જેમાં ૭ વર્ષ ઉપરના તમામ સભ્યોના આધારકાર્ડ લીંકઅપ થયેલ હોવા જોઈએ)
- (આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા દર મહિનાની પહેલી તારીખે વર્તમાનપત્રમાં પ્રમાણ અને ભાવ પ્રસિદ્ધ આવે છે તે જોવું)

# જાહેર વિતરણ અંગેની યોજનાઓ

## અન્નપૂર્ણા યોજના

### લાભ કોને મળે

- રાજ્ય સરકારે ૬૫ વર્ષથી ઉપરના વૃદ્ધોને પેન્શન મેળવવા પાત્ર હોય અને પેન્શન મળેલ ન હોય ત્યાં સુધી 'અન્નપૂર્ણા યોજના' હેઠળ અનાજ વિના મૂલ્યે વિતરણ કરવાની યોજના અમલમાં મૂકેલ છે.
- આ યોજના હેઠળ મળવાપાત્ર લાભાર્થીઓ માટે પેન્શન સંબંધિત નિર્ણય ન લેવાય તેવા કિસ્સામાં પેન્શન મંજુર/નામંજુર નિર્ણય સુધી જ આ યોજના હેઠળ લાભ સુનિશ્ચિત કરી શકાય છે.

### કેટલો લાભ મળે

- વ્યક્તિ કે કુટુંબને માસિક ૧ કિ.ગ્રા. અનાજ મળવાપાત્ર થાય છે.

### લાભાર્થીઓની પસંદગી

- મામલતદારશ્રી અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની સ્વવિવેક બુદ્ધિના આધારે.



# જાહેર વિતરણ અંગેની યોજનાઓ

## અન્નમબ્રહ્મ યોજના

ભૂખમરા અને કુપોષણને કારણે થતા મૃત્યુ અટકાવવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ઘરવિહોણા અને અનાથ બાળકોને વિનામૂલ્યે અનાજ આપવા અંગે 'અન્નમબ્રહ્મ' યોજના અમલમાં મૂકેલ છે.

### લાભ કોને મળે

- જે વ્યક્તિ કે કુટુંબ પાસે કોઇ પણ પ્રકારનું રેશનકાર્ડ નથી.
- અત્યંત ગરીબ/અશક્ત/નિરાધાર વ્યક્તિ.
- હોસ્પિટલના બિછાને પડેલ દર્દી કે જેમને અનાજની જરૂરિયાત છે.
- સામાન્ય દેખાવ પરથી યોગ્ય લાગે તેવી જરૂરિયાતમંદ વ્યક્તિ/કામદાર.
- ઘરવિહોણી એકલી વ્યક્તિ અથવા કુટુંબ (બાળકો સહિત)
- ઘરવિહોણા અને અનાથ બાળક એટલે કે સ્ટ્રીટ ચીલ્ડ્રન.

### કેટલો લાભ મળે

- પસંદગી પામેલ લાભાર્થીને પ્રથમ તબક્કે ૬ માસ માટે 'અન્નમબ્રહ્મ' નામની યોજનાનું કાર્ડ આપવાનું રહે.
- માસિક ૧૦ થી ૧૫ કિ.ગ્રા. અનાજનું વિતરણ વિનામૂલ્યે કરવાનું રહે.
- ૬ માસ પૂરા થતા પહેલા મામલતદારશ્રી / જિલ્લા પુરવઠા અધિકારીશ્રી જરૂરી સમીક્ષા કરી વધુ ૬ માસ માટે કાર્ડ રીન્યુ કરી શકે. લાભાર્થી વ્યક્તિ કે કુટુંબ જો કોઇ ચોક્કસ રહેઠાણ પ્રાપ્ત કરે તો જરૂરી પુરાવાના આધારે યોગ્ય ચકાસણી બાદ મળવાપાત્ર જે તે કેટેગરીનું રેશનકાર્ડ ઇસ્યૂ કરી શકાય.

### લાભ ક્યાંથી મળે

- સદરહુ યોજનાના અમલ માટે દરેક મામલતદારશ્રીની કચેરીને ૧૦ ક્વિન્ટલ અનાજ ફાળવવાનું રહે છે.

### લાભાર્થીઓની પસંદગી

- મામલતદારશ્રી અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની સ્વવિવેક બુદ્ધિના આધારે.

# ઉદ્યોગ, રોજગાર અને કૌશલ્ય અંગેની યોજનાઓ

## પ્રધાનમંત્રી મુદ્રા યોજના

### લાભ કોને મળે

- કોઈપણ ભારતીય નાગરિક અથવા ફર્મ જે નવો ધંધો શરૂ કરવા માગતા હોય અથવા ચાલુ ધંધાને વધારવા માગતા હોય અને જેની નાણાકીય જરૂરિયાત રૂા.૧૦ લાખ હોય.

### કેટલો લાભ મળે :

- શિશુ લોન - રૂા.૫૦,૦૦૦/-
- કિશોર લોન - રૂા.૫૦,૦૦૦/- થી રૂા.૫,૦૦,૦૦૦/-
- તરૂણ લોન - રૂા.૫,૦૦,૦૦૦/- થી રૂા.૧૦,૦૦,૦૦૦/- સુધી.

### શરતો :

- આ યોજના અનુસાર સામાન્ય માણસ ગેરેંટી વગર લોન અરજી કરી શકે છે.
- કોઈપણ પ્રકારની પ્રોસેસ ફી નથી હોતી.
- આ યોજનામાં વર્કીંગ કેપીટલ લોન મુદ્રા કાર્ડ દ્વારા આપી શકાય છે.

### લાભ ક્યાંથી મળે

- જાહેર ક્ષેત્રની બેંકો, ખાનગી બેંકો, ગ્રામીણ બેંકો, સહકારી બેંકો દ્વારા આ યોજના હેઠળ ધિરાણ આપવામાં આવે છે.
- નાના ધંધાવાળા જે માલિક હોય અથવા ભાગીદારી પેઢી દ્વારા ધંધો ચલાવતા હોય તેમજ ઉત્પાદન કરતા એકમો તેમજ સેવાક્ષેત્રમાં સંકળાયેલા એકમો આ યોજના હેઠળ લોન મેળવી શકે છે.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ :

- લોન મેળવવા માટે નિયત નમૂનાનું અરજીપત્રક, પાસપોર્ટ સાઈઝના ફોટા, ફોટાવાળું ઓળખપત્ર એટલે કે આધારકાર્ડ, ચૂંટણીકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ (કોઈપણ એક), રહેઠાણનો પુરાવો, છેલ્લા છ માસની બેંક પાસબુકની નકલ/સ્ટેટમેન્ટ, ઓફિસ/એકમ નોંધણીનો પુરાવો (એસ્ટાબ્લીસમેન્ટ પ્રુફ).

# ઉદ્યોગ, રોજગાર અને કૌશલ્ય અંગેની યોજનાઓ

## દત્તોપંત ઠેંગડી કારીગર વ્યાજ સહાય યોજના

### લાભ કોને મળે

- શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આર્ટીઝન તરીકે નોંધાયેલ કારીગરોને
- ઉંમર ૧૮ વર્ષથી વધુ.
- કારીગર વિકાસ કમિશ્નર હેન્ડલુમ/વિકાસ કમિશ્નર હેન્ડીક્રાફ્ટ/ઇન્ડેક્ષ્ટ-સી દ્વારા અપાયેલ આર્ટીઝન તરીકેનું ઓળખપત્ર ધરાવતો હોવો જોઇએ.
- કારીગર હાથશાળ કે હસ્તકલાની કારીગીરીનો જાણકાર હોવો જોઇએ.
- ખોડખાંપણ ધરાવતા વિકલાંગ/અંધ કારીગરો પણ આ યોજનાનો લાભ લઈ શકશે.
- આવક મર્યાદા નથી.

### કેટલો લાભ મળે

- આ યોજનામાં લાભાર્થીને રૂા.૧.૦૦ લાખની મહત્તમ મર્યાદામાં મશીનરી અથવા વર્કીંગ કેપીટલ (કાચો માલ ખરીદવા માટે) અથવા બંને માટે ધિરાણ મળી શકશે.
- માર્જીનમની સહાય : આ યોજના હેઠળ બેંક દ્વારા મંજૂર થયેલ લોન ધિરાણ થયા બાદ નીચે મુજબ માર્જીનમની સહાય ચૂકવવાની રહેશે.

### માર્જીનમની સહાય

| જનરલ કેટેગરી પુરુષ | અનામત કેટેગરી (અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/મહિલા/૪૦% કે તેથી વધુ અંધ કે અપંગ |
|---|---|
| ૨૦% | ૨૫% |

- વ્યાજ સહાય : આ યોજના હેઠળ ૭ (સાત) ટકાના દરે વ્યાજ સહાય મળવાપાત્ર થશે, જે સહાય દર ૬ (છ) મહિને બેંક તરફથી ક્લેઈમ મળ્યેથી લાભાર્થીના ખાતામાં જમા કરાવવાની રહેશે. આ સહાય મહત્તમ ત્રણ વર્ષ સુધી જ મળવાપાત્ર રહેશે. વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી નિયમીત બેંક નક્કી કરે તે મુજબ હપ્તા ભરનાર લાભાર્થીને બેંકની ભલામણથી ફરીથી આ યોજના હેઠળ વ્યાજ સહાયનો લાભ આપી શકાશે. પરંતુ મહત્તમ ત્રણ વાર આ જ શરતો હેઠળ આ યોજનાનો લાભ મળી શકશે.

# ઉદ્યોગ, રોજગાર અને કૌશલ્ય અંગેની યોજનાઓ

### વ્યાજનો દર :

- રીઝર્વ બેંક દ્વારા નક્કી કરવામાં આવે તે દરે બેંકો લોન માટે વ્યાજની આકારણી કરશે.

### અમલીકરણ એજન્સી :

ગ્રામ્ય અને શહેરી વિસ્તારની તમામ અરજીઓ માટે સંબંધિત જિલ્લાના જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સંપર્ક સાધવાનો રહે છે.

### નાણાંકીય સંસ્થાઓ :

(૧) રાષ્ટ્રીયકૃત બેંકો (૨) તમામ પ્રાદેશિક ગ્રામીણ બેંકો (૩) સહકારી બેંકો (૪) પબ્લિક સેક્ટર બેંકો (૫) ખાનગી બેંકો

### કુટિર ઉદ્યોગના કારીગરોને નવા ધંધા કે ચાલુ ધંધાના વિકાસ માટે નીચે જણાવેલ હેતુ માટે નાણાંકીય સવલત મળી શકે છે.

(૧) કાચો માલ ખરીદવા (૨) સાધન-ઓજારો અને મશીનરી ખરીદવા.

### લોનની પરત ભરપાઇ :

- લોનના હપ્તા ધિરાણ આપ્યા બાદ બેંક નક્કી કરે તે પ્રમાણે શરૂ કરવાના રહેશે. અપાયેલ લોન વ્યાજ સહિત ઓછામાં ઓછા ૧૨ અને વધુમાં વધુ ૩૬ માસિક હપ્તામાં નિયમિત ભરપાઈ કરવાની રહેશે અને તે લાભાર્થીને બંધનકર્તા રહેશે.

### કયા કયા પુરાવા જોઈએ

- નિયત અરજીપત્રક (બે નકલમાં) પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ્સ (ફોટા ફોર્મની બંને નકલો ઉપર ચોટાડવા).
- અરજીમાં નીચે મુજબના કાગળોની પ્રમાણિત નકલ જોડવી :
- ચૂંટણી ઓળખપત્ર/આધાર કાર્ડ, આર્ટીઝન કાર્ડ, જન્મ નોંધણીનું પ્રમાણપત્ર અથવા શાળા છોડવાનું પ્રમાણપત્ર, જો સાધન-ઓજાર ખરીદવાના હોય તો તેના ટીન/વેટ નંબરવાળા ભાવપત્રકો, સૂચિત ધંધાના સ્થળનો આધાર (ભાડાચિઠ્ઠી/ભાડા કરાર, મકાનવેરાની પહોંચ વગેરે) વીજળી વપરાશ કરવાની હોય તો તેનો પુરાવો/સંમતિપત્ર.
- **અરજી ફોર્મ અને વધુ માહિતી માટે સંપર્ક :**

  (૧) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, રાજકોટ.

  (૨) **વેબસાઇટ :** http:://www.collage.gujarat.gov.in ઉપરથી ફોર્મ ડાઉનલોડ કરી મેળવી શકાય છે.

# ઉદ્યોગ, રોજગાર અને કૌશલ્ય અંગેની યોજનાઓ

## શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના

### લાભ કોને મળે

- ગુજરાતના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોના ૧૮ થી ૬૫ વર્ષના બેરોજગાર વ્યક્તિઓને, વિકલાંગ વ્યક્તિઓને સ્વતંત્ર વ્યવસાય (ઉદ્યોગ, વેપાર અને સેવાક્ષેત્રે).

### કેટલો લાભ મળે

બેંક મારફતે લોન ધિરાણની મહત્તમ મર્યાદા :

- ઉદ્યોગ ક્ષેત્ર માટે મહત્તમ રૂા.૮ લાખ
- સેવા ક્ષેત્ર માટે મહત્તમ રૂા.૮ લાખ
- વેપાર ક્ષેત્ર માટે મહત્તમ રૂા.૮ લાખ

ધિરાણની રકમ ઉપર સહાયના દર :

| વિસ્તાર | જનરલ કેટેગરી | અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ/માજી સૈનિક/મહિલા/ ૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગ |
|---|---|---|
| ગ્રામ્ય | ૨૫ ટકા | ૪૦ ટકા |
| શહેરી | ૨૦ ટકા | ૩૦ ટકા |

### સહાયની મહત્તમ મર્યાદા : ક્ષેત્ર સહાયની મહત્તમ મર્યાદા (રકમ રૂપિયામાં)

- ઉદ્યોગ : રૂા.૧,૨૫,૦૦૦/-
- સેવા : રૂા.૧,૦૦,૦૦૦/-
- વેપાર : રૂા.૮૦,૦૦૦/- (રીઝર્વ કેટેગરી)

# ઉદ્યોગ, રોજગાર અને કૌશલ્ય અંગેની યોજનાઓ

નોંધ : (૧) વિકલાંગ લાભાર્થીના કિસ્સામાં કોઈપણ ક્ષેત્ર માટે મહત્તમ સહાય રૂા.૧,૨૫,૦૦૦/- રહેશે.
(૨) અનામત કેટેગરીમાં ૫ ટકા મુજબ લાભાર્થીને ફાળો રહેશે.

## લાભ ક્યાંથી મળે

- અરજીમાં સંપૂર્ણ વિગતો ભરી બિડાણ સાથે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને બે નકલમાં મોકલવાની રહેશે.
- સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર.

## કયા કયા પુરાવાઓ જોઈએ

- દરેક પુરાવાની પ્રમાણિત નકલ જોડવી
- ચૂંટણી ઓળખપત્ર / આધાર કાર્ડની નકલ
- જન્મનું પ્રમાણપત્ર / શાળા છોડ્યાનું પ્રમાણપત્ર
- શૈક્ષણિક લાયકાતનું પ્રમાણપત્ર (છેલ્લી પરીક્ષા પાસ કરેલ હોય તેની માર્કશીટ)
- જાતિનું અધિકૃત પ્રમાણપત્ર (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે)
- ૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગ લાભાર્થીના કિસ્સામાં વિકલાંગતા ટકાવારીનું સિવિલ સર્જનનું / સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર
- તાલીમ / અનુભવનું પ્રમાણપત્ર (વારસાગત કારીગર સિવાય)
- અરજી સાથે નીચે મુજબના અસલ કાગળો જોડવા.
- જે સાધન-ઓજાર ખરીદવાના હોય તેના વેટ-ટીન નંબરવાળા ભાવપત્રકો
- સુચિત ધંધાના સ્થળોનો આધાર (ભાડાચિઠ્ઠી / ભાડા ઘર / મકાન વેરાની પહોંચ)
- વીજળી વપરાશ કરવાની હોય તો મકાન માલિકનું સંમતિપત્રક / ઈલેક્ટ્રીક બીલ

## શરતો

- ઉંમર ૧૮ થી ૬૫ વર્ષ
- ઓછામાં ઓછું ધોરણ ૪ પાસ અથવા તાલીમ / અનુભવ સંસ્થામાંથી ઓછામાં ઓછા ૩ માસની તાલીમ અથવા સરકાર માન્ય સંસ્થામાંથી ઓછામાં ઓછા એક માસની તાલીમ લીધેલ હોવી જોઈએ. અથવા વારસાગત કારીગરો હોવા જોઈએ.
- આવક મર્યાદા નથી.
- યોજનાનો લાભ એક વ્યક્તિને માત્ર એક જ વખત આપવાનો રહેશે.

# માનવગરિમા યોજના

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિના વ્યક્તિઓ આર્થિક રીતે પગભર થઇ શકે અને સમાજના અન્ય વર્ગોની મારફત હરોળમાં આવી શકે તે માટે યોજના અમલીત છે.
- આ યોજના અંતર્ગત શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા રૂા.૧,૫૦,૦૦૦/- તથા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૧,૨૦,૦૦૦/- છે જ્યારે અતિ પછાત માટે કોઈ આવક મર્યાદા નથી.

### લાભ ક્યાંથી મળે

- નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, રાજકોટ.
- સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી (સંબંધિત તાલુકામાં) સહાય માટે અરજી કરી શકે છે.

### કેટલો લાભ મળે

- આ યોજનામાં જુદા-જુદા ૨૮ સાધનોની સહાય આપવામાં આવે છે.
- કડીયાકામ, સેન્ટ્રીંગ કામ, વાહન સર્વિસીઝ અને રીપેરીંગ, મોચીકામ, દરજીકામ, ભરતકામ, કુંભારીકામ, વિવિધ પ્રકારની ફેરી, પ્લમ્બર કામ, રસોઇકામ માટે પ્રેસરકુકર, ઈલેક્ટ્રીક રીપેરીંગ, લુહારીકામ, સુથારીકામ, ધોબીકામ, સાવરણી-સુપડા બનાવનાર, દૂધ-દહીં વેચનાર, માછલી વેચનાર, પાપડ બનાવટ, અથાણા બનાવટ, ગરમ ઠંડા પીણા વેચનાર, પંચર કીટ, ફ્લોર મીલ, મસાલા મીલ, રૂની દીવેટ બનાવનાર, મોબાઈલ રીપેરીંગ, પેપર કપ અને ડીશ બનાવટ, હેર કટીંગ અને બ્યુટી પાર્લર.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

આવકનો દાખલો, જાતિનો દાખલો, રેશનકાર્ડ, ઉંમરનો પુરાવો, શૈક્ષણિક લાયકાતનો આધાર, આધારકાર્ડ, અનુભવનું પ્રમાણપત્ર.



# ઉદ્યોગ, રોજગાર અને કૌશલ્ય અંગેની યોજનાઓ

## માનવ કલ્યાણ યોજના

### લાભ કોને મળે

- ગ્રામ્ય વિસ્તારના લાભાર્થી જે ગરીબી રેખાની યાદીમાં હોય (આવકનો દાખલો રજૂ કરવાનો રહેતો નથી)
- અરજદાર આર્થિક રીતે પછાત વર્ગોના સમૂહના હોય, કુટુંબની વાર્ષિક આવક ગ્રામ વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦/- હોય.
- ૧૬ વર્ષથી ૬૦ વર્ષ.

### કેટલો લાભ મળે

- રૂ.૫૦૦૦/- થી રૂ.૪૮૦૦૦/- ની મર્યાદામાં લાભાર્થી દીઠ સાધન ઓજારના સ્વરૂપમાં યાદી પરિશિષ્ટ-૧માં આપેલ છે.

### લાભ ક્યાંથી મળે

- સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર

### ક્યા-ક્યા પુરાવા જોઈએ

- પાસપોર્ટ સાઈઝનો ફોટો
- બારકોડેડ રેશન કાર્ડની પ્રમાણિત નકલ
- ઉંમરનો પુરાવો
- જાતિનો પુરાવો
- ગ્રામ્યમાં બીપીએલ સ્કોર નંબર સાથે/શહેરી વિસ્તાર માટે સુવર્ણ રોજગારી કાર્ડની નકલ/આવકનો દાખલો
- ધંધાના અનુભવનો દાખલો
- ચૂંટણી ઓળખપત્રની નકલ, આધાર કાર્ડની નકલ

# ઉદ્યોગ, રોજગાર અને કૌશલ્ય અંગેની યોજનાઓ

## પરિશિષ્ટ-૧ : ૨૮ વ્યવસાય (ટ્રેડ) અને તેની ટૂલકીટની અંદાજિત રકમની વિગત

| અ.ન. | ટ્રેડના નામ | અંદાજિત રકમ(રૂા.) |
|---|---|---|
| ૧. | કડીયા કામ | ૧૪૫૦૦ |
| ૨. | સેન્ટીંગ કામ | ૭૦૦૦ |
| ૩. | વાહન સર્વિસીંગ અને રીપેરીંગ | ૧૬૦૦૦ |
| ૪. | મોચી કામ | ૫૪૫૦ |
| ૫. | દરજીકામ | ૨૧૫૦૦ |
| ૬. | ભરતકામ | ૨૦૫૦૦ |
| ૭. | કુંભારી કામ | ૨૫૦૦૦ |
| ૮. | વિવિધ પ્રકારની ફેરી | ૧૩૮૦૦ |
| ૯. | પ્લમ્બર | ૧૨૩૦૦ |
| ૧૦. | બ્યુટી પાર્લર | ૧૧૮૦૦ |
| ૧૧. | ઈલેક્ટ્રીક એપ્લાયન્સીસ રીપેરીંગ | ૧૪૦૦૦ |
| ૧૨. | ખેતીલક્ષી લુહારી/વેલ્ડીંગ કામ | ૧૫૦૦૦ |
| ૧૩. | સુથારી કામ | ૯૩૦૦ |
| ૧૪. | ધોબીકામ | ૧૨૫૦૦ |
| ૧૫. | સાવરણી અને સુપડા બનાવનાર | ૧૧૦૦૦ |
| ૧૬. | દુધ-દહીં વેંચનાર | ૧૦૭૦૦ |
| ૧૭. | માછલી વેચનાર | ૧૦૬૦૦ |
| ૧૮. | પાપડ બનાવનાર | ૧૩૦૦૦ |
| ૧૯. | અથાણા બનાવટ | ૧૨૦૦૦ |
| ૨૦. | ગરમ, ઠંડા પીણા, અલ્પાહાર વેચાણ | ૧૫૦૦૦ |
| ૨૧. | પંચર કીટ | ૧૫૦૦૦ |
| ૨૨. | ફ્લોર મીલ | ૧૫૦૦૦ |
| ૨૩. | મસાલા મીલ | ૧૫૦૦૦ |
| ૨૪. | રૂ ની દીવેટ બનાવવી (સખી મંડળની બહેનો) | ૨૦૦૦૦ |
| ૨૫. | મોબાઈલ રીપેરીંગ | ૮૬૦૦ |
| ૨૬. | પેપર કપ અને ડીશ બનાવટ (સખી મંડળ) | ૪૮૦૦૦ |
| ૨૭. | હેર કટીંગ (વાળંદ કામ) | ૧૪૦૦૦ |
| ૨૮. | રસોઈકામ માટે પ્રેશર કુકર (ઉજ્જવલા કનેકશનના લાભાર્થી) | ૩૦૦૦ |

# ઉદ્યોગ, રોજગાર અને કૌશલ્ય અંગેની યોજનાઓ

## રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન) (NRLM) :

### યોજનાનો ઉદ્દેશ

- ગ્રામીણ ગરીબ પરિવારની મહિલાઓને સમૂહના માધ્યમથી ગરીબીમાંથી બહાર લાવી તેની આજીવિકામાં વધારો થાય.

### લાભાર્થી :

- ગ્રામીણ ગરીબ પરિવારની મહિલાઓ જે તે ગામના રહિશ હોવા જોઈએ.
- બી.પી.એલ. પરિવારના હોવા જોઈએ અથવા
- વર્ષ ૨૦૧૧ ની એસીઈસી SECC યાદીમાં નામ હોવું જોઈએ અથવા
- ગ્રામ પંચાયત દ્વારા ઠરાવ સ્વ સહાય જૂથમાં જોડવા અંગેનો ઠરાવ થયેલ હોય.

### યોજનાકીય સહાય :

- ગ્રામીણ ગરીબ પરિવારની મહિલાઓને સ્વ સહાય જૂથમાં જોડાયા બાદ નીચે મુજબના લાભ મળવાપાત્ર છે.
- મંડળની રચના બાદ એસએચજીને રૂા.૧૦ હજારથી રૂા.૧૫ હજાર રિવોલ્વિંગ ફંડ મળવાપાત્ર છે.
- સ્વ સહાય જુથને રૂા.૨૫૦૦ (બે હજાર પાંચસો) સ્ટાર્ટઅપ ફંડ અને ગ્રામ સંગઠનને રૂા.૫૦,૦૦૦ (પચાસ હજાર) સ્ટાર્ટઅપ ફંડ મળવાપાત્ર છે.
- દરેક સ્વ સહાય જૂથને રૂા.૨ લાખથી રૂા.૫ લાખ કેશ ક્રેડીટ લોન બેંક મારફત મળી શકે છે.
- કેશ ક્રેડીટ લોન પર ૫ (પાંચ) ટકા વ્યાજ સહાય મળવાપાત્ર છે.
- પ્રત્યેક ગ્રામ સંગઠન દીઠ વધુમાં વધુ રૂા.૭ લાખ કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ મળવાપાત્ર છે.
- એક એસએચજીને રૂા.૭૦ હજાર કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ મળવાપાત્ર છે.
- વિનામૂલ્યે સ્વ રોજગારલક્ષી તાલીમ આપી ઉત્પાદિત વસ્તુના વેચાણ માટેની માર્કેટ વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે.
- ઉપરોક્ત નાણાકીય ભંડોળમાંથી સભ્યને આંતરિક ધિરાણ પેટે સહાય મળે છે.
- આ ઉપરાંત એસએચજીમાં જોડાયેલ સભ્યના ૧૮ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓને વિનામૂલ્યે સ્વ રોજગારલક્ષી તાલીમ આપી રોજગારીની તક પૂરી પાડવામાં આવે છે.

# ઉદ્યોગ, રોજગાર અને કૌશલ્ય અંગેની યોજનાઓ

- યોજના હેઠળ જુદી જુદી કેડર હેઠળ લાયકાત અનુસાર સખી મંડળના સભ્યની પસંદગી કરી આજીવિકાની તક આપવામાં આવે છે (બેંક મિત્ર, બેંક સખી, બુક કીપર, વીમા સખી, કૃષિ મિત્ર, પશુ સખી, બી.સી. સખી).

### જરૂરી પુરાવા

- રેશન કાર્ડ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, બીપીએલનો દાખલો

### લાભ ક્યાથી મળે

- તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારીશ્રી અને એનઆરએલએમ (NRLM) યોજનામાં તાલુકા લાઈવલી હુડ મેનેજરશ્રીનો સંપર્ક કરવો.

# ઉદ્યોગ, રોજગાર અને કૌશલ્ય અંગેની યોજનાઓ

## મુખ્યમંત્રી ગ્રામોદય યોજના

### યોજનાનો ઉદ્દેશ

- બેરોજગાર લોકોને રૂા.૮ હજારથી રૂા.૧૦ હજાર સુધીની માસિક રોજગારી મળી રહે.

### યોજનાની અમલવારી

- રાજ્ય સરકારશ્રી દ્વારા ગ્રામીણ વિસ્તારના બેરોજગાર પુરુષ કે સ્ત્રીઓને વિવિધ એજન્સીઓ મારફત રૂા.૮ હજારથી રૂા.૧૦ હજાર સુધીની માસિક રોજગારી મળી રહે તે પ્રકારની સુવિધા આપવામાં આવે છે.

### લાભ ક્યાંથી મળે

- તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારીશ્રી અને એનઆરએલએમ યોજનામાં તાલુકા લાઈવલી હુડ મેનેજરશ્રીનો સંપર્ક કરવો.



# ઉદ્યોગ, રોજગાર અને કૌશલ્ય અંગેની યોજનાઓ

## આરસેટી (રૂરલ સેલ્ફ એમ્પ્લોયમેન્ટ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યૂટ) (R-SETI)

### આરસેટી પ્રોગ્રામ વિશે

- આરસેટી સંસ્થા ગ્રામીણ ગરીબ યુવક-યુવતીઓ માટે સ્વરોજગારલક્ષી તાલીમ આપતી સંસ્થા છે.
- આરસેટી સંસ્થા રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (એનઆરએલએમ) યોજનાનો ભાગ છે.

### આરસેટી સંસ્થાનો ઉદ્દેશ

- ગ્રામીણ ગરીબ યુવક-યુવતીઓ માટે સ્વરોજગારલક્ષી તાલીમ આપતી સંસ્થા છે જે કુશળ અને ઉત્પાદક કારીગરો તૈયાર કરે છે. આરસેટી સંસ્થામાં નિવાસી અને બીનનિવાસી તાલીમોનો સમાવેશ થાય છે.

### લાભાર્થી પસંદગીના નિયમો

- આરસેટી સંસ્થાના લક્ષ્યાંક લાભાર્થી ૧૮ થી ૪૫ વર્ષની ઉંમરના ગ્રામીણ યુવક અને યુવતી ગરીબ પરિવારના હોવા જોઈએ.
- બીપીએલ/અંત્યોદય અન્ન યોજનાના કાર્ડધારક પરિવારના હોવા જોઈએ અથવા
- એનઆરએલએમ યોજનાના બીપીએલ એસએચજીમાં જોડાયેલ હોવા જોઈએ.
- વર્ષ ૨૦૧૧ ની વસતિ ગણતરીના એસઈસીસી-૨૦૧૧ની યાદીમાં તે પરિવારનો સમાવેશ હોય.
- પીઆઈપી પસંદગી પામેલ સભ્ય.
- ૭૦ ટકા બીપીએલ અને ૩૦ ટકા એપીએલના રેશિયામાં પણ તાલીમ આપી શકાય.

### લાભ ક્યાંથી મળે

- તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારીશ્રી અને એનઆરએલએમ યોજનામાં તાલુકા લાઈવલીહુડ મેનેજરશ્રીનો સંપર્ક કરવો.

# ઉદ્યોગ, રોજગાર અને કૌશલ્ય અંગેની યોજનાઓ

## ડૉ. પી.જી. સોલંકી ડોકટર અને વકીલ લોન/સહાય તથા સટાઈપેન્ડ યોજના

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા તેમજ તબીબી સ્નાતકોને સ્વતંત્ર દવાખાનું શરૂ કરવા માટે લોન તથા સહાય આપવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત શહેરી વિસ્તાર માટે આવક મર્યાદા રૂા.૧,૫૦,૦૦૦/- તથા ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૧,૨૦,૦૦૦/- છે.
- અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકો માટે વકીલાતની તાલીમ માટે સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે.
- જેમાં લાભાર્થી વકીલને ત્રણ વર્ષ માટે સ્ટાઇપેન્ડ અને સીનિયર વકીલને તાલીમ આપવા માટે ભથ્થું ચૂકવવાની જોગવાઇ છે.

### લાભ ક્યાંથી મળે

- નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, રાજકોટ.

### કેટલો લાભ મળે

- કાયદાના સ્નાતકો માટે રૂા.૭૦૦૦/- લોન (૪% વ્યાજદરે) અને રૂા.૫૦૦૦/- સહાય મળી કુલ રૂા.૧૨,૦૦૦/- આપવામાં આવે છે.
- જ્યારે તબીબી સ્નાતકોને રૂા.૨૫,૦૦૦/- સહાય તથા રૂા.૨,૫૦,૦૦૦/- લોન આપવામાં આવે છે.
- તબીબી અનુસ્નાતકોને રૂા.૩,૫૦,૦૦૦/- લોન સહાય વ્યવસાય માટે મળવાપાત્ર છે જેમાં આવક મર્યાદાનું ધોરણ નથી.
- તેમજ વકીલોને સ્ટાઇપેન્ડ સ્વરૂપે માસિક લેખે પ્રથમ વર્ષે રૂા.૧૦૦૦/-, દ્વિતીય વર્ષે રૂા.૮૦૦/- અને ત્રીજા વર્ષે રૂા.૬૦૦/- સ્ટાઇપેન્ડ ચૂકવવામાં આવે છે. ઉપરાંત તાલીમ આપનાર સીનિયર વકીલને રૂા.૫૦૦/- સહાય ચૂકવવામાં આવે છે.



# ઉદ્યોગ, રોજગાર અને કૌશલ્ય અંગેની યોજનાઓ

## દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (ડીડીયુ–જીકેવાય) (DDU-GKY)

### ડીડીયુ-જીકેવાય (DDU-GKY) યોજના વિષે

- દીનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના (ડીડીયુ-જીકેવાય) (DDU-GKY) ગ્રામીણ ગરીબ યુવક-યુવતીઓને રોજગાર સાથે જોડી તેમના કૌશલ્ય વિકાસ માટેની યોજના છે જે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (એનઆરએલએમ) (NRLM) યોજનાનો ભાગ છે.
- ગ્રામીણ ગરીબ યુવક-યુવતીઓને સ્વદેશી તથા વિદેશી રોજગાર માટે કુશળ અને ઉત્પાદક કારીગર તૈયાર કરવાનો છે.

### યોજનાની અમલવારી

- આ યોજનાના અમલીકરણ માટે પી.આઇ.એ. (પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટ એજન્સી) પીપીપી (પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ) મોડેલથી ચાલે છે. પી.આઇ.એ. માટે ૭૫ ટકા તાલીમાર્થીઓને રોજગારી (પ્લેસમેન્ટ) અપાવવી ફરજિયાત છે. આ યોજના માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર અનુક્રમે ૭૫ ટકા અને ૨૫ ટકા સહાય કરે છે.




### લાભાર્થી પસંદગીના નિયમો

- ડીડીયુ-જીકેવાયના લાભાર્થી ગરીબ પરિવારના ૧૮ થી ૩૫ વર્ષની ઉંમરના ગ્રામીણ ગરીબ યુવક-યુવતી હોવા જોઇએ. અથવા
- મનરેગા યોજના અંતર્ગત જોબકાર્ડ ધારક પરિવાર કે જેણે ૧૫ દિવસ મજૂરી કામ કરેલ હોય. અથવા
- આર.એસ.બી.વાય. કાર્ડધારક પરિવારના હોવા જોઇએ. અથવા
- બીપીએલ/અંત્યોદય અન્ન યોજનાના કાર્ડધારક પરિવારના હોવા જોઇએ. અથવા
- એનઆરએલએમ (NRLM) યોજનાના બીપીએલ એસએચજીમાં જોડાયેલ હોવા જોઇએ.
- વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરીના એસઇસીસી-૨૦૧૧ ની યાદીમાં નામ હોવું જોઇએ.

# ઉદ્યોગ, રોજગાર અને કૌશલ્ય અંગેની યોજનાઓ

### યોજનાથી મળવાપાત્ર લાભ

- ૩ માસની વિનામૂલ્યે તાલીમ.
- તાલીમ દરમ્યાન તાલીમના વિષય સિવાય ત્રણ અગત્યના વિષયોની તાલીમ.
- (૧) સામાન્ય અંગ્રેજી (૨) સોફ્ટ સ્કીલ (પર્સનાલીટી ડેવલપમેન્ટ) (૩) સામાન્ય કોમ્પ્યુટર.
- વિનામૂલ્યે ગણવેશની સુવિધા (યુવક લાભાર્થી માટે ટીશર્ટ અને ટોપી બે જોડી અને યુવતી લાભાર્થી માટે સલવાર, કુર્તી અને ટોપી બે જોડી)
- તાલીમ સેન્ટર ઉપર વિનામૂલ્યે વાઇફાઇ અને ક્લાસરૂમમાં ટેબલેટની સુવિધા.
- તાલીમ લીધા બાદ રોજગારી મેળવેલ હોય અને ૩ માસ સુધી નોકરી ચાલુ રાખનાર તમામ તાલીમાર્થીને ૨ માસથી ૬ માસ સુધી પ્રતિ માસ રૂા.૧૦૦૦/- ની પીપીએસ (પોસ્ટ પ્લેસમેન્ટ સપોર્ટ)ની જોગવાઇ, જેમાં (૧) પોતાના જિલ્લામાં ૨ માસ (૨) અન્ય જિલ્લામાં ૩ માસ (૩) અન્ય રાજ્યમાં ૬ માસ સુધી પ્રતિ માસ રૂા.૧૦૦૦/-
- તાલીમ પૂરી થયા બાદ એનસીવીટી (નેશનલ કાઉન્સેલીંગ ફોર વોકેશનલ ટ્રેનિંગ) ભારત સરકાર દ્વારા સર્ટીફિકેટ આપવામાં આવે છે.

### લાભ ક્યાથી મળે

- તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકા વિકાસ અધિકારીશ્રી અને એનઆરએલએમ યોજનામાં તાલુકા લાઈવલી હુડ મેનેજરશ્રીનો સંપર્ક કરવો.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## ખાતેદાર ખેડૂતોને આકસ્મિક મૃત્યુ/કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજના

### કોને લાભ મળે

- ગુજરાત રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતો કે જેમના મહેસૂલી રેકર્ડ પ્રમાણે ૮-અ, ૭/૧૨ અને હક્ક પત્રક-૬ ના નમૂનામાં જેમના નામે જમીન હોય તેવા વ્યક્તિગત કે સંયુક્ત ખાતેદારને.
- ખાતેદાર ખેડૂતના કોઈપણ સંતાન વારસદાર તેમજ પતિ-પત્નીને લાભ મળશે.

### કેટલો લાભ મળે

- રૂા.૨,૦૦,૦૦૦ (બે લાખ પૂરાનું) મૃત્યુ માટે વીમા રક્ષણ.
- રૂા.૧,૦૦,૦૦૦ (એક લાખ પૂરાનું) અપંગતા માટે વીમા રક્ષણ.

### અરજી કયા કરવી

- મદદનીશ ખેતી નિયામક (વિ.) પેટા વિભાગ/વિસ્તરણ અધિકારી (ખેતી)

### સાધનીક પુરાવા

- ૭/૧૨, ૮-અના ઉતારા
- અસલ પેઢીનામું
- મૃત્યુનું/અપંગતા પ્રમાણપત્ર
- જન્મનું પ્રમાણપત્ર
- એફ.આર.આઈ. (F.I.R.) પંચનામું, ઈન્કવેસ્ટ પંચનામું, પી.એમ.નોટ
- ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડની નકલ
- બેંક પાસબુકની નકલ
- આધાર કાર્ડની નકલ
- ડ્રાઈવીંગ લાયસન્સ
- અરજદારનો ફોટોગ્રાફ

નોંધ : આ યોજના ગુજરાત સામૂહિક જૂથ જનતા અકસ્માત વીમા યોજના સાથે સંકળાયેલ છે.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## કિસાન ક્રેડીટ કાર્ડ

### લાભ કોને મળે

- બધા ખેડૂતો-વ્યક્તિગત/સંયુક્ત નામે ખેતીની જમીન ધરાવનારાઓ કે જેઓ માલિક તરીકે ખેતી કરે છે.
- ભાડૂત ખેડૂતો, મૌખિક પટ્ટેદારો અને ભાગમાં પાક લેનારાઓ.
- ખેડૂતોના સંયુક્ત જવાબદારી જૂથો (જેએલજી).

### કેટલો લાભ મળે


- ૫ વર્ષ માટે આ ક્રેડીટ સુવિધા મંજૂર કરવામાં આવે છે.
- સરકારશ્રી દ્વારા વિસ્તાર અને પાક પ્રમાણે પ્રતિ હેક્ટર દીઠ નક્કી કરેલ દરથી ખરીફ ધિરાણ અને રવી ધિરાણ તેમજ લાંબાગાળાના પાક માટે લાંબાગાળાના પાક ધિરાણ મળે છે.
- રૂપિયા ત્રણ લાખની મર્યાદામાં લીધેલ પાક ધિરાણ શૂન્ય ટકાના વ્યાજદરથી પાક ધિરાણ મળે છે એટલે કે સરકારશ્રી તરફથી ૭ ટકાના દરે વ્યાજ સબસિડી મળે છે. આ સબસિડી મેળવવા માટે નિયત તારીખ પહેલા લોનની ભરપાઇ કરવી પડે છે.
- ખેડૂતો પોતાની પસંદગી મુજબ બિયારણ, ખાતર અને જંતુનાશક દવા ખરીદી શકે છે.
- કિસાન ક્રેડીટ કાર્ડમાં રૂપે કાર્ડની સુવિધા આપવામાં આવે છે.

### લાભ ક્યાંથી મળે

- જાહેર ક્ષેત્રની કોમર્શિયલ બેંકો, ખાનગી બેંકો અને સહકારી બેંકો દ્વારા અમલમાં.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ :

- અરજી ફોર્મ.
- ઓળખના પુરાવા - આધાર કાર્ડની નકલ, પાનકાર્ડ, મતદાર ઓળખપત્ર, ડ્રાઈવીંગ લાયસન્સ.
- રહેઠાણનો પુરાવો - આધારકાર્ડ, મતદાર ઓળખપત્ર, ઈલેક્ટ્રીક બીલ, લીઝ કરાર.




- ખેતીની જમીનની માલિકી હક્કના પુરાવા - ૭/૧૨, ૮-અ તેમજ પત્રક ૬ વગેરે.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના

### કોને લાભ મળે

- બધા ખેડૂતો જેમાં ભાગીયા/ભાગીદાર અને ગણોત ખેડૂતો જેઓ નિયત વિસ્તારમાં પાક પકવતા હોય.

### ફરજિયાત ઘટક

- બધા ખેડૂતો જેઓ મોસમી ખેતીની કામગીરી (SAO) માટે નાણાકીય સંસ્થાઓ પાસેથી નિયત પાક માટે ધિરાણ મેળવતા એટલે કે ધિરાણી ખેડૂતોને ફરજિયાતપણે આવરી લેવામાં આવે છે.

### મરજીયાત ઘટક

- જેમણે ધિરાણ ન લીધું હોય, તેમને માટે આ યોજના મરજિયાત છે.

### કેટલો લાભ મળે

- આ યોજના મુજબ ચાર પ્રકારે પાક સામે વીમા વળતર મળવા જોગવાઈ છે.

૧. ઓછા વરસાદ અથવા પ્રતિકૂળ સીઝનને કારણે વાવેતર ન થાય તેવા વિસ્તારને આવરી લેવામાં આવશે.

૨. ઊભા પાકોનું નુકશાન (વાવેતરની વાવણી સુધી) દા.ત.દુષ્કાળ, અછત, પૂર, તીડ, કુદરતી આગ, ભૂસ્ખલન, વાવાઝોડું વગેરે દ્વારા નુકશાન.

૩. લણણી (હારવેસ્ટીંગ) કર્યા પછી નુકશાન, પાકની કાપણીના પછીના વધુમાં વધુ બે સપ્તાહ માટે આ રક્ષણ મળવાપાત્ર છે. દા.ત.વાવાઝોડું, કમોસમી વરસાદ વગેરેથી નુકશાન.

૪. સ્થાનિક કુદરતી આફતો જે કોઇ નિશ્ચિત વિસ્તારોના સ્થાનિક જોખમો દા.ત. કરાવર્ષા, ભૂસ્ખલન, જળપ્રલયથી થતાં નુકશાન સામે રક્ષણ.

- આ યોજનામાં શુદ્ધ, ન્યૂક્લીયર જોખમ અને ઈરાદાપૂર્વક (ધ્યેયપૂર્ણ) રીતે કરેલ નુકશાનને સામેલ કરવામાં આવ્યા નથી. આ યોજનાને અમલ કરવા માટે રાજ્ય સરકારે નિયત કરીને આ યોજનાને સ્વીકૃત કરવાની રહેશે.

### આ યોજના અંતર્ગત વીમામાં રક્ષણ માટે પ્રીમિયમ સાર નીચે મુજબના રહેશે.

- ખરીફ સીઝન માટે વીમાની રકમના ૨ ટકા, રવી સીઝન (શિયાળુ પાક) માટે ૧.૫ ટકા અને વાર્ષિક પાકો (રોકડીયા અને બાગાયતી) માટે વીમાની રકમના ૫ ટકા પ્રીમિયમ તરીકે આપવાના રહેશે. આ વીમા યોજના જે તે સીઝન પુરતી રહેશે. નવા વર્ષમાં નવી સીઝન માટે ફરીથી પ્રીમિયમ ભરી વીમો કરવાનો રહેશે.

### અરજી કોને કરવી

- ikhedut portal પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## ખેતીવાડીના વિવિધ ઘટકની સહાય યોજના

### કોને લાભ મળે

- ખેડૂત ખાતેદાર, જેના નામે જમીન હોય (દરેક યોજના માટે)

### અરજી કોને કરવી

- ikhedut portal પર ઓનલાઈન અરજી કરવાની રહેશે (દરેક યોજના માટે)

### અરજી સાથે જોડવાના પુરાવા

- અરજી કરેલ હોય તેની નકલ, જાતિનો દાખલો (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે), જમીનના દસ્તાવેજ ૭-૧૨ નો ઉતારો, બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ કરેલ ચેક, આધારકાર્ડની નકલ સાથે ગ્રામ સેવકને રજૂ કરવી. (દરેક યોજના માટે)

નોંધ : ખાતા દ્વારા વખતોવખત જાહેર કરેલ પ્રાઈઝ ડીસ્કવરીના હેતુ માટે તૈયાર કરેલ પેનલમાં સમાવિષ્ટ ઉત્પાદકના અધિકૃત વિક્રેતા પાસેથી લાભાર્થી ખેડૂતે ખરીદી કરવાની રહે છે.

### ઘટક

### (૧) ઈલેક્ટ્રીક મોટર :

- (AGR-2) **યોજનામાં સામાન્ય ખેડૂતો માટે દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- ૩.૦ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૮૬૦૦/- બે માંથી ઓછું હોય તે, ૫.૦ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૯૭૫૦/- બે માંથી ઓછું હોય તે, ૭.૫ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૨,૯૦૦/- બે માંથી ઓછું હોય તે.



- (AGR-4) **યોજના અનુસૂચિત જાતિના ખેડૂત માટે દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- ૩.૦ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૮૬૦૦/- બે માંથી ઓછું હોય તે, ૫.૦ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૯૭૫૦/- બે માંથી ઓછું હોય તે, ૭.૫ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૨,૯૦૦/- બે માંથી ઓછું હોય તે.
- NFSM (OS&OP) **યોજનામાં દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- ખરીદ કિંમતના ૫૦% અથવા રૂા.૧૨,૯૦૦/- બેમાંથી જે ઓછું હોય તે.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## (૨) ઓઇલ એન્જીન :

- (AGR-2) **યોજનામાં સામાન્ય ખેડૂતો માટે દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- ૩.૦ થી ૩.૫ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૮૭૦૦/- બે માંથી જે ઓછું હોય તે. ૫.૦ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૨,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે, ૭.૫ થી ૮.૦ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૩,૫૦૦/- બે માંથી જે ઓછું હોય તે, ૧૦ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૩,૮૭૫/- બે માંથી જે ઓછું હોય તે.
- (AGR-4) **યોજના અનુસૂચિત જાતિના ખેડૂત માટે દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- ૩.૦ થી ૩.૫ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૮૭૦૦/- બે માંથી જે ઓછું હોય તે, ૫.૦ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૨,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે, ૭.૫ થી ૮.૦ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૩,૫૦૦/- બે માંથી જે ઓછું હોય તે, ૧૦ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૩,૮૭૫/- બે માંથી જે ઓછું હોય તે.
- NFSM (OS&OP) **યોજનામાં દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- ખરીદ કિંમતના ૫૦% અથવા રૂા.૧૩,૮૭૫/- બે માંથી જે ઓછું હોય તે.

## (૩) સબમર્સિબલ પમ્પસેટ :



- (AGR-2) **યોજનામાં સામાન્ય ખેડૂતો માટે દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- ૩.૦ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૫,૭૫૦/- બે માંથી જે ઓછું હોય તે. ૫.૦ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૨૨,૩૫૦/- બે માંથી જે ઓછું હોય તે, ૭.૫ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૨૭,૯૭૫/- બે માંથી જે ઓછું હોય તે, ૧૦ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૩૩,૫૨૫/- બે માંથી જે ઓછું હોય તે.
- (AGR-4) **યોજના અનુસૂચિત જાતિના ખેડૂતો માટે દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- ૩.૦ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૫,૭૫૦/- બે માંથી જે ઓછું હોય તે. ૫.૦ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૨૨,૩૫૦/- બે માંથી જે ઓછું હોય તે, ૭.૫ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૨૭,૯૭૫/- બે માંથી જે ઓછું હોય તે, ૧૦ હો.પા. માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૩૩,૫૨૫/- બે માંથી જે ઓછું હોય તે.
- NFSM (OS&OP) **યોજનામાં દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

- ખરીદ કિંમતના ૫૦% અથવા રૂા.૨૫,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે.
- NFSM (Pulses) **યોજનામાં દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- ખરીદ કિંમતના ૫૦% અથવા રૂા.૧૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે.

## (૪) ખુલ્લી પાઈપલાઇન :



- (AGR-2) **યોજનામાં સામાન્ય ખેડૂતો માટે દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- ખરીદ કિંમતના ૫૦% અથવા રૂા.૪૫૦૦/- બે માંથી જે ઓછું હોય તે, ખાતાદીઠ વધુમાં વધુ બે હેક્ટર રૂા.૯૦૦૦/- ની મર્યાદામાં સહાય મળી શકે.
- (AGR-4) **યોજના અનુસૂચિત જાતિના ખેડૂતો માટે દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૬૭૫૦/- બેમાંથી જે ઓછું હોય તે, ખાતાદીઠ વધુમાં વધુ બે હેક્ટર રૂા.૧૩,૫૦૦/- ની મર્યાદામાં સહાય મળી શકે.
- (NFSM (OS&OP) **અને** NFSM (Pulses) **યોજનામાં દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૫,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે (HDPE પાઈપ માટે રૂા.૫૦/મી., PVC પાઈપ માટે રૂા.૩૫/મી. અને HDPE લેમીનેટેડ વુવન પાઈપ માટે રૂા.૨૦/મી.).

## (૫) અન્ડર ગ્રાઉન્ડ પાઈપલાઇન :



- (AGR-2) **યોજનામાં સામાન્ય ખેડૂતો માટે તથા** (AGR-4) **યોજના અનુસૂચિત જાતિના ખેડૂત માટે દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- ૧૧૦ મીમી x ૨૦૦ મીટર પાઈપ માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૪,૨૫૦/- બે માંથી જે ઓછું હોય તે, ૧૪૦ મીમી x ૧૫૦ મીટર પાઈપ માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૦,૭૦૦/- બે માંથી જે ઓછું હોય તે, ૧૧૦ મીમી x ૧૫૦ મીટર પાઈપ માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૦,૭૦૦/- બે માંથી જે ઓછું હોય તે, ૯૦ મીમી x ૧૫૦ મીટર પાઈપ ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૮,૪૦૦/- બે માંથી જે ઓછું હોય તે, ૧૪૦ મીમી x ૨૦૦ મીટર પાઈપ માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૪,૨૫૦/- બે માંથી જે ઓછું હોય તે અને ૯૦ મીમી x ૨૦૦ મીટર પાઈપ માટે ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૧૧,૨૫૦/- બે માંથી જે ઓછું હોય તે.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

### (૬) પાવર સંચાલીત સ્પ્રેયર :



- (AGR-2) **યોજનામાં સામાન્ય ખેડૂતો માટે દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- ખરીદ કિંમતના ૫૦% અથવા રૂા.૩૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે, ખાતાદીઠ વધુમાં વધુ એક નંગ.
- (AGR-4) **યોજના અનુસૂચિત જાતિના ખેડૂતો માટે દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૪૫૦૦/- બે માંથી જે ઓછું હોય તે, ખાતાદીઠ વધુમાં વધુ એક નંગ.
- NFSM (OS&OP) **અને** NFSM (Pulses) **યોજનામાં દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- સામાન્ય ખેડૂત માટે ખરીદ કિંમતના ૪૦% અથવા રૂા.૩૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે અને SC/ST/નાના/સીમાંત/મહિલા/જુથ માટે ૧૦% વધુ રૂા.૩૮૦૦/- ની મર્યાદામાં ખાતાદીઠ વધુમાં વધુ એક નંગ (૧૬ લી. થી ઓછા). સામાન્ય ખેડૂત માટે ખરીદ કિંમતના ૪૦% અથવા રૂા.૮૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે અને SC/ST/નાના/સીમાંત/મહિલા/જુથ માટે ૧૦% વધુ રૂા.૧૦,૦૦૦/- ની મર્યાદામાં, ખાતાદીઠ વધુમાં વધુ એક નંગ (૧૬ લી. થી મોટા)

### (૭) ટ્રેક્ટર :

- (AGR-50) **યોજનામાં દર ૧૦ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**



(૧) ખરીદ કિંમતના ૨૫% અથવા રૂા.૪૫,૦૦૦/- ની મર્યાદામાં બે માંથી જે ઓછું હોય તે પ્રમાણે (૪૦ હો.પા. સુધી) મળી શકે.

(૨) ખરીદ કિંમતના ૨૫% અથવા રૂા.૬૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે પ્રમાણે (૪૦-૬૦ હો.પા. સુધી) મળી શકે.

### (૮) પાવર ટીલર :

- (AGR-2 FM) **યોજનામાં દર ૧૦ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**



(૧) સામાન્ય ખેડૂતને કુલ ખર્ચના ૪૦% અથવા રૂા.૫૦,૦૦૦/- એ બેમાંથી જે ઓછું હોય તે તેમજ સામાન્ય જાતિના નાના/સીમાંત/મહિલા ખેડૂતને કુલ ખર્ચના ૫૦% અથવા રૂા.૬૫,૦૦૦/- એ બે માંથી જે ઓછું હોય તે (૮ બી.એચ.પી.થી નીચે)

(૨) સામાન્ય ખેડૂતને કુલ ખર્ચના ૪૦% અથવા રૂા.૭૦,૦૦૦/- એ બે માંથી જે ઓછું હોય તે તેમજ સામાન્ય જાતિના નાના/સીમાંત/મહિલા ખેડૂતને કુલ ખર્ચના ૫૦% અથવા

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

રૂા.૮૫,૦૦૦/- એ બે માંથી જે ઓછું હોય તે (૮ બી.એચ.પી.થી વધુ)

- (AGR-3 FM) અનુસૂચિત જનજાતિ તેમજ (AGR-૪ FM) યોજના અનુસૂચિત જાતિના ખેડૂત માટે દર ૧૦ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.

(૧) કુલ ખર્ચના ૫૦% અથવા રૂા.૬૫,૦૦૦/- એ બે માંથી જે ઓછું હોય તે (૮ બી.એચ.પી.થી નીચે)

(૨) કુલ ખર્ચના ૫૦% અથવા રૂા.૮૫,૦૦૦/- એ બે માંથી જે ઓછું હોય તે (૮ બી.એચ.પી.થી વધુ)

## (૯) પાવર થ્રેશર :

- **(AGR-2 FM) અને NFSM (OS&OP) યોજનામાં દર ૧૦ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**



- સામાન્ય ખેડૂતને કુલ ખર્ચના ૪૦% અથવા રૂા.૨૫,૦૦૦/- (૨૦ BHP સુધી), રૂા.૩૦,૦૦૦/- (૨૦-૩૫ BHP સુધી), રૂા.૮૦,૦૦૦/- (૩૫ BHP થી વધુ), તેમજ નાના/સીમાંત/મહિલા ખેડૂતને કુલ ખર્ચના ૫૦% અથવા રૂા.૩૦,૦૦૦/- (૨૦ BHP સુધી), રૂા.૪૦,૦૦૦/- (૨૦-૩૫ BHP સુધી), રૂા.૧,૦૦,૦૦૦/- (૩૫ BHP થી વધુ), એ બે માંથી જે ઓછું હોય તે.
- **NFSM (Pulses) યોજનામાં દર ૧૦ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- સામાન્ય ખેડૂતને કુલ ખર્ચના ૪૦% અથવા રૂા.૮૦,૦૦૦/- (૩૫ BHP થી વધુ) તેમજ નાના/સીમાંત/મહિલા ખેડૂતને કુલ ખર્ચના ૫૦% અથવા રૂા.૧,૦૦,૦૦૦/- (૩૫ BHP થી વધુ) એ બે માંથી જે ઓછું હોય તે.

## (૧૦) ઓટોમેટિક સીડ કમ ફર્ટીલાઈઝર ડ્રીલ :

- **(AGR-2 FM) યોજનામાં દર ૭ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**



- સામાન્ય ખેડૂતને કુલ ખર્ચના ૪૦% અથવા રૂા.૨૪,૦૦૦/- (૫ ટાઈન્સ), રૂા.૧૬,૦૦૦/- (૭ ટાઈન્સ), રૂા.૧૭,૦૦૦/- (૯ ટાઈન્સ), રૂા.૧૯,૩૦૦/- (૧૧ ટાઈન્સ), રૂા.૨૧,૦૦૦/- (૧૩ ટાઈન્સ), રૂા.૨૨,૪૦૦/- (૧૫ ટાઈન્સ), તેમજ નાના/સીમાંત/મહિલા ખેડૂતને કુલ ખર્ચના ૫૦% અથવા રૂા.૩૦,૦૦૦/- (૫ ટાઈન્સ), રૂા.૧૮,૦૦૦/- (૭ ટાઈન્સ), રૂા.૨૧,૩૦૦/- (૯ ટાઈન્સ), રૂા.૨૪,૧૦૦/- (૧૧ ટાઈન્સ), રૂા.૨૬,૯૦૦/- (૧૩ ટાઈન્સ), રૂા.૨૮,૦૦૦/- (૧૫ ટાઈન્સ), એ બે માંથી જે ઓછું હોય તે.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

- NFSM (pulses) **યોજનામાં દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઇ શકશે.**
- સામાન્ય ખેડૂતને કુલ ખર્ચના ૪૦% અથવા રૂ.૧૬,૦૦૦/- (૩૫ BHPથી વધુ) તેમજ નાના/સીમાંત/મહિલા ખેડૂતને કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૨૦,૦૦૦/- (૩૫ BHP થી વધુ) એ બે માંથી જે ઓછું હોય તે.
- (NFSM (OS&OP) **યોજનામાં દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઇ શકશે.**
- સામાન્ય ખેડૂતને કુલ ખર્ચના ૪૦% અથવા રૂ.૧૨,૦૦૦/- (૨૦-૩૫ BHP સુધી), રૂ.૧૬,૦૦૦/- (૩૫ BHP થી વધુ), તેમજ નાના/સીમાંત/મહિલા ખેડૂતને કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૧૫,૦૦૦/- (૨૦-૩૫ BHP સુધી), રૂ.૨૦,૦૦૦/- (૩૫ BHP થી વધુ), એ બે માંથી જે ઓછું હોય તે.

## (૧૧) રોટાવેટર :



- (AGR-2 FM) **યોજનામાં દર ૭ વર્ષ અને ગત્રઝ્જખ** (OS&OP) **યોજનામાં દર ૫ વર્ષ પછી ફરીથી લાભ લઇ શકશે.**
- સામાન્ય ખેડૂતને કુલ ખર્ચના ૪૦% અથવા રૂ.૩૪,૦૦૦/- (૫ ફીટ), રૂ.૩૫,૮૦૦/- (૬ ફીટ), રૂ.૩૮,૧૦૦/- (૭ ફીટ), રૂ.૪૦,૩૦૦/- (૮ ફીટ) તેમજ નાના/સીમાંત/મહિલા ખેડૂતને કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૪૨,૦૦૦/- (૫ ફીટ), રૂ.૪૪,૮૦૦/- (૬ ફીટ), રૂ.૪૭,૬૦૦/- (૭ ફીટ), રૂ.૫૦,૪૦૦/- (૮ ફીટ), એ બે માંથી જે ઓછું હોય તે.
- NFSM (Pulses) **યોજનામાં દર ૧૦ વર્ષ પછી ફરીથી લાભ લઇ શકશે.**
- સામાન્ય ખેડૂતને કુલ ખર્ચના ૪૦% અથવા રૂ.૩૫,૮૦૦/- (૬ ફીટ), રૂ.૩૮,૧૦૦/- (૭ ફીટ) તેમજ નાના/સીમાંત/મહિલા ખેડૂતને કુલ ખર્ચના ૫૦% અથવા રૂ.૪૪,૮૦૦/- (૬ ફીટ), રૂ.૪૭,૬૦૦/- (૭ ફીટ), એ બે માંથી જે ઓછું હોય તે.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## (૧૨) તાડપત્રી :



- તમામ ખેડૂતોને કુલ ખર્ચના ૫૦% અથવા રૂા.૧૨૫૦/- એ બે માંથી જે ઓછું હોય તે તેમજ ખાતા દીઠ વધુમાં વધુ ૨ નંગ દર ૩ વર્ષે મળી શકે.

## (૧૩) કલ્ટીવેટર/પ્લાઉ/હેરો :

- (AGR-2 FM) **યોજનામાં દર ૭ વર્ષ પછી ફરીથી લાભ લઈ શકશે.**
- સામાન્ય ખેડૂતને કુલ ખર્ચના ૪૦% અથવા રૂા.૧૬,૦૦૦/- (૨૦ BHP સુધી), રૂા.૨૫,૦૦૦/- (૨૦-૩૫ BHP સુધી), રૂા.૪૦,૦૦૦/- (૩૫ BHP થી વધુ), તેમજ નાના/સીમાંત/મહિલા ખેડૂતને કુલ ખર્ચના ૫૦% અથવા રૂા.૨૦,૦૦૦/- (૨૦ BHP સુધી), રૂા.૩૦,૦૦૦/- (૨૦-૩૫ BHP સુધી), રૂા.૫૦,૦૦૦/- (૩૫ BHP થી વધુ), એ બે માંથી જે ઓછું હોય તે.

## (૧૪) સ્ટોરેજ યુનિટ :



- RKVY **યોજનામાં આજીવન એક વખત**
- તમામ ખેડૂતો માટે ખર્ચના ૫૦% અથવા રૂા.૨,૦૦,૦૦૦/- પ્રતિ યુનિટ (લંબાઈ ૯ મી x પહોળાઈ ૬ મી. x ઉંચાઈ ૧૨ ફીટ).

## (૧૫) ઘાસચારા વિકાસ કાર્યક્રમ (પ્લાન) :



- AGR-59 **ઘાસચારા બિયારણ કીટમાં યોજનામાં દર વર્ષ**
- તમામ ખેડૂતોને ૭૫% અથવા રૂા.૧૨૦૦/- પ્રતિ એકર એ બે માંથી જે ઓછું હોય તે (વધુમાં વધુ ૨ એકર માટે).

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## વિદ્યુત સંચાલિત ચાફકટર

### કોને લાભ મળે

૧૦ કે તેથી વધુ દૂધાળા પશુ રાખતાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીના મહિલા સભાસદ, અનુસૂચિત જાતિના ખેડૂતો, અનુસૂચિત જનજાતિના ખેડૂતો, નાના ખેડૂતો, સીમાંત ખેડૂતો, સામાન્ય ખેડૂતો, બક્ષીપંચના ખેડૂતો.

### કેટલો લાભ મળે

- ખરીદ કિંમતના ૭૫% અથવા રૂ.૧૫,૦૦૦/- બન્ને માંથી જે ઓછું હોય એ.

### લાભ ક્યાથી મળે

- I-ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરી તાલુકા પશુ દવાખાનાના પશુ ચિકિત્સા અધિકારીશ્રીનો સંપર્ક કરવો.

### ક્યા ક્યા પુરાવા જોઇએ

- લાભાર્થી પાંચ કે તેથી વધુ દૂધાળા પશુ રાખતા હોય તેવો દૂધ ઉત્પાદક સહકારી મંડળી અથવા ગ્રામ પંચાયતનો દાખલો.
- આધારકાર્ડની ઝેરોક્ષ
- રેશનકાર્ડની ઝેરોક્ષ
- બેંક પાસબુકની ઝેરોક્ષ
- સરકારી નક્કી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ
- પશુ ચિકિત્સા અધિકારીનું ખરીદી અંગેનું પ્રમાણપત્ર




### શરતો :

- કુટુંબ દીઠ એક લાભાર્થીને લાભ મળી શકશે.
- અગાઉ લાભ લીધેલ અરજદારને લાભ આપી શકાશે નહીં.
- ચાફકટરની ખરીદી સરકાર માન્ય ઉત્પાદક પાસેથી જ કરવી પડશે.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## મિલ્કીંગ મશીન માટે સહાય

### લાભ કોને મળે

- ૧૦ કે તેથી વધુ દૂધાળા પશુ રાખતાં દૂધ ઉત્પાદકને.

### કેટલો લાભ મળે

- ખરીદ કિંમતના ૭૫% અથવા રૂા.૩૩૭૫૦/- બંનેમાંથી જે ઓછું હોય એ.

### લાભ ક્યાંથી મળે

- I-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી દૂધ ઉત્પાદક સહકારી સંઘનો સંપર્ક કરવો.

### ક્યા-ક્યા પુરાવા જોઈએ

- લાભાર્થી પાંચ કે તેથી વધુ દૂધાળા પશુ રાખતાં હોય તથા નિયમિત દૂધ ભરાવે છે તે અંગે દૂધ ઉત્પાદક સહકારી મંડળી અથવા ગ્રામ પંચાયતનો દાખલો.
- આધાર કાર્ડની ઝેરોક્ષ.
- રેશનકાર્ડની ઝેરોક્ષ.
- બેંક પાસબુકની ઝેરોક્ષ.
- સરકારી નક્કી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ.
- પશુ ચિકિત્સા અધિકારીનું ખરીદી અંગેનું પ્રમાણપત્ર.



### શરતો

- કુટુંબ દીઠ એક લાભાર્થીને લાભ મળી શકશે.
- અગાઉ લાભ લીધેલ અરજદારને લાભ આપી શકાશે નહીં.
- મિલ્કીંગ મશીનની ખરીદી સરકાર માન્ય ઉત્પાદક પાસેથી જ કરવી પડશે.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## બલ્ક મિલ્ક કુલર માટે સહાય

### લાભ કોને મળે

- મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળી.

### કેટલો લાભ મળે

- બલ્ક મિલ્ક કુલર (BMC)ની એકમ કિંમત (૧૦૦૦ લિ. - રૂા.૭.૭૫ લાખ, ૨૦૦૦ લિ. - રૂા.૯.૨૫ લાખ, ૩૦૦૦ લિ. - રૂા.૧૧.૦૦ લાખ, ૪૦૦૦ લિ. - રૂા.૧૨.૫૦ લાખ, ૫૦૦૦ લિ. - રૂા.૧૪.૦૦ લાખ) પર એકમ કિંમત કે ખરેખર ખરીદ કિંમત પૈકી જે ઓછું હોય તેના ૮૦% / ૭૦% સહાય સ્વરૂપે.

### લાભ ક્યાથી મળે છે

- I-ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરી દૂધ ઉત્પાદક સહકારી સંઘનો સંપર્ક કરવો.

### ક્યા-ક્યા પુરાવા જોઈએ

- સંબંધિત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના મેનેજિંગ ડીરેક્ટરશ્રી પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનો પ્રમાણપત્ર/દાખલો.



- આધારકાર્ડની ઝેરોક્ષ
- રેશનકાર્ડની ઝેરોક્ષ
- બેંક પાસબુકની ઝેરોક્ષ
- સરકારે નક્કી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ.
- પશુ ચિકિત્સા અધિકારીનું ખરીદી અંગેનું પ્રમાણપત્ર.

### શરતો

- મંડળીએ અગાઉ લાભ લીધેલ હોવો જોઇએ નહીં.
- ખરીદી સરકાર માન્ય ઉત્પાદક પાસેથી જ કરવી પડશે.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## ઓટોમેટિક મીલ્ક કલેક્શન માટે સહાય

### કોને લાભ મળે

- મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળી
- સામાન્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળી

### કેટલો લાભ મળે

- ઓટોમેટિક મીલ્ક કલેક્શન મશીન (AMCS) પર મહત્તમ રૂ.૭૦,૦૦૦/- પ્રતિ યુનિટ અથવા કિંમતના ૮૦% / ૭૦% બે માંથી જે ઓછું હોય તે સહાય સ્વરૂપે.

### લાભ ક્યાંથી મળે

- I-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી દૂધ ઉત્પાદક સહકારી સંઘનો સંપર્ક કરવો.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

- સંબંધિત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના મેનેજિંગ ડીરેક્ટરશ્રી પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનો પ્રમાણપત્ર/દાખલો.
- આધારકાર્ડની ઝેરોક્ષ, રેશનકાર્ડની ઝેરોક્ષ, બેંક પાસબુકની ઝેરોક્ષ
- સરકારી નક્કી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ, પશુ ચિકિત્સા અધિકારીનું ખરીદી અંગેનું પ્રમાણપત્ર

### શરતો

- મંડળીએ અગાઉ લાભ લીધેલ હોવો જોઈએ નહીં.
- ખરીદી સરકાર માન્ય ઉત્પાદક પાસેથી જ કરવી પડશે.



# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## દૂધઘર બાંધકામ માટે સહાય

### કોને લાભ મળે

- મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળી

### કેટલો લાભ મળે

- દૂધઘર સ્થાપના પર એકમ કિંમત રૂા.૧૦,૦૦,૦૦૦/- સુધી કે ખરેખર સ્થાપના માટે થયેલ ખર્ચ પૈકી જે ઓછું હોય તેના ૫૦%ની મર્યાદામાં સહાય વધુમાં વધુ રૂા.૫,૦૦,૦૦૦/-

### લાભ ક્યાંથી મળે

- I-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી દૂધ ઉત્પાદક સહકારી સંઘનો સંપર્ક કરવો.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

- સંબંધિત જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના મેનેજિંગ ડીરેક્ટરશ્રી પાસેથી સમાન હેતુવાળા ઘટક માટે અન્ય યોજનામાંથી અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય મેળવેલ નથી તે બાબતનો પ્રમાણપત્ર/દાખલો.



- દૂધઘર માટે જરૂરી જમીનનો આધાર.
- આધારકાર્ડની ઝેરોક્ષ.
- રેશનકાર્ડની ઝેરોક્ષ, બેંક પાસબુકની ઝેરોક્ષ.
- સરકારી નક્કી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ, બાંધકામ અંગે સિવિલ એન્જીનિયરનું પ્રમાણપત્ર.

### શરતો

- મંડળીએ અગાઉ લાભ લીધેલ હોવો જોઈએ નહીં.
- આ યોજના ફક્ત મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ માટે જ છે.
- મહિલા લાભાર્થી મંડળીએ દૂધઘરનું બાંધકામ GCMMF આણંદ દ્વારા નક્કી થયેલ લે-આઉટ અને ધારા ધોરણો મુજબ સંબંધિત ડેરી સંઘના સિવિલ એન્જીનિયરની દેખરેખ હેઠળ કરવાનું રહેશે.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## બકરા એકમ (૧૦+૧)ની સ્થાપના માટે સહાય

### કોને લાભ મળે

- મહિલા લાભાર્થી માટે

### કેટલો લાભ મળે

- રૂા.૬૦,૦૦૦/- યુનિટ કિંમતના ૫૦% અથવા મહત્તમ રૂા.૩૦,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે.

### લાભ ક્યાંથી મળે

- I-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી પશુ દવાખાનાના પશુ ચિકિત્સા અધિકારીનો સંપર્ક કરવો.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

- જાતિનો દાખલો સક્ષમ અધિકારી દ્વારા.
- આધારકાર્ડની ઝેરોક્ષ.
- રેશનકાર્ડની ઝેરોક્ષ.
- બેંક પાસબુકની ઝેરોક્ષ.
- સરકારી નક્કી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ.
- પશુ ચિકિત્સા અધિકારીનું ખરીદી અંગેનું પ્રમાણપત્ર.



### શરતો

- બકરા બાંધવાની જગ્યા, ખોરાક, પાણી અને ખાણદાણની વ્યવસ્થા લાભાર્થીએ કરવાની રહેશે.
- ૧૦ બકરી અને ૧ બકરાનું યુનિટ સ્થાપવાનું રહેશે.
- બકરીની ઉંમર ૧ થી ૨ વર્ષ તથા બકરાની ઉંમર ૨ થી ૩ વર્ષની હોવી જોઈએ.
- આ એકમ ઓછામાં ઓછું ત્રણ વર્ષ નિભાવવાનો રહેશે.
- મંજૂરી મળ્યેથી ૯૦ દિવસમાં એકમની સ્થાપના કરવાની રહેશે. અન્યથા મંજૂરી આદેશ રદ ગણાશે.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## વાછરડી ઉછેર પર સહાય

### કોને લાભ મળે

- પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલ તમામ પશુપાલકો.

### કેટલો લાભ મળે

- રાજ્યના પશુપાલકોને તેમની પોતાની દેશી (ગાય)માં કૃત્રિમ બીજદાન દ્વારા શુદ્ધ દેશી ઓલાદની વાછરડીનાં જન્મ થયેથી રૂા.૩૦૦૦/- રોકડ સહાય સ્વરૂપે. પશુપાલક દીઠ વધુમાં વધુ પાંચ વાછરડીઓ માટે સહાય મળવાપાત્ર રહેશે.

### લાભ ક્યાંથી મળે

- I-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી પશુ દવાખાનાના પશુ ચિકિત્સા અધિકારીનો સંપર્ક કરવો.



### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

- જાતિનો દાખલો સક્ષમ અધિકારી દ્વારા.
- આધારકાર્ડની ઝેરોક્ષ.
- રેશનકાર્ડની ઝેરોક્ષ.
- બેંક પાસબુકની ઝેરોક્ષ.
- સરકારી નક્કી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ.
- પશુ ચિકિત્સા અધિકારીનું ખરીદી અંગેનું પ્રમાણપત્ર.

### શરતો

- રાજ્યના ગામોમાં પશુપાલકોના ફક્ત કૃત્રિમ બીજદાન દ્વારા જન્મેલ માદા બચ્ચાઓને જ પસંદગી આપવામાં આવશે. જેમાં શુદ્ધ ઓલાદોને પ્રાથમિકતા આપવામાં આવશે.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## ૧ થી ૨૦ દેશી દૂધાળા પશુ (ગાય/ભેંસ)ના એકમની સ્થાપના માટે વ્યાજ સહાય

### કોને લાભ મળે

- પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલ તમામ પશુપાલકો.

### કેટલો લાભ મળે

- ૧ થી ૨૦ દેશી દૂધાળા પશુ (ગાય/ભેંસ)ની ખરીદી કરવા ઇચ્છતા પશુપાલકને બેંક લોન પર ત્રણ વર્ષ માટે વ્યાજ સહાય ૧૨% પાત્રતાને આધારે.

### લાભ ક્યાંથી મળે

- I-ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરી પશુ દવાખાનાના પશુ ચિકિત્સા અધિકારીનો સંપર્ક કરવો.

### ક્યા ક્યા પુરાવાઓ જોઇએ

- આધારકાર્ડની ઝેરોક્ષ.
- રેશનકાર્ડની ઝેરોક્ષ.
- બેંક પાસબુકની ઝેરોક્ષ.
- સરકારે નક્કી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ.
- ધિરાણ તથા વ્યાજ અંગેના બેંકના ડોક્યુમેન્ટ.
- પશુ ચિકિત્સા અધિકારીનું ખરીદી અંગેનું પ્રમાણપત્ર.

### શરતો

- લાભાર્થીએ ચાલુ નાણાકીય વર્ષમાં ધિરાણ મેળવેલ હશે તો જ આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
- શિક્ષિત બેરોજગાર તથા વિધવા/ત્યક્તા, સ્વસહાયકારી જૂથની મહિલાઓને આ યોજનાનો લાભ અગ્રતાને ધોરણે આપવાનો રહેશે.
- પશુપાલકે પશુએકમ ૩ વર્ષની મુદત સુધી નિભાવવાનું રહેશે. આ ૩ વર્ષની મુદત દરમ્યાન પશુ મૃત્યુ પામે તો લાભાર્થીએ સ્વખર્ચે કે વિમાની રકમમાંથી બેંકમાં ધિરાણ મેળવીને નવું પશુ ખરીદી મૂળ પશુએકમ યથાવત રાખી પશુપાલન કરવાનું રહેશે. આ અંગે સરકારશ્રી દ્વારા કોઇ વધારાની સહાય મળવાપાત્ર થશે નહીં.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## સ્વરોજગારી હેતુ ૧૨ દૂધાળા પશુના ફાર્મની સ્થાપના માટે સહાયની યોજના

### કોને લાભ મળે

- પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલ તમામ પશુપાલકો.

### કેટલો લાભ મળે

- યોજનામાં ૧ ફાર્મ માટે ઘટક મુજબ સહાયનું ધોરણ નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

| અ. નં. | ઘટકની વિગત | સહાયનું ધોરણ | | |
|---|---|---|---|---|
| | | સામાન્ય લાભાર્થી | અ.જા./ અ.જ.જા./ કોઈપણ મહિલા | ફક્ત ગીર/ કાંકરેજ/ શુદ્ધ/ ઓલાદ ફાર્મ માટે |
| ૧. | ૧૨ દૂધાળા પશુ ખરીદી વ્યાજ સહાય | ૭.૫% | ૮.૫% | ૧૨% |
| ૨. | ડેરી ફાર્મ બાંધકામ ૧૬૦૦ ચો.ફૂટ | ૫૦%≤૧૫૦૦૦૦ | ૫૦%≤ ૧૫૦૦૦૦ | ૭૫%≤ ૨૨૫૦૦૦ |
| ૩. | પશુ વીમો (૫ વર્ષ) | ૭૫%≤ ૪૩૨૦૦ | ૭૫%≤ ૪૩૨૦૦ | ૯૦%≤ ૫૧૮૪૦ |
| ૪. | ઈલેક્ટ્રીક ચાફકટર | ૭૫%≤ ૧૫૦૦૦ | ૭૫%≤ ૧૫૦૦૦ | ૯૦%≤ ૧૮૦૦૦ |
| ૫. | ફોગર સીસ્ટમ | ૭૫%≤ ૭૫૦૦ | ૭૫%≤ ૭૫૦૦ | ૯૦%≤ ૯૦૦૦ |
| ૬. | મીલ્કીંગ મશીન | ૭૫%≤૩૩૭૫૦ | ૭૫%≤ ૩૩૭૫૦ | ૯૦%≤ ૪૦૫૦૦ |

### લાભ ક્યાંથી મળે

- I-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી પશુ દવાખાનાના પશુ ચિકિત્સા અધિકારીનો સંપર્ક કરવો.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

લાભાર્થીએ ચાલુ નાણાંકીય વર્ષમાં ધિરાણ મેળવેલ હોય તેનો પુરાવો, કેટલ શેડ બાંધકામ માટે પુરતી જમીન ધરાવવા અંગેનો દાખલો, આધારકાર્ડની ઝેરોક્ષ, રેશનકાર્ડની ઝેરોક્ષ, બેંક પાસબુકની ઝેરોક્ષ, સરકારે નક્કી કરેલા ઉત્પાદક પાસેથી ખરીદીનું બીલ, ધિરાણ તથા વ્યાજ અંગેના બેંકના ડોક્યુમેન્ટ, પશુ ચિકિત્સા અધિકારીનું ખરીદી અંગેનું પ્રમાણપત્ર.

### શરતો

- આજીવન એક જ વાર લાભ મળી શકે.
- અરજી 'iKHEDUT PORTAL' દ્વારા જ કરવાની રહેશે.
- રાજકોટ જિલ્લા માટે અમલીકરણ એજન્સી તરીકે રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘને નિયુક્ત કરવામાં આવેલ છે.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## કેટલ શેડ બાંધકામ, ગમાણ, પાણીની ટાંકી તથા ડોલ માટે સહાય (બે પશુ માટે) (અનુસૂચિત જાતિ માટે)

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિના ખેડૂતો, પશુપાલકો.

### કેટલો લાભ મળે

- મૂળ ખર્ચના ૫૦% સહાય અથવા મહત્તમ રૂા.૧૮,૦૦૦/- બે માંથી જે ઓછું હોય તે.

### લાભ ક્યાંથી મળે

- નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાની કચેરી, જિલ્લા સેવા સદન-૩, બ્લોક નં.૨, બીજો માળ, સરકારી પ્રેસ રોડ, રાજકોટ
- અરજી - 'ikhedut portal' માં કરવાની રહેશે.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ



- બારકોડેડ રેશનકાર્ડની નકલ.
- સરકાર માન્ય ફોટાવાળા ઓળખપત્રની નકલ (આધારકાર્ડ/મતદાર ઓળખકાર્ડ/ડ્રાઈવીંગલાયસન્સ/કિશાન ક્રેડીટ કાર્ડ).
- જાતિનો દાખલો (સક્ષમ અધિકારી દ્વારા આપેલ)
- બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક.
- બે કે તેથી વધુ દૂધાળા પશુ ધરાવતા હોવાનો પુરાવો (ગ્રામ્ય દૂધ ઉત્પાદક મંડળી/તલાટી-કમ-મંત્રીનો દાખલો/પ્રમાણપત્ર).
- માલિકીની જમીન હોવાનો પુરાવો (તલાટી-કમ-મંત્રીનો દાખલો/આકારણી પત્રક/૭/૧૨ અને ૮-અની પ્રમાણિત નકલ).
- લાભાર્થીનું સંમતી/બાંહેધરી પત્રક.
- સક્ષમ અધિકારીનું દિવ્યાંગ અંગેનું પ્રમાણપત્રની નકલ (ફક્ત દિવ્યાંગો માટે)

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## મીની કીટ્સ

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિના ખેડૂતો, અનુસૂચિત જનજાતિના ખેડૂતો, બક્ષીપંચના ખેડૂતો, નાના ખેડૂતો, સિમાંત ખેડૂત, સામાન્ય ખેડૂતો.

### કેટલો લાભ મળે

- વિના મૂલ્યે

### લાભ ક્યાંથી મળે

- નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાની કચેરી, જિલ્લા સેવા સદન-૩, બ્લોક નં.૨, બીજો માળ, સરકારી પ્રેસ રોડ, રાજકોટ.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

ખેડૂત ખાતેદાર હોવાનો ૭/૧૨ અને ૮-અ નો દાખલો, ખેડૂત પશુ ધરાવતો હોવો જોઈએ, જાતિ અંગે સક્ષમ અધિકારીનો દાખલો.

## દૂધ ઉત્પાદન હરિફાઈ યોજના

### કોને લાભ મળે

- તમામ પશુપાલકો.

### કેટલો લાભ મળે

- પશુપાલકોને વધુ દૂધ ઉત્પાદન આપતા પશુઓ રાખવા પ્રોત્સાહિત કરવા.
- વધુ દૂધ આપતા પશુઓની જાણકારી મેળવવી.

### લાભ ક્યાંથી મળે

- નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજનાની કચેરી, જિલ્લા સેવા સદન-૩, બ્લોક નં.૨, બીજો માળ, સરકારી પ્રેસ રોડ, રાજકોટ.

### અરજી ક્યાં કરવી

- નજીકના પશુદવાખાના ના પશુધન નિરીક્ષક અથવા પશુ વિકાસ અધિકારી પાસે કરવાની રહેશે.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

રેશનકાર્ડ, ફી ના ચલણની નકલ, બેંક પાસબુકની નકલ/કેન્સલ ચેક, આધારકાર્ડની નકલ

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## પશુપાલકોના ગાભણ પશુઓને ખાણદાણ સહાય

### યોજનાનો હેતુ

- પશુપાલકોના ગાભણ પશુઓની તંદુરસ્તી જળવાઈ રહે તેમજ ગર્ભમાં રહેલ બચ્ચાંનો યોગ્ય વિકાસ થાય અને સ્વાસ્થ્ય ક્ષમતા મુજબ દૂધ ઉત્પાદન મેળવી શકાય તેમજ ઉત્પાદન શક્તિ જળવાઈ રહે.

### કોને લાભ મળે

- તમામ પશુપાલકો.

### કેટલો લાભ મળે

- ખરીદ કિંમતના ૭૫% સહાય અથવા મહત્તમ રૂ.૩૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે.

### યોજનાની અરજી પદ્ધતિ

- ikhedut portal પર ઓનલાઈન અરજી.

### લાભ ક્યાથી મળે

- નાયબ પશુપાલન નિયામકની કચેરી, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના, જિલ્લા સેવા સદન-૩, બીજો માળ, બ્લોક નં.૨, સરકારી પ્રેસ રોડ, રાજકોટ.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ



- બારકોડેડ રેશનકાર્ડની નકલ.
- સરકાર માન્ય ફોટાવાળા ઓળખપત્રની નકલ (આધારકાર્ડ/મતદાર ઓળખકાર્ડ)
- જાતિનો દાખલો (ફક્ત અનુસૂચિત જાતિ માટે)
- કૃત્રિમ બીજદાન/કુદરતી સંવર્ધન રીતે પશુ ફેળવ્યાનું પ્રમાણપત્ર.
- પશુનું ગર્ભપરિક્ષણ અંગેનું પ્રમાણપત્ર.
- બેંક પાસબુકની નકલ અથવા રદ કરેલ ચેક.
- સક્ષમ અધિકારીશ્રીનું દિવ્યાંગ અંગેનું પ્રમાણપત્રની નકલ (ફક્ત દિવ્યાંગ માટે).

### અન્ય શરતો

- લાભાર્થી દીઠ (બારકોડેડ રેશનકાર્ડના માત્ર એક સભ્યને) પ્રતિ વર્ષ એક ગાભણ પશુ માટે યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## રાજ્યમાં શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ યોજના

### કોને લાભ મળે

- રાજ્યના વ્યક્તિગત પશુપાલકો દ્વારા પશુપાલન ક્ષેત્રમાં કરવામાં આવેલ નોંધપાત્ર કામગીરી સંદર્ભે પશુપાલક દરખાસ્ત કરી શકે.

### કેટલો લાભ મળે

- આ યોજના હેઠળ રાજ્યકક્ષાના ત્રણ, દરેક જિલ્લા કક્ષાના બે અને દરેક તાલુકા કક્ષાના બે એમ રાજ્યના કુલ પ૬પ શ્રેષ્ઠ પશુપાલકોને એવોર્ડ.

### લાભ ક્યાંથી મળે

- નાયબ પશુપાલન નિયામકની કચેરી, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના, જિલ્લા સેવા સદન-૩, બીજો માળ, બ્લોક નં.૨, સરકારી પ્રેસ રોડ, રાજકોટ.

### યોજનાની અરજી પદ્ધતિ

- ikhedut portal પર ઓનલાઈન અરજી.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

- બારકોડેડ રેશનકાર્ડની નકલ.
- સરકાર માન્ય ફોટાવાળા ઓળખપત્રની નકલ (આધારકાર્ડ/મતદાર ઓળખકાર્ડ).
- ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો જેટલા દૂધાળા પશુ રાખતા હોય તેવો તથા મંડળીમાં દૂધ ભરાવતા હોય તેવો દાખલો.
- પશુપોષણ, પશુ રહેઠાણ વગેરે માટે જરૂરી ફોટા તેમજ હાર્ડકોપી, ફાર્મના ફોટા.
- પશુપાલકને અગાઉ કોઈ એવોર્ડ, ઈનામ કે પ્રશસ્તિપત્ર મળેલ હોય તેની નકલ.
- સક્ષમ અધિકારીશ્રીનું દિવ્યાંગ અંગેનું પ્રમાણપત્રની મળેલ હોય તો તેની નકલ (ફક્ત દિવ્યાંગો માટે).

### ઈનામની રકમ

- તાલુકા પ્રથમ : રૂા.૧૦,૦૦૦/- જિલ્લા પ્રથમ : રૂા.૧૫,૦૦૦/-
- તાલુકા દ્વિતીય : રૂા.૫,૦૦૦/- જિલ્લા દ્વિતીય : રૂા.૧૦,૦૦૦/-

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## ૧૦૦ બ્રોઈલર પક્ષી ફાર્મની સ્થાપના માટે સહાય

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિના લોકોને આ લાભ મળે.

### કેટલો લાભ મળે

- રૂા.૩૬,૦૦૦/- યુનિટ કિંમતના ૭૫% અથવા મહત્તમ રૂા.૨૭,૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે (૧૦૦ બ્રોઈલર પક્ષી એકમ માટે સહાય).

### લાભ ક્યાંથી મળે



- ઘનિષ્ઠ મરઘા વિકાસ ઘટક, પેડક, રાજકોટ.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

- જાતિ અંગેનું પ્રમાણપત્ર.
- મરઘા પાલન તાલીમ પ્રમાણપત્ર.
- બારકોડેડ રેશનકાર્ડની નકલ.
- ફોટો પ્રમાણપત્ર.
- આધારકાર્ડની નકલ.
- ૭-૧૨ નો ઉતારો/સ્ટેમ્પ પર જમીન ભાડાપટ્ટાનું કરારનામું.

### શરતો

- એક જ કુટુંબના એક જ સભ્યને લાભ આપી શકાશે.
- ત્રણ વર્ષ બાદ તે જ કુટુંબને પુનઃ લાભ આપી શકાશે.
- અરજદારે ફાર્મ બાંધવા માટે જરૂરી પોતાની જમીન અથવા ભાડાપટ્ટાથી ૨ વર્ષ ઉપર જમીન સંપાદિત કર્યા અંગેનો દાખલો અરજી સાથે રજૂ કરવાનો રહેશે.
- લાભાર્થીએ ૧૦૦ ચો.ફૂટનું ક્ષેત્રફળ ધરાવતો શેડ ઘટકના અધિકારીની સૂચના મુજબ તૈયાર કરવાનો રહેશે.
- લાભાર્થીએ ૧૦૦ લો ઈનપુટ કક્ષાના બ્રોઈલર પક્ષીના બચ્ચા, જરૂરી મરઘા આહાર તથા પાણીના વાસણો લાવવાના રહેશે.
- આ એકમ સામાન્ય સંજોગોમાં ૨ વર્ષ માટે નિભાવવાનું રહેશે.

### અરજી

- ikhedut portal પર ઓનલાઇન અરજી.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## ૨૫ આર.આઈ.આર. પક્ષી એકમ સહાય

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના લોકોને પુરક રોજગારી પુરી પાડવી.

### કેટલો લાભ મળે

- રૂા.૬૦૦૦/- યુનિટ કિંમતના ૭૫% સહાય અથવા રૂા.૪૫૦૦/- ની સહાયથી પક્ષી યુનિટ અને મરઘા આહાર (વસ્તુના સ્વરૂપમાં ૨૫ આર.આઇ.આર. પક્ષી અને મરઘા આહાર).

### લાભ ક્યાંથી મળે

- ઘનિષ્ઠ મરઘા વિકાસ ઘટક, પેડક, રાજકોટ.

### કયા કયા પુરાવાઓ જોઈએ

- જાતિ અંગેનું પ્રમાણપત્ર/આવક અંગેનું પ્રમાણપત્ર.
- મરઘા પાલન તાલીમ પ્રમાણપત્ર.
- બારકોડેડ રેશનકાર્ડની નકલ.
- પાસપોર્ટ સાઈઝ ફોટો.
- આધારકાર્ડની નકલ.
- બાંહેધરી પત્રક.



### શરતો

- એક જ કુટુંબના એક જ સભ્યને લાભ આપી શકાશે.
- ત્રણ વર્ષ બાદ તે જ કુટુંબને પુનઃ લાભ આપી શકાશે.
- લાભાર્થીએ મરઘાપાલનની તાલીમ મેળવેલી હોવી જોઇએ.
- લાભાર્થીને ૬ થી ૮ અઠવાડિયાના ઉછેરેલ આર.આઇ.આર. પક્ષી આપવાના રહેશે. જ્યારે રાત્રિ રક્ષણ માટે ખૂડો કે વાંસનો ટોપલો અને ખોરાક પાણીના સાધનો લાભાર્થીએ લાવવાના રહેશે.
- યુનિટના પક્ષીઓમાં રસીકરણ સમયસર કરાવવાનું રહેશે.

# કૃષિ અને પશુપાલન અંગેની યોજનાઓ

## મરઘાપાલન તાલીમ સ્ટાઈપેન્ડ

### કોને લાભ મળે

- અનુસૂચિત જાતિ તેમજ આર્થિક રીતે નબળા વર્ગના લોકોને પુરક રોજગારી પુરી પાડવા.

### કેટલો લાભ મળે

- નાણા સ્વરૂપે (મહત્તમ રૂા.૨૦૦૦)

### લાભ ક્યાંથી મળે

- ઘનિષ્ઠ મરઘા વિકાસ ઘટક, પેડક, રાજકોટ.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

- જાતિના પુરાવા
- ફોટો
- બેંક પાસબુકની નકલ
- બીપીએલ સ્કોર કાર્ડ/આવકનું પ્રમાણપત્ર
- આધારકાર્ડની નકલ
- શૈક્ષણિક લાયકાતના પુરાવા



### શરતો

- એક જ કુટુંબના એક જ સભ્યને લાભ આપી શકાશે.
- આ યોજનામાં ગરીબી રેખા હેઠળના ઈસમો તથા મહિલાઓને પ્રાધાન્ય આપવાનું રહેશે.
- મરઘા પાલન તાલીમ લેનાર તાલીમાર્થીને દૈનિક રૂા.૩૦૦/- પ્રમાણે ૬ દિવસના રૂા.૧૮૦૦/- તેમજ રૂા.૨૦૦/- ભાડા પેટેના મળી મહત્તમ કુલ રૂા.૨૦૦૦/- ચૂકવવાના રહેશે.

### અરજી

- ikhedut portal પર ઓનલાઈન અરજી કરવાની છે.

# દિવ્યાંગ વ્યકિતઓ માટેની કલ્યાણકારી યોજનાઓ

## દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી.બસમાં મફત મુસાફરી કરવાની યોજના

### કોને લાભ મળે

- ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ૪૦% કે તેથી વધુ દિવ્યાંગ હોવી જોઈએ.
- ગુજરાત રાજ્યના કાયમી વસવાટ હોવો જોઈએ.
- સરકારશ્રી તરફથી આવકનું ધોરણ રદ કરવામાં આવ્યું છે.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

- જે તે વિભાગના નિષ્ણાંતને તબીબનું ટકાવારી દર્શાવતું પ્રમાણપત્ર.
- અરજીપત્રક સાથે તાજા પડાવેલ સ્ટેમ્પ સાઈઝના ૨ (બે) ફોટા.
- રેશનકાર્ડની ઝેરોક્ષ નકલ.
- ગુજરાત રાજ્યના કાયમી વસવાટના પુરાવા.
- બ્લડ ગ્રુપનો દાખલો.
- અરજીપત્રક જિલ્લા સમાજ સુરક્ષાની કચેરીએથી વિનામૂલ્યે મળી શકશે.
- અરજીપત્રક જિલ્લા સમાજ સુરક્ષાની કચેરીને રજૂ કરવાનું રહેશે.
- અરજદારની બેંક પાસબુકની પ્રમાણિત નકલ.
- અરજદારના આધાર કાર્ડની પ્રમાણિત નકલ.
- અરજી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, બહુમાળી ભવન રાજકોટ ખાતે કરવી.

### કેટલો લાભ મળે

- ૮૦% થી વધુ અંધત્વ, ઓછી દ્રષ્ટિ, હિમોગ્લોબીનની ઘટેલી માત્રા, સેરેબલપાલ્સી, માનસિક બિમાર, બહુવિધ સ્કેલેરોસિસ-શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ, ચેતાતંત્ર-ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતી, બહેરા અંધત્વ સહિત અનેક અપંગતા ધરાવતા દિવ્યાંગ વ્યકિતના સહાયકને ૧૦૦% રાહત
- ૮૦% થી વધુ સાંભળવાની ક્ષતિ, ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ, ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા, રક્તપિત-સાજા થયેલ, હલન ચલન સાથેની અશક્તતા ધરાવતા દિવ્યાંગ વ્યકિતના સહાયકને ૫૦% રાહત
- ૪૦% થી વધુ બૌદ્ધિક અસમર્થતા ધરાવતા વ્યકિતના સહાયકને ૧૦૦%, માનસિક બિમાર વ્યકિતના સહાયકને ૫૦% ચેતાતંત્ર-ન્યુરોની વિકાસલક્ષી સ્થિતીમાં ક્ષતીવાળા વ્યકિતના સહાયકના ૫૦% બહેરા અંધત્વ સહિત અનેક અપંગતા ધરાવતા વ્યકિતના સહાયક ૫૦% રાહત.

### દિવ્યાંગ ઓળખકાડ ખોવાઈ જાય કે રદ કરવા પાત્ર થતા ડુપ્લીકેટ કાર્ડ કઢાવવા અંગે

- દિવ્યાંગ ઓળખકાર્ડ ગુમ થયાથી અરજી કરવાથી મળી રહેશે.
- રદ કરવા પાત્ર ઓળખકાર્ડ કચેરીમાં જમા કરાવવાથી ડુપ્લીકેટ કાર્ડ કાઢી આપવામાં આવે છે.

# દિવ્યાંગ વ્યકિતઓ માટેની કલ્યાણકારી યોજનાઓ

## દિવ્યાંગ વ્યક્તિઓને સાધન સહાયની યોજના

### કોને લાભ મળે

- અરજદારની ઉંમર ૫ (પાંચ) વર્ષથી ૬૦ વર્ષથી મોટી હોય તેવી વ્યક્તિને મળવાપાત્ર છે.
- ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને.
- આવક મર્યાદા લાગુ પડતી નથી.
- ગુજરાત રાજ્યના વતની હોવા જોઈએ.

### કેટલો લાભ મળે

- (દિવ્યાંગ) વ્યક્તિને કૃત્રિમ અવયવ માટે ઘોડી, (બુટ) કેલીપર્સ, ત્રણ પૈડાવાળી સાયકલ, બે પૈડાવાળી સાયકલ, વ્હીલચેર.
- સ્વરોજગારો માટે હાથલારી, સિલાઈ મશીન, મોચી કામ માટેના સાધનો, સુથારી, ઈલેક્ટ્રીક રીપેરીંગ, કોમ્પ્યુટર રીપેરીંગના સાધનો, ભરતગૂંથણ મશીન, એમ્બ્રોઈડરી મશીન.
- શ્રવણમંદ વ્યક્તિ માટે હીયરીંગ એઈડ, તેમજ અન્ય સાધન સહાય.
- દષ્ટિહીન વ્યક્તિ માટે સંગીતના સાધનો.
- ઉપરોક્ત આર્થિક સાધન સહાય રૂા.૨૦,૦૦૦/- ની મર્યાદામાં આપવામાં આવે છે.
- અરજીપત્રક જિલ્લા સમાજ સુરક્ષા કચેરીમાંથી વિનામૂલ્યે મળે છે.
- અરજદારે અરજીપત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને રજૂ કરવાનું રહેશે.



### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

- ઉંમરનો પુરાવો.
- દિવ્યાંગ ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ.
- સ્વરોજગારી માટે અનુભવ કે તાલીમનો દાખલો.
- દિવ્યાંગતા તબીબી પ્રમાણપત્ર.
- અરજદારની બેંક પાસબુકની પ્રમાણિત નકલ.
- અરજદારના આધારકાર્ડની પ્રમાણિત નકલ.

# દિવ્યાંગ વ્યકિતઓ માટેની કલ્યાણકારી યોજનાઓ

## દિવ્યાંગ વ્યક્તિઓને શિષ્યવૃત્તિ યોજના

### કોને લાભ મળે

- ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવા પાત્ર છે.
- અભ્યાસ કરતાં દિવ્યાંગ વિદ્યાર્થી ની દિવ્યાંગ ટકાવારી ૪૦%થી ઓછી હોવી ન જોઈએ.
- છેલ્લી વાર્ષિક પરીક્ષા ઓછામાં ઓછા ૪૦% ગુણથી ઉત્તિર્ણ હોવા જોઈએ.
- જે તે અભ્યાસમાં હાજરીની સંતોષકારક નિયમિતતા જરૂરી છે.
- આવક મર્યાદા લાગુ પડતી નથી.

### કેટલો લાભ મળે

- ધોરણ ૧ થી ધો.૭ સુધીમાં ભણતા દિવ્યાંગ વિદ્યાર્થીને વાર્ષિક રૂા.૧,૦૦૦/-.
- ધોરણ ૮ કે તેથી વધુ અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીને રૂા.૧,૫૦૦/- કે તેથી વધુમાં વધુ રૂા.૫,૦૦૦/- સુધી.
- દિવ્યાંગ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીના બેંક ખાતામાં સીધી જમા કરાવવામાં આવે છે.

### અરજી કરવાની પધ્ધતિ

- દર વર્ષે શૈક્ષણિક કાર્ય શરૂ થતાં ૧૫ મી જૂન થી ૩૧ મી ઓગસ્ટ સુધી મળવાપાત્ર છે. જેની અરજી જે તે સ્કૂલના પ્રિન્સીપાલશ્રી દ્વારા Digital Gujarat પોર્ટલ મારફત ઓનલાઈન કરવાની થાય છે.
- સમય મર્યાદામાં નિયત ફોર્મ ભરાવીને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીને તે અંગેની દરખાસ્ત રજૂ કરવાની જવાબદારી સંબંધિત શાળા કોલેજના આચાર્યશ્રીની રહે છે.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

- દિવ્યાંગ વિદ્યાર્થીનું દિવ્યાંગ ઓળખકાર્ડ તથા જે તે વિભાગના નિષ્ણાંત તબીબનું ટકાવારી પ્રમાણપત્ર.
- ગત વર્ષની વાર્ષિક પરિણામની પ્રમાણિત નકલ.
- અરજદારની બેંક પાસબુકની પ્રમાણિત નકલ.
- અરજદારના ઓળખકાર્ડની પ્રમાણિત નકલ.

# દિવ્યાંગ વ્યકિતઓ માટેની કલ્યાણકારી યોજનાઓ

## ઈન્દિરા ગાંધી નેશનલ ડીસએબીલીટી પેન્શન સ્કીમ અને સંત સુરદાસ યોજના
## (તીવ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિને આર્થિક સહાય આપવા માટેની યોજના)

### કોને લાભ મળે

- ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવા પાત્ર છે.
- અરજદારની ઉંમર ૭૯ કરતા ઓછી વયજૂથની હોવી જોઇએ.
- ૮૦% કે તેથી વધારે દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને
- દિવ્યાંગ વ્યક્તિઓનું નામ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબની યાદીમાં સમાવિષ્ટ હોવું જોઇએ.

### લાભ શું મળે ?

- તમામ લાભાર્થીનિ માસિક રૂા.૬૦૦/- ચૂકવવા પાત્ર છે.
- અરજદારને સહાય DBT મારફત તેમના ખાતામાં ચૂકવવામાં આવે છે.

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

- વિકલાંગ ઓળખકાર્ડની ઝેરોક્ષ નકલ.
- ઉંમરનો દાખલો.
- વિકલાંગતા દર્શાવતું ડોક્ટરી સર્ટીફિકેટ.
- વિકલાંગ વ્યક્તિનું નામ ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબની યાદીમાં સમાવિષ્ટ હોય તેનો દાખલો (૦ થી ૨૦ સ્કોર)
- આધાર કાર્ડની નકલ અને બેંક એકાઉન્ટની નકલ.
- અરજી પત્રક સંપૂર્ણ ભરીને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીમાં રજૂ કરવાનું રહેશે.

# દિવ્યાંગ વ્યકિતઓ માટેની કલ્યાણકારી યોજનાઓ

## દિવ્યાંગ લગ્ન સહાય યોજના

### કોને લાભ મળે

- કન્યાની ઉંમર ૧૮ વર્ષથી ઉપર અને છોકરાની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઇએ.
- વિકલાંગ ઓળખ કાર્ડ ધરાવતા હોવા જોઇએ.
- ૮૦% કે તેથી વધુ અંધત્વ, ઓછી દ્રષ્ટિવાળા દિવ્યાંગ વ્યકિતઓને સહાય મળવાપાત્રા છે.
- ૭૧% કે તેથી વધુ સાંભળવાની ક્ષતિવાળા દિવ્યાગ વ્યકિતઓને સહાય મળવાપાત્રા છે.
- ૫૦% તેથી ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ, સામાન્ય ઈજા જીવલેણ રક્તસ્ત્રાવ, ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા, બૌદ્ધિક અસમર્થતા, હિમોગ્લોબીનની ઘટેલી માત્રા, દીર્ઘ કાલીન અનેમિયા, માનસિક બિમાર, ખાસ અભ્યાસ સંબંધિત દિવ્યાંગતા, વાણી અને ભાષાની અશક્તતા, ચેતાતંત્ર-ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ, બહેરા અંધત્વ સહિત અનેક અપંગતાવાળા દિવ્યાંગ વ્યકિતઓને સહાય મળવાપાત્ર છે.
- ૪૦% કે તેથી વધુ આનુવંશિક કારણોથી થતો સ્નાયુ ક્ષય, રક્તપિત-સાજા થયેલ, એસીડના હુમલાનો ભોગ બનેલ, હલન-ચલન સાથેની અશક્તતા, શેરેબલપાલ્સી, વામનતા, બહુવિધ સ્કલેરોસિસ-શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિવાળા દિવ્યાંગ વ્યકિતઓને સહાય મળવાપાત્ર છે.

### લાભ શું મળે ?

- તા.૩૧-૦૭-૨૦૧૪ થી તા.૨૧-૦૫-૨૦૧૬ વચ્ચે લગ્ન કરનાર યુગલને રૂા.૨૦,૦૦૦ સહાય મળવાપાત્ર છે.
- તા.૨૫-૦૫-૨૦૧૬ બાદ લગ્ન કરનારને રૂા.૫૦,૦૦૦/- આર્થિક સહાય, દંપતિ પૈકી એક જ વિકલાંગ હોય ત્યારે.
- તા.૨૫-૦૫-૨૦૧૬ બાદ લગ્ન કરનારને રૂા.૧,૦૦,૦૦૦/- આર્થિક સહાય, દંપતિ વિકલાંગ હોય ત્યારે.
- યોજનાનો લાભ તમામ વર્ગની બહેનોને મળવાપાત્ર થાય છે.
- અરજી પત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાંથી મેળવી, ફોર્મ ભરી રજૂ કરવાનું રહેશે.

### કયા કયા પુરાવાઓ જોઇએ

- દિવ્યાંગ ઓળખકાર્ડ અથવા સિવિલ સર્જનનો દિવ્યાંગતાના દાખલાની પ્રમાણિત નકલ.
- બન્નેના શાળા છોડ્યાના પ્રમાણપત્ર (સ્કૂલ લિવીંગ સર્ટી.) ની પ્રમાણિત નકલ.
- રેશન કાર્ડની પ્રમાણિત નકલ, આધાર કાર્ડની નકલ અને બેંક એકાઉન્ટની માહિતી. (બન્ને વિકલાંગ હોય તો બન્નેની).
- બન્નેના સંયુક્ત ફોટા/લગ્નની કંકોત્રી (ફોટા વિધિ દર્શાવતો)



- લગ્ન રજિસ્ટ્રાર ઓફ મેરેજિસની ઓફિસમાં નોંધાયેલ નોંધણી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
- રૂા.૫૦/- ના સ્ટેમ્પ પેપર પર સોગંદનામું અરજીપત્રક સાથે આપેલ નિયત નમૂના મુજબ.

# દિવ્યાંગ વ્યકિતઓ માટેની કલ્યાણકારી યોજનાઓ

## SERO-POSITIVE ILLNESS
## માતા-પિતા/બાળકોને શિષ્યવૃત્તિ આપવાની યોજના

### કોને લાભ મળે

- માતા-પિતા અથવા બાળકો SERO-POSITIVE ILLNESS ધરાવતા હોય.
- સિવિલ હોસ્પિટલમાં એ.આર.ટી. (A.R.T.) સેન્ટરમાં સારવાર ચાલુ હોય.
- બાળક અભ્યાસ કરતું હોવુ જોઈએ.
- ગ્રીનકાર્ડ હોવું જોઈએ.

| ક્રમ | ધોરણ | | શિષ્યવૃત્તિનો દર |
|---|---|---|---|
| ૧. | ધોરણ : ૧ થી ૫ | | ૨,૦૦૦-૦૦ |
| ૨. | ધોરણ : ૬ થી ૧૦ | | ૨,૫૦૦-૦૦ |
| ૩. | ધોરણ : ૧૧ થી ૧૨ | ડેસ્કોલર<br>હોસ્ટેલર | ૪,૦૦૦-૦૦<br>૧૦,૦૦૦-૦૦ |
| ૪. | બી.એ./બી.કોમ./બી.એસસી. અને સમકક્ષ ડીગ્રી | ડેસ્કોલર<br>હોસ્ટેલર | ૬,૦૦૦-૦૦<br>૧૨,૦૦૦-૦૦ |
| ૫. | તબીબી અને આયુર્વેવિદક તથા હોમિયોપેથીક અભ્યાસક્રમમાં ડીગ્રી કોર્સ જેવા કે : બી.એડ/બી.ઇ./બી.ટેક./એલ.એલ.બી./ એમ.બી.એ./તથા સમકક્ષ અભ્યાસક્રમ તેમજ ડિપ્લોમા અભ્યાસક્રમ | ડેસ્કોલર<br>હોસ્ટેલર | ૧૦,૦૦૦-૦૦<br>૧૬,૦૦૦-૦૦ |
| ૬. | અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ જેવા કે : એમ.એસસી./એમ.ફીલ./એલએલ.એમ./ એમ.એડ. વગેરે | ડેસ્કોલર<br>હોસ્ટેલર | ૧૦,૦૦૦-૦૦<br>૧૬,૦૦૦-૦૦ |

### ક્યા ક્યા પુરાવાઓ જોઈએ

- સ્કૂલ બોનાફાઇડ સર્ટીફિકેટ - આધાર કાર્ડ
- બેંક પાસબુક - જન્મ તારીખનો દાખલો
- મેડિકલ ઓફિસરનું પ્રમાણપત્ર - ગ્રીન કાર્ડ

# દિવ્યાંગ વ્યકિતઓ માટેની કલ્યાણકારી યોજનાઓ

## દિવ્યાંગોને ઈલેક્ટ્રીક સ્કૂટર સહાય યોજના

### કોને લાભ મળે

- દિવ્યાંગની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષ સુધીની હોવી જરૂરી છે.
- દિવ્યાંગતાની ટકાવારી ૪૦% કે તેથી વધુ તથા લાભાર્થીનું નામ બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ ના સ્કોર ધરાવતા હોવા જોઈએ.
- આ યોજનામાં ફક્ત અસ્થી વિષયક દિવ્યાંગ સ્ત્રી અને પુરુષ બન્નેને લાભ મળવાપાત્ર થશે.
- ઈલેક્ટ્રીક સ્કૂટર ખરીદવાની સહાય યોજનામાં લાભાર્થી દ્વારા તેઓએ મેળવેલ ઈલેક્ટ્રીક સ્કૂટર જો કંડમ થઈ ગયેલ હોય તો પાંચ વર્ષ બાદ જો અન્ય રીતે યોજનાનો લાભ મળવાપાત્ર ઠરતા હશે તો યોજનાનો લાભ પુનઃ મેળવવા અરજી કરી શકશે.
- દિવ્યાંગ વ્યક્તિ સમાજ સુરક્ષા ખાતાનું દિવ્યાંગ ઓળખકાર્ડ ધરાવતો હોવો જોઈએ.

### લાભ શું મળે ?

- દિવ્યાંગોને સ્કૂટર ખરીદવાની યોજના હેઠળ ઈલેક્ટ્રીક સ્કૂટર ખરીદવા બાબતે અરજદારની અરજી મંજૂર થયા બાદ ઈલેક્ટ્રીક સ્કૂટર ખરીદે ત્યારબાદ બીલ રજૂ કર્યા બાદ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી દ્વારા સહાયની રકમ D.B.T. મારફત અરજદારના ખાતામાં સીધી ચૂકવણી કરવાની રહેશે.
- ભારત સરકાર જે તે ડિલરોને સબસીડી ચૂકવતા, સબસીડી ડિલરના ખાતામાં જમા થશે. જે તે કંપની દ્વારા સબસીડીની રકમ કપાત કરી, બીલની રકમ ચૂકવવામાં આવશે. અરજદાર ઈલેક્ટ્રીક સ્કૂટર ખરીદે ત્યારબાદ બીલ રજૂ કર્યા બાદ સહાય મંજૂર કરી, સહાયની ચૂકવણી કરવામાં આવશે.
- દિવ્યાંગોને ઈલેક્ટ્રીક સ્કૂટર ખરીદવાની યોજના હેઠળ સ્કૂટરની બેઝીક કિંમત+ડીસેબલ કીટના ૫૦% અથવા રૂા.૨૫૦૦૦ ની મર્યાદામાં સહાય ચૂકવવાની થશે.



### કયા કયા પુરાવાઓ જોઈએ

- શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (સ્કૂલ લીવીંગ સર્ટીફિકેટ)
- બી.પી.એલ. દાખલાની ઝેરોક્ષ નકલ (૦ થી ૨૦ ના સ્કોરવાળી).
- રાષ્ટ્રીયકૃત બેંકની પાસબુકની પ્રથમ પાનાની નકલ.
- આધારકાર્ડ/રેશનકાર્ડની પ્રમાણિત નકલ.
- દિવ્યાંગ ઓળખકાર્ડ અથવા સિવિલ સર્જનશ્રીનો દિવ્યાંગતાનો દાખલાની પ્રમાણિત નકલ.

# દિવ્યાંગ વ્યકિતઓ માટેની કલ્યાણકારી યોજનાઓ

## દિવ્યાંગ વ્યક્તિઓને સાધન સહાય આપવાની કેન્દ્ર સરકારની યોજના (એડીપ યોજના)

### કોને લાભ મળે

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને.
- માસિક આવકના અન્ય સ્ત્રોત રૂા.૨૦,૦૦૦ થી વધુ ન હોવા જોઈએ.
- આશ્રિત હોય તેવા કિસ્સામાં માતા-પિતા/વાલીની માસિક આવક રૂા.૨૦,૦૦૦ થી વધુ હોવી જોઈએ નહીં.
- આ હેતુ માટે છેલ્લા ત્રણ વર્ષમાં જેઓને કોઈપણ પ્રકારની મદદ મળી ના હોય તેવા ૧૨ વર્ષની નાની ઉંમરના બાળકો માટે આ મર્યાદા એક વર્ષની રહેશે.

### કેટલો લાભ મળે

- કોઈપણ એક સાધન સહાય રૂા.૧૦,૦૦૦ ની મર્યાદામાં આપવામાં આવશે. (આધુનિક ઉપકરણની સહાય મળી શકે છે, જેમ કે ડેઝી બુક પ્લેયર, લેપટોપ અને ડિઝિટલ મેગ્નિફાયર. આ પ્રકારના ઉપકરણ નિષ્ણાંત સમિતિના સૂચન દ્વારા આપવામાં આવશે. જે ૧૦ વર્ષમાં એક વખત મળશે)
- ધોરણ-૯ થી ઉપર ભણતા વિદ્યાર્થીઓને કોઈપણ એક સાધન સહાય રૂા.૧૨,૦૦૦ ની મર્યાદામાં આપવામાં આવશે.
- સાધનો અને ઉપકરણો બેસાડવા સુધારાત્મક ઓપરેશન કરવાની જરૂર પડે તો નીચે મુજબની સહાય આપવામાં આવશે.
- સાંભળવાની અને બોલવાની તકલીફવાળી દિવ્યાંગ વ્યક્તિઓને રૂા.૫૦૦ થી રૂા.૧,૦૦૦.
- દ્રષ્ટિહીન દિવ્યાંગ વ્યક્તિઓને રૂા.૧,૦૦૦ થી ૨,૦૦૦.
- ઓર્થોપેડીક તકલીફવાળી દિવ્યાંગ વ્યક્તિને રૂા.૫,૦૦૦ થી ૧૦,૦૦૦
- બહુ દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને એકથી વધુ સાધન સહાયની જરૂર પડે ત્યારે દરેક સાધન માટે અલગ રીતે તેની મર્યાદા લાગુ પડશે.

### લાભ ક્યાથી મળે ?

- સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય, નવી દિલ્હીએ માન્યતા આપેલી સંસ્થાઓ દ્વારા.
- (પુછપરછ-જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, બહુમાળી ભવન, રાજકોટ)

### ક્યા ક્યા પુરાવા જોઈએ :

- ૪૦% દિવ્યાંગતાનું પ્રમાણપત્ર - આવકનું પ્રમાણપત્ર.
- દિવ્યાંગતા દર્શાવતો ફોટો - રહેઠાણનો પુરાવો.

# દિવ્યાંગ વ્યકિતઓ માટેની કલ્યાણકારી યોજનાઓ

## દિવ્યાંગ અકસ્માત વીમા યોજના

### લાભ કોને મળે

- આપઘાત કે કુદરતી મૃત્યુ સિવાય બીજી કોઈપણ રીતે લાભાર્થીઓનું મૃત્યુ થાય કે કાયમી અપંગ બને તો આ યોજનાનો લાભ વીમા પોલીસીની શરતોને આધીન રહીને મળવાપાત્ર થાય.

### કેટલો લાભ મળે

- આ યોજના હેઠળ આવરી લેવાયેલ દિવ્યાંગ વ્યક્તિઓ અથવા તેના પરિવારને રૂા.૧,૦૦,૦૦૦/- ની વીમા રકમની મહત્તમ મર્યાદામાં આ યોજના હેઠળ વળતર ચૂકવવાપાત્ર રહેશે. સામાન્ય જૂથ અકસ્માત વીમા પોલીસીની શરતોને ધ્યાનમાં રાખી વીમા રકમ નીચે મુજબના સંજોગોમાં મળવાપાત્ર થશે.
- અકસ્માતના કારણે મૃત્યુ/કાયમી સંપૂર્ણ દિવ્યાંગતાના કિસ્સામાં ૧૦૦ ટકા.
- અકસ્માતના કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ/પગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા.
- અકસ્માતના કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા.
- અકસ્માતના કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦ ટકા.

### વારસદારો :

- આ વીમા યોજના હેઠળ લાભાર્થીઓના વારસદાર તરીકે નીચે મુજબની વ્યક્તિઓ ક્રમાનુસાર રહેશે.

૧. પતિ અથવા પત્ની - તેમની ગેરહયાતીમાં

૨. તેમના બાળક પુત્ર/પુત્રી - તેમની ગેરહયાતીમાં

૩. તેમના મા-બાપ - તેમની ગેરહયાતીમાં

૪. તેમના પૌત્ર/પૌત્રી - ઉક્ત ૧, ૨, ૩ ની ગેરહયાતીમાં

૫. લાભાર્થી ઉપર આધારિત અને તેમની સાથે રહેતા અપરણિત અથવા વિધવા અથવા ત્યકતા બહેન.

૬. ઉપરોક્ત કિસ્સા સિવાયના તથા વિવાદાસ્પદ કેસમાં સંબંધિત લાભાર્થીઓને લાગુ પડતા વારસાધારા હેઠળ જાહેર થયેલ વારસદારો.

- ઉપરોક્ત કિસ્સામાં જો વારસદારો સગીર હોય તો તેમના નેચરલ ગાર્ડીયન/કાયદેસરના વાલીને વીમા રકમનું ચૂકવણું કરવાનું રહેશે.

# દિવ્યાંગ વ્યકિતઓ માટેની કલ્યાણકારી યોજનાઓ

**લાભ ક્યાથી મળે :**

- જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, રાજકોટ

**ક્યા ક્યા પુરાવા જોઈએ :**



- આ વીમા રક્ષણના લાભાર્થીના વારસદારે ઉપસ્થિત થયેલ દાવા માટે નીચે મુજબની કાર્યવાહી અનુસરવાની રહેશે.
- લાભાર્થીના મૃત્યુના કિસ્સામાં ઉપરોકત જણાવ્યા મુજબના વારસદાસ અથવા કાયમી અંપગતા કિસ્સામાં લાભાર્થીએ પોતે અકસ્માત તારીખના ૯૦ દિવસમાં નોડલ અધિકારી/સક્ષમ અધિકારીને આ યોજના હેઠળ નિયત કરેલ નમૂનામાં લેખિતમાં જાણ કરવાની રહેશે.
- દાવા અરજીની સાથે નીચે મુજબના દસ્તાવેજો જોડવાના રહેશે.
- વિકલાંગ ઓળખકાર્ડ.
- એફ.આઈ.આર. (F.I.R.)
- અધિકૃત તબીબનો પોસ્ર્ટમોર્ટમ રીપોર્ટ.
- જન્મ-મરણ નોંધણી અધિકારી દ્વારા આપવામાં આવેલ જે તે વ્યક્તિનું મરણનું પ્રમાણપત્ર.
- વિકલાંગ વ્યક્તિની વાર્ષિક આવક રૂા.૬,૦૦,૦૦૦/- થી ઓછી હોવાનું આવક પ્રમાણપત્ર.
- કાયમી અપંગતાના કિસ્સામાં સંબંધિત જિલ્લાના સિવિલ સર્જન/સ્થાનિક અધિકૃત તબીબી અધિકારીનું પ્રમાણપત્ર.
- જરૂર હોય ત્યાં ઉંમરનો પુરાવો (શાળા, કોલેજનું પ્રમાણપત્ર)
- અસાધારણ કેસમાં પોસ્ટ મોર્ટમ રીપોર્ટની અશક્યતાના કિસ્સામાં જિલ્લા કલેક્ટરશ્રીનું પ્રમાણપત્ર.

નોંધ : આ યોજના ગુજરાત સામૂહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના સાથે સંકળાયેલ છે.

# દિવ્યાંગ વ્યકિતઓ માટેની કલ્યાણકારી યોજનાઓ

## નિરામયા વીમા યોજના (દિવ્યાંગ વ્યક્તિઓ માટે વીમા રક્ષણ)

### લાભ કોને મળે

- ઓટિઝમ, સેરેબ્રલ પાલ્સી, મંદબુદ્ધિ અને બહુ વિકલાંગતા (મલ્ટીપલ ડિસેબિલીટી) ધરાવતા દિવ્યાંગ વ્યક્તિઓ.

### કેટલો લાભ મળે

- દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને વર્ષે રૂ.૧ લાખ સુધીનું રક્ષણ (જેમ કે હોસ્પિટલમાં દાખલ, ઓપરેશન, ઓપીડી, દવાઓ અને વાહન વ્યવહાર ખર્ચ)

### લાભ ક્યાથી મળે

- નેશનલ ટ્રસ્ટની સ્ટેટ નોડલ એજન્સી સેન્ટર

### ક્યા ક્યા પુરાવા જોઈએ

- દિવ્યાંગતાનું પ્રમાણપત્ર

### લાભ ક્યાંથી મળે

- ૧. માઈક્રો સેલ્યુલર રબ્બર પગરખાં (એમ.સી.આર.) - જિલ્લા રક્તપિત્ત અધિકારીશ્રી અથવા જિલ્લા ક્ષય અધિકારીશ્રીની કચેરી દ્વારા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.
- ૨. રિકન્સ્ટ્રક્ટિવ સર્જરી (આરસીએચ) વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.
- ૩. બહુઔષધીય સારવાર (એમડીટી) - તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, જનરલ હોસ્પિટલમાં વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

### ક્યા ક્યા પુરાવા જોઈએ

- એમ.સી.આર. પગરખાં - આ પગરખાં મેળવવા માટે રક્તપિત્તગ્રસ્ત જરૂરિયાતમંદ દર્દીને કોઈ આધાર પુરાવાની જરૂર રહેતી નથી.
- આર.સી.એચ.
- મેજર આર.સી.એચ. કરાવેલા રક્તપિત્તગ્રસ્તે, પોતે બીપીએલ કાર્ડ ધારક છે તેનો સક્ષમ અધિકારીશ્રીનો પુરાવો (બીપીએલ કાર્ડ) રજૂ કરવાનું રહેશે.
- ભારત સરકાર દ્વારા માન્ય સંસ્થામાં ઓપરેશન કરાવેલ છે તેનો દસ્તાવેજી પુરાવો

(૧) એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા (૨) નવી સિવિલ હોસ્પિટલ, અમદાવાદ

(૩) સિવિલ હોસ્પિટલ, સુરત.

- રક્તપિત્તગ્રસ્ત આર.સી.એસ. ઓપરેશન માટે હોસ્પિટલાઈઝેશન થયેલ છે તેનો પુરાવો.

# દિવ્યાંગ વ્યકિતઓ માટેની કલ્યાણકારી યોજનાઓ

## રાષ્ટ્રીય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમની યોજનાઓ

- આ નિગમની યોજનાઓ સમાજના તમામ વર્ગના દિવ્યાંગ ભાઇ-બહેનોને લાગુ પડે છે. આ યોજનાઓ હેઠળ દિવ્યાંગ ભાઇ-બહેનોને મુદતી ધિરાણ, શૈક્ષણિક હેતુ માટે ધિરાણ, માઇક્રોફાઇનાન્સ જેવી યોજનાઓ હેઠળ ધિરાણ ઉપરાંત વ્યવસાયી તાલીમની યોજનાઓ જેવી યોજનાઓ છે. રાષ્ટ્રીય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ તરફથી સમાજ સુરક્ષા ખાતા હેઠળ સ્ટેટ ચેનલાઇઝીંગ એજન્સી તરીકે ગુજરાત અલ્પસંખ્યાંક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડ, ગુજરાતનો આ કામગીરી સોંપવામાં આવે છે.

### લાભ કોને મળે

- અરજદાર ગુજરાતનો નિવાસી હોવો જોઇએ.
- અરજદાર ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા હોવા જોઈએ. (માન્ય પ્રમાણપત્ર હોવું જોઇએ)
- અરજદારની ઉંમર : ૧૮ થી ૬૦ વર્ષની હોવી જોઇએ.
- અરજદારના કુટુંબની વાર્ષિક આવક : જો ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા હોય તો રૂા.૩,૦૦,૦૦૦ થી વધુ હોવી જોઈએ નહીં અને જો તે શહેરી વિસ્તારમાં વસવાટ કરતા હોય તો રૂા.૫,૦૦,૦૦૦ થી વધુ હોવી જોઈએ નહીં.
- અરજદાર જે વ્યવસાય માટે ધિરાણ માંગતા હોય તે અંગેનો તેને પૂરતો અનુભવ અને લાગુ પડતો હોય તે વ્યવસાય માટે જરૂરી તાંત્રિક-શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઇએ.
- અરજદાર અથવા તેના કુટુંબના કોઇ વ્યક્તિએ ગુજરાત અલ્પસંખ્યાંક નાણાં અને વિકાસ નિગમ લિમીટેડ, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર સહિત રાજ્ય-કેન્દ્ર સરકારના કોઇ નિગમ-સંસ્થા અથવા બેંક પાસેથી સહાયિત ધિરાણ મેળવેલ હોવું જોઇએ નહીં.

### રાષ્ટ્રીય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમની ધિરાણ યોજનાઓમાં વ્યાજનો દર નીચે મુજબ રહે છે.

| ક્રમ | ધિરાણની રકમ | વ્યાજનો દર |
|---|---|---|
| ૧. | રૂા. ૫૦,૦૦૦ સુધી | ૫ ટકા |
| ૨. | રૂા. ૫૦,૦૦૧ થી રૂા. ૫,૦૦,૦૦૦ સુધી | ૬ ટકા |
| ૩. | રૂા. ૫,૦૦,૦૦૧ થી વધુ | ૮ ટકા |

નોંધ : મહિલા લાભાર્થીએ ૧ ટકો ઓછું વ્યાજ ચૂકવવાનું રહેશે.

# દિવ્યાંગ વ્યકિતઓ માટેની કલ્યાણકારી યોજનાઓ

## મુદતી ધિરાણ :

### ૧. સેવા અને વેપારના ક્ષેત્રમાં નાના વ્યવસાયો માટે ધિરાણ :

- વેપાર (ખરીદ વેચાણ)નો વ્યવસાય માટે ધિરાણ મર્યાદા રૂા.૧.૦૦ લાખ સેવા ક્ષેત્રના વ્યવસાય માટે ધિરાણ મર્યાદા રૂા.૩.૦૦ લાખ. આવા યુનિટમાં ન્યુનતમ ૧૫ ટકા નોકરી વિકલાંગ વ્યક્તિને આપવાની રહેશે.

### ૨. ખેતી વિષયક ધિરાણ :

- ધિરાણ મર્યાદા રૂા.૧૦.૦૦ લાખ. આમાં ખેતી ઉત્પાદન, સિંચાઇ, હોર્ટીકલ્ચર, રેશમ ઉદ્યોગ, ખેતી વિષયક સાધનોના ખરીદ-વેચાણનો વ્યવસાય, ખેત-ઉત્પાદનોના વેચાણ વગેરે વ્યવસાયો માટે ધિરાણ મળી શકે છે.

### ૩. વ્યવસાયિક હેતુ માટે વાહન ખરીદી અર્થે ધિરાણ :

- ધિરાણ મર્યાદા રૂા.૧૦.૦૦ લાખ.

### ૪. નાના ઉદ્યોગો માટે ધિરાણ

- ધિરાણ મર્યાદા રૂા.૨૫.૦૦ લાખ. આવા કિસ્સામાં ન્યુનતમ ૧૫ ટકા નોકરી વિકલાંગ વ્યક્તિને આપવાની રહેશે.
- મુદતી ધિરાણની ઉપરની તમામ યોજનાઓ માટે વ્યાજ સહિતની લોન પરત ચૂકવવા પાંચ વર્ષમાં ૬૦ એક સરખા માસિક નિયમિત હપ્તામાં વિલંબિત ચૂકવણા દંડનીય વ્યાજને પાત્ર થશે.

### ૪. નાના ઉદ્યોગો માટે ધિરાણ

- ધિરાણ મર્યાદા રૂા.૨૫.૦૦ લાખ. આવા કિસ્સામાં ન્યુનતમ ૧૫ ટકા નોકરી વિકલાંગ વ્યક્તિને આપવાની રહેશે.
- મુદતી ધિરાણની ઉપરની તમામ યોજનાઓ માટે વ્યાજ સહિતની લોન પરત ચૂકવવા પાંચ વર્ષમાં ૬૦ એક સરખા માસિક નિયમિત હપ્તામાં વિલંબિત ચૂકવણા દંડનીય વ્યાજને પાત્ર થશે.

### ૫. માઇક્રો ક્રેડીટ યોજના :

- આર્થિક રીતે નબળા વિકલાંગ ભાઇ-બહેનો કે જેઓ નાના પાયા પર વ્યવસાય કરવા માંગતા હોય તેઓને આ યોજના હેઠળ રૂા.૨૫,૦૦૦/- ની મર્યાદામાં ધિરાણ આપવામાં આવે છે. વ્યાજનો દર ૫ ટકા હોય છે. આ ધિરાણ સીધું લાભાર્થી અથવા તો સક્ષમ બિન સરકારી સંસ્થા મારફતે અપાય છે. પરત ચૂકવણી : ૩ વર્ષમાં એક સરખા ૩૬ હપ્તામાં, વિલંબિત ચૂકવણી પર દંડનીય વ્યાજ લાગુ પડશે.

### ૬. વ્યવસાયિક તાલીમ યોજના :

- આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિકલાંગ ભાઇ-બહેનો માટે તેમની નિપુણતા-કૌશલ્ય વધારવા પાંચ દિવસથી ૩ મહિનાની તાલીમનું આયોજન કરાય છે. રાષ્ટ્રીય નિગમની યોજના હેઠળ ધિરાણ મેળવેલ હોય તેવી વ્યક્તિ પણ આ યોજના હેઠળ તાલીમમાં જોડાઇ શકે છે.




પ્રકાશક

**જિલ્લા વહીવટી તંત્ર, રાજકોટ**